શ્રી ભદ્રંકર-

# પ્રવચન-સુધા

[ પ. પૂ૦ સ્વ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરે વિ. સં. ૨૦૦૬ની સાલમાં ખુશાલભવન ધર્મશાળામાં આપેલ મનનીય ૨૨ વ્યાખ્યાનોનો સંગ્રહ તથા શત્રુંજય લઘુકલ્પ સાર્થ ]


અવતરણકાર : સંપાદક :

કપૂરચંદ આર. વારૈયા

અધ્યાપક

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ પાલિતાણા (સૌરાષ્ટ્ર)



-: પ્રકાશક :-

શ્રી વિમલ પ્રકાશન ટ્રસ્ટ

C/o શ્રી ચંદ્રકાંત કાંતિલાલ શાહ

૧૧/ નવરંગ કોલોની, નવરંગપુરા, અમદાવાદ-૯

વિ. સં. ૨૦૩૮ ] મૂલ્ય રૂા. ૪-૦૦ [ પ્રત-૫૦૦

મુદ્રક : કાનજી બી. ડોડીયા ભગવતી પ્રી. પ્રેસ, પાલિતાણા (સૌ.)

# ※ વિષયાનુક્રમ ※


| | | |
|---|---|---|
| વ્યાખ્યાન | ૧ લું. | ૧ |
| ,, | ૨ જું. | ૭ |
| ,, | ૩ જું. | ૧૧ |
| ,, | ૪ થું. | ૧૫ |
| ,, | ૫ મું. | ૨૨ |
| ,, | ૬ ઠું. | ૨૮ |
| ,, | ૭ મું. | ૩૧ |
| ,, | ૮ મું. | ૩૪ |
| ,, | ૯ મું. | ૩૬ |
| ,, | ૧૦ મું. | ૩૮ |
| ,, | ૧૧ મું. | ૪૧ |
| ,, | ૧૨ મું. | ૪૪ |
| ,, | ૧૩ મું. | ૪૬ |
| ,, | ૧૪ મું. | ૫૫ |
| ,, | ૧૫ મું. | ૬૨ |
| ,, | ૧૬ મું. | ૭૧ |
| ,, | ૧૭ મું. | ૮૦ |
| ,, | ૧૮ મું. | ૮૭ |
| ,, | ૧૯ મું. | ૯૫ |
| ,, | ૨૦ મું. | ૧૦૨ |
| ,, | ૨૧ મું. | ૧૦૮ |
| ,, | ૨૨ મું. | ૧૧૨ |

શત્રુંજય લઘુકલ્પ સાર્થ ૧૨૦ થી ૧૨૮

# પ્રકાશકનું નિવેદન

વર્તમાન યુગમાં લોકોના જીવનમાં સાત્વિકતા, સદ્‌વિચાર અને સદ્‌વર્તનનું સર્જન કરે, ક્ષમા, નમ્રતા, સ્નેહભાવ, પરોપકાર, કૃતજ્ઞતા, આસ્તિકતા વિગેરે દૈવી ગુણો કેળવવાની તાલાવેલી જગાડે, એવા વિશિષ્ટ સાહિત્યની ઘણી જરૂરિયાત છે. એથીયે આગળ વધીને કહીએ તો લોકજીવનમાં પરમાત્મ-પ્રેમ-ભક્તિ, સાધુસેવા, દયાભાવ અને તત્ત્વજ્ઞાન પ્રત્યે વિશેષ અભિરુચિ જાગૃત થાય તેવું વાંચન પીરસવાની ખાસ જરૂર છે.

પૂ૦ પંન્યાસજી મહારાજશ્રીના પ્રવચનોનું પ્રસ્તુત લખાણ તત્ત્વપ્રેમી આત્માઓ માટે અતીવ ઉપકારી બને તેવું છે. તેઓશ્રીના લખાણમાં પાને પાને અને વાકયે વાકયે શાસ્ત્ર, યુક્તિ અને અનુભવપૂર્ણ અપૂર્વ તત્ત્વચિંતન પીરસવામાં આવ્યું હોય છે. જેનું સ્વસ્થ ચિત્તે આસ્વાદન કરવાથી આપણી જન્મોજન્મની તૃષ્ણા શમી જાય છે, વિષય-કષાયના ઉકળાટ શાંત થઈ જાય છે અને ચિત્ત અસંત પ્રસન્ન અને પવિત્ર બને છે. અનુભવસિદ્ધ એક મહાન તત્ત્વચિંતક મહાત્મા પુરૂષના પ્રવચનોની આલેખાયેલી આ વિચારધારા આપણને તત્ત્વચિંતનની કોઇ નવી દુનિયાનું દર્શન કરાવે છે. આપણા કલ્યાણના દ્વાર ખોલી આપે છે.

"પ્રવચન સુધા" નામના આ પુસ્તકમાં પૂજ્યપાદ પંન્યાસ મ.ના બાવીશ વ્યાખ્યાનોનો સુંદર સંગ્રહ થયેલો છે.

પૂ૦ પંન્યાસજી મહારાજ સાહેબના હાથે લખાયેલ અને સંગ્રહીત થયેલ આવું ઉત્તમ સાહિત્ય વધુ ને વધુ પ્રગટ કરવાનું સૌભાગ્ય અમને સદા મળતું રહે અને તે દ્વારા આપણા સૌના જીવનમાં તત્ત્વનો પ્રકાશ પથરાતો રહે અને આપણે બધા નિર્વિઘ્નપણે મોક્ષ માર્ગમાં આગળ વધતા રહીએ એજ મંગલ મનોકામના !!!

લિ. **શ્રી વિમલ પ્રકાશન ટ્રસ્ટના ટ્રસ્ટી ગણ.**

# 卐 પ્રાપ્તિ સ્થાનો 卐

(૧) **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર**
મુ. **શંખેશ્વર**. વાયા : હારીજ, (ઉ. ગુજરાત) ૩૮૪૨૪૬

(૨) **સોમચંદ ડી. શાહ**
જીવન નિવાસ સામે, **પાલિતાણા**–૩૬૪૨૭૦ (સૌરાષ્ટ્ર)

(૩) **શ્રી સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી. પહેલે માળે, ઝવેરી બજાર,
**મુંબઇ**–૪૦૦૦૦૨

(૪) **સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના, **અમદાવાદ**–૩૮૦૦૦૧

(૫) **શાહ જસવંતલાલ ગીરધરલાલ**
૩૦૯/૪, ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
**અમદાવાદ**–૩૮૦૦૦૧


(૬) **ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય**
કુવારા સામે, ગાંધી માર્ગ, **અમદાવાદ**–૩૮૦૦૦૧

(૭) **મેઘરાજ પુસ્તક ભંડાર**
૨૧૯/એ, કીકા સ્ટ્રીટ, ગોડીજી ચાલ,
**મુંબઈ**–૪૦૦૦૦૨

(૮) **પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર**
ઠે. તળેટી રોડ, કુવારા સામે, **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

(૯) **શ્રી પાનાચંદભાઇ**
**C/o ભારત મેડીકલ સ્ટોર**
જુના નાગરદાસ રોડ, કેદારનાથ ભુવન,
અંધેરી (ઇસ્ટ) **મુંબઇ**–૪૦૦૦૬૯

શ્રી નમસ્કાર મહામંત્રના પરમ આરાધક
પ્રશાન્ત મૂર્તિ, પરમકૃપાળુ, ગુરૂદેવ, પૂજ્યપાદ,



પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરશ્રી

# પ્રવચન સુધા : બે બોલ :

'પ્રવચન સુધા' નામના પુસ્તકમાં વિ. સં. ૨૦૦૬ની સાલમાં શ્રી સિદ્ધગિરિની પવિત્ર છાયામાં આવેલા શ્રી પાલીતાણામાં પરમ પૂજ્ય ગુરુદેવ પંન્યાસજી ભગવંત **શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીએ** જિનાજ્ઞાસારગર્ભિત જે પ્રવચનો આપેલાં હતાં તેનો સંગ્રહ ધાર્મિક અધ્યાપક, ધર્મશ્રદ્ધાળુ, **પંડિતશ્રી કપૂરચંદભાઇ વારૈયાએ** કાળજીપૂર્વક કર્યો હતો. આજે બત્રીશ વર્ષ પછી તે સંગ્રહ આ પુસ્તકમાં પ્રગટ થઇ રહ્યો છે, તે ખૂબ આનંદનો વિષય છે.

આ પ્રવચનોમાં શ્રી નવકાર મહામંત્રનો મહિમા છે. શ્રી અરિહંતભક્તિ છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજયતીર્થનો પ્રભાવ પણ આમાં છે.

શાસ્ત્રસાર ગર્ભિત આ પ્રવચનોમાં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું યથાર્થ નિરૂપણ છે. ઉપાદાન કારણ અને નિમિત્ત કારણનું તાત્ત્વિક વિશ્લેષણ છે. ભાવને સુધારવામાં શુદ્ધ દ્રવ્ય જે ભાગ ભજવે છે, તેનું હૃદયસ્પર્શી પ્રતિપાદન છે.

આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ સ્વામી, જાણે ગઇ કાલે જ થઈ ગયા હોય તેવું ભાવનિકટવર્તિત્વ આ પ્રવચનોમાં પૂજ્યશ્રીએ તેમના ઉપકારોની હારમાળા રજુ કરીને ખીલવ્યું છે.

પોતપોતાની કક્ષાને અનુરૂપ ધર્મારાધના કરવાથી જ આત્મા ઉંચા ગુણસ્થાનકે પહોંચી શકે છે, તે શાસ્ત્રીય વિધાનની તર્કસંગત દૃષ્ટિ પૂજ્યશ્રીએ આ પ્રવચનોમાં સ્પષ્ટ કરી છે.

એક રથના બે પૈડા જેવા વ્યવહારનય અને નિશ્ચયનય પોત-પોતાને સ્થાને એક સરખા ઉપકારક છે. નિશ્ચય આંખના સ્થાને છે, વ્યવહાર પગના સ્થાને છે. આ સ્થાનોમાં અદલાબદલી કરી દેવાય તો જીવ એક તસુ જેટલી પણ પ્રગતિ ન સાધી શકે, પણ તેની પીછેહઠ થાય. ઉપકારક આ મુદ્દાની તાત્ત્વિક છણાવટ આ પ્રવચ-નોમાં છે.

જેના મનરૂપી વનમાં નમસ્કારરૂપી કેસરીસિંહનું બચ્ચું રમણ કરે છે, તેના મનમાં દુઃખ દારિદ્રરૂપી હાથીઓનાં ટોળાં કે સંકલ્પ–વિકલ્પનાં જાળાં ફરકી શકતાં જ નથી. એમ કહીને પૂજ્યશ્રીએ મહામંત્ર શ્રી નવકારને ત્રિવિધે સમર્પિત થવાથી મળનારા આત્મિક લાભો સમજાવ્યા છે.

ત્રણ જગતના ત્રણ કાળના સર્વશ્રેષ્ઠ પુરુષોમાં પણ સર્વોત્તમ એવા શ્રી અરિહંત પરમાત્માને ઉત્કૃષ્ટભાવે, દેહમાં ઉત્કૃષ્ટ એવા મન પદાર્થનું દાન કરવું તે તેમના ઉપકારોને સાચો નમસ્કાર છે દવા લાગુ પડે છે તો ક્ષય રોગ પણ જાય છે તેમ શ્રી નવકાર આત્માને લાગુ પડે છે તો ભવરોગનો પણ ક્ષય થાય જ છે. જીવના ઉત્કૃષ્ટ હિતની પાયાની આ વાતો આ પ્રવચનોમાં ગુંથાએલી છે

આંતરિક અશુદ્ધિની ભયંકરતા વર્ણવીને, આંતરિક શુદ્ધિની ભદ્રંકરતા એવી સરસ અને સચોટ રીતે વર્ણવી છે કે, દુર્વિચાર કરતાં આપણે શરમાઈ જઈએ. ઇન્દ્રિયોના વિષયોને મન આપતાં આંચકા લાગે.

'આ મનુષ્યજન્મમાં જ સંયમની સાધના થઈ શકે છે' એમ કહીને સકળ લોકમાં માનવભવ શ્રેષ્ઠ કેમ છે તે હકીકત સુંદર રીતે સમજાવી છે. અને તે પણ કહ્યું છે કે જો તેનો ઉપયોગ ધર્મની આરાધનામાં કરવામાં ન આવે તો જીવ એવો પડે કે ફરી પાછો માનવભવ કયારે પામે તે જ્ઞાની ભગવાન જ કહી શકે.

આ કાયાને ધર્મ અને મોક્ષ એ બે પુરુષાર્થ શોભાવે છે. અર્થ અને કામ એ લજાવે છે, એમ કહીને માનવભવને સાર્થક કરવાના શ્રેષ્ઠ ઉપાયો બતાવ્યા છે. સામાયિક અને સાધુજીવનની સાધુતાને સ્પર્શતી ઉપકારક પ્રરૂપણા આ પ્રવચનોમાં છે.

શ્રી જયવીયરાય સૂત્રમાં શ્રી અરિહંત પરમાત્મા પાસે ભવનિર્વેદાદિ જે આઠ વસ્તુઓની માંગણી કરવામાં આવી છે તેની

તાત્ત્વિક છણાવટ આ પ્રવચનોમાં છે. ભવનિર્વેદ પ્રાપ્ત થઈ જાય તો જીવને, મુક્તિ વિરહ જરૂર સાલે. મુક્તિ માટેનો તલસાટ પેદા કરનારું તત્ત્વામૃત આ પ્રવચનોમાં ઠેર ઠેર પીરસાએલું છે.

શ્રી તીર્થંકર પરમાત્માના મૂળ ચાર અતિશયોનું વર્ણન કરીને તેમના વિશ્વસ્વામિત્વનું યથાર્થ નિરૂપણ પણ આ પ્રવચનોમાં છે.

તારક તીર્થોની વધુ ને વધુ યાત્રા કરવાના ભાવ જાગે તેવી અદ્ભુત સુધા આ પ્રવચનોમાંથી ઝરે છે.

દેવ–ગુરુ–ધર્મની સામગ્રીયુક્ત માનવભવની એક એક સેકંડનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સદુપયોગ કરવાની ચાનક આ પ્રવચનો લગાડે છે.

જીભને સ્વાધ્યાયરસ, મનને મૈત્રીરસ, હૃદયને ભક્તિરસ, અને કાયાને સેવારસ આ પ્રવચનોના ચિંતન–મનનથી સેવવા જેવા લાગે છે.

સંસારના ત્રિવિધ તાપમાંથી જન્મેલી ભાવ તૃષાને શમાવવા માટે આ પ્રવચનો અમૃતના પ્રવાહ જેવા છે. આ પ્રવચનસુધાના વાંચન-મનન-ચિંતનથી આત્મા સરળતાથી અશુભ ભાવોથી નિવૃત્ત થઈ શુભ ભાવોમાં રમણતા કરનારો બને છે

આત્માના ઘરનું અજવાળું પીને તૃપ્ત થયેલા પરમાત્મપ્રીતિ-પ્રાપ્ત પૂજ્યશ્રીના આ પ્રવચનસુધાબિંદુઓ આપણા ઘરોમાં વધુ ને વધુ વંચાય અને સૌને આત્માનું ભાવ આરોગ્ય પ્રાપ્ત થાય એ જ શુભાભિલાષા.

જે ખાણમાં ધર્મનો પ્રભાવ વિસ્તારનારા આવા ગુરુદેવ પંન્યાસજી મ. જેવા સાચા હીરાઓ પાકયા છે. પાકે છે અને પાકવાના છે તે શ્રી જિનશાસનનો ત્રિવિધે કોટિ કોટિશઃ પ્રણામ ! ! !

૧૧. નવરંગ કોલોની,
નવરંગપુરા અમદાવાદ–૯
વિ. સં. ૨૦૩૮ વસંતપંચમી

પં. કુંદકુંદવિજય ગણી

# પૂજ્યપાદ પંન્યાસજી પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીનાં પ્રગટ થયેલ પુસ્તકોની

## — સૂચિ —


૧ જૈન માર્ગની પિછાન
૨ નમસ્કાર મહામંત્ર
૩ પરમેષ્ઠિ નમસ્કાર
૪ અનુપ્રેક્ષા (કિરણ ૧-૨-૩ સાથે)
૫ નમસ્કાર મીમાંસા
૬ નમસ્કાર દોહન
૭ જિન-ભક્તિ
૮ દેવ દર્શન
૯ પ્રતિમા-પૂજન
૧૦ પ્રાર્થના
૧૧ પ્રતિક્રમણની પવિત્રતા
૧૨ ધર્મ શ્ર
૧૩ આરાધનાનો માર્ગ
૧૪ આસ્તિકતાનો આદર્શ
૧૫ નાસ્તિક મતનું નિરસન
૧૬ શ્રી મહાવીર દેવનું જીવન
૧૭ તત્ત્વ દોહન
૧૮ તત્ત્વ પ્રભા
૧૯ મનન મા
૨૦ મંગલ-વાણી
૨૧ પ્રવચન સુધા


વિશેષ માહિતી માટે શ્રી વિમલ પ્રકાશન ટ્રસ્ટને પૂછાવવું.

# પ્રવચન—સુધા

[સ્વ. પ પૂ૦ પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીએ ખુશાલ ભુવન ધર્મશાળામાં સં. ૨૦૦૬ની સાલમાં આપેલ વ્યાખ્યાનો ]
અવતરણકાર :— કપુરચંદ આર. વારૈયા—પાલિતાણા.

## વ્યાખ્યાન ૧ લું

( સ્થળ—ખુશાલભુવન પાલિતાણા. સં. ૨૦૦૬ પોષ વદ ૩ તા. ૭—૧—૫૦ )

**जीयात् पुण्यांगजननी, पालनी शोधनी च मे ।**
**हंसविश्रामकमलश्री—सदेष्टनमस्कृतिः ॥**

જેમ શ્રાવકોને **न्यायसंपन्नविभव** વગેરે વ્યવહારશુદ્ધિ જોઇએ તેમ સાધુઓને ૪૭ દોષરહિત આહારશુદ્ધિ જોઇએ. બધો આહાર—શુદ્ધ હોય તેમાં આધાકર્મી દોષ યુકત એક કણીયો હોય તો બધો આહાર અશુદ્ધ ગણાય. જેમ વિષ્ટાનો એક કણીયો દુધપાકમાં પડે તો તે ત્યાજ્ય બને, તેમ વસ્ત્રમાં પણ વિષ્ટાનો કણીયો પડે તો તે શુદ્ધ કર્યા વિના તે વસ્ત્રથી દેવપૂજા કે સ્વાધ્યાય ન થાય. દ્રવ્યશુદ્ધિ વિના ભાવશુદ્ધિ થતી નથી. કારણકે મનુષ્યનું મન કોમળ છે. તેથી જેવા દ્રવ્યના સંબંધમાં આવે તેવી ભાવનાથી તે વાસિત બને છે. તેવી રીતે આધાકર્માદિક દોષથી યુક્ત આહાર મુનિને ત્યાજ્ય બને છે.

સરોવરમાં એક કાંકરો નાંખે એક કુંડાળું પડે, તે વારંવાર નવાં કુંડાળાં ઉત્પન્ન કરી આખું સરોવર કુંડાળામય બનાવે, તેમ જીવને પણ ભાવરૂપી કુંડાળાથી જુની કર્મપ્રકૃતિ અને નવી પ્રકૃતિઓ જે મંદરસવાળી હોય તે તીવ્રરસવાળી બને, તીવ્રને તીવ્રતર બનાવે, આથી મનના ભાવને સાચવવા મુનિઓ અપ્રમત્ત રહે છે.

ભાવ એટલે શું ? ભાવ એટલે મનનો તરંગ. વર્તમાનકાળનો સંસારી આત્મા. સારૂં વચન સાંભળતાં સારો ભાવ થાય. નબળું વચન સાંભળતાં નબળો ભાવ થાય. ભાવ=પરિણામ. મનની અવસ્થા વિશેષ. તે અવસ્થા કોમળ, ચંચળ, ભાવુક છે. ભાવને રોકવાની શક્તિ વીતરાગ પરમાત્મા અને પુદ્દગલમાં જ છે. પુદ્દગલમાં ભાવ નથી મુનિઓના ચિત્ત પણ અનાદિની વાસનાને લીધે ચલિત થઇ જાય છે. જેમકે પ્રસન્નચંદ્ર રાજર્ષિ. કારણકે જીવનો સ્વભાવ જ એવો છે કે–તેને જેવી સામગ્રી મળે તે પ્રમાણે તેનો પલટો થઇ જાય છે. તેના પર કાબુ મેળવવો તે જ પરમ પુરુષાર્થ છે. તે માટે જ્ઞાન, ધ્યાન, તપ વગેરે અનુષ્ઠાનો છે. **મન સાધ્યું તેણે સઘળું સાધ્યું** ભાવને બગાડનારી સામગ્રીઓથી દૂર રહેવું જોઇએ. ભાવ નિમિત્તકારણોથી આત્મામાંથી ઉત્પન્ન થાય છે.

વિપરીત સામગ્રીથી પણ ભરતચક્રવર્તી વિગેરેની જેમ કોઇક વખત સારો ભાવ ઉત્પન્ન થાય, પણ તે માટે પૂર્વની આરાધના, અભ્યાસ તેમજ ઉપાદાન કારણ શુદ્ધ હોવાથી

તેને અવળી સામગ્રીથી પણ સારો ભાવ થયો. પણ એ અપવાદરૂપ છે.

**ક્ષીણમોહદશા ન આવે ત્યાંસુધી** વિભાવદશા છે. ભરત ચક્રવર્તિને રાગવાળી સામગ્રી હોવા છતાં વૈરાગ્ય થયો. પ્રસન્નચંદ્ર રાજર્ષિને વિરાગની સામગ્રી હોવા છતાં રાગ થયો પણ તેને દુર્મુખનાં વચન સાંભળવાનું નિમિત્ત મળવાથી તેવો તીવ્ર અશુભ પરિણામ થયેલ છે

પણ આવા કાર્ય–કારણભાવ અપવાદરૂપ છે. ઝેરથી પણ કોઇ બચી જાય પણ તે અપવાદરૂપ છે. ભરત ચક્રવર્તિએ પૂર્વભવમાં સંયમની વિશુદ્ધ આરાધના કરી હતી ત્યાંથી સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં ગયા અને ત્યાંથી અહીં ઉત્પન્ન થયા હતા. પ્રત્યેકબુદ્ધ લીલું વૃક્ષ જુવે, બીજીવાર તે સુકાયેલું જુવે અને વૈરાગ્ય થાય, જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વભવ જુવે અને વૈરાગ્ય થાય, કોઈ મૃતકને જોઇ વૈરાગ્ય થાય, કારણકે ઉપાદાન જાગૃત હોવાથી અલ્પ સામગ્રીથી સારો ભાવ આવે. ઉપાદાન જાગૃત ન હોય તો વધારે સામગ્રીથી પણ સારો ભાવ ન આવી શકે.

દ્રવ્યની મમતાવાળાને દ્રવ્યસ્તવ કર્યા સિવાય ભાવ ઉત્પન્ન થવો કઠીન હોવાથી તેને દ્રવ્યસ્તવની ખાસ જરૂરીઆત છે. મુનિઓને માટે કેવળ ભાવસ્તવ છે. ગૃહસ્થોને દ્રવ્યસ્તવ પછી ભાવસ્તવ છે. દ્રવ્યસ્તવ વિના ભાવસ્તવ કરવા જાય તો નિષ્ફળ નિવડે માટે જેના ઉપર મમતા છે, તે તારકના ઉપયોગમાં આવ્યા સિવાય તે મમતા ઉતરતી નથી માટે

શુભ દ્રવ્ય એ શુભ ભાવનું કારણ છે. અશુભ દ્રવ્ય અશુભ ભાવનું કારણ છે. કવચિત્ વિપરીત થાય તેમાં ઉપાદાન કારણ છે. મુનિને જોતાં કોઇને અમંગળપણાની બુદ્ધિ થાય તો તે આત્માનું ઉપાદાન શુદ્ધ નથી. કર્મથી બંધાયેલ તે આત્માનું ઉપાદાન શુદ્ધ નથી. તેવા આત્માઓના કર્મનો અને ભવસ્થિતિનો વિચાર કરવો પણ તેવા આત્મા ઉપર દ્વેષ ન કરવો પણ કરુણાભાવ લાવવો.

પરંતુ આપણા આત્મામાં અશુભભાવ થાય તો કર્મ ઉપર નહીં જોતાં આત્માનો દોષ જોવો જરૂરી છે. નહીં તો સુધારો થવો મુશ્કેલ છે. કર્મનો વાંક કાઢવા જઇએ તો આત્મવીર્ય થોડું હોય તે પણ મરી જાય ખાવા-પીવા વગેરેની તૃષ્ણાથી તિર્યંચ કરતાં પણ અધમાધમ બની જાય.

દ્રવ્યની અસરથી જ્યાં સુધી મુક્ત નથી ત્યાં સુધી દ્રવ્ય વગર ભાવ આવતો નથી. તેવો દ્રવ્ય વગરનો ભાવ દાંભિક ભાવ હોય છે. આત્માના ઉત્કર્ષ માટે સાચો ભાવ ખપે. સાચો ભાવ દ્રવ્યના સેવનપૂર્વક થાય છે.

જીવરૂપી સરોવર i ભાવરૂપી કુંડાળું બધી પ્રકૃતિ-ઓમાં ફેરફાર કરી નાંખે છે. આથી સૌથી વધારે રક્ષા કરવા લાયક મનના ભાવ છે

સામગ્રી સિવાય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઉત્પન્ન થતાં નથી. જ્ઞાનના અભાવે તેના સૂક્ષ્મ કારણો જીવ જાણતો નથી. જગત્માં કોઈપણ કાર્ય ઉત્પન્ન થાય તે ઉપાદાન અને નિમિત્ત સિવાય થતું નથી.

કાર્ય એટલે જુની અવસ્થા ટળી નવી અવસ્થા થવી. ભાવમન એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના સર્વ જીવને હોય. દ્રવ્યમન ફક્ત સંજ્ઞિ પંચેંદ્રિય જીવને હોય છે.

દ્રવ્યથી ભાવમાં ફેરફાર થાય અને ભાવથી પણ દ્રવ્યમાં ફેરફાર થાય. પરસ્પરની અસર જગત્‌માં ચાલુ જ છે.

પારસમણિના સ્પર્શથી લોઢું સોનું થાય પણ કાટ ચઢેલા લોઢાનું સોનું ન થાય. તેવી રીતે જીવની યોગ્યતા ઓછી હોય તો શુદ્ધ દ્રવ્યથી પણ સારો ભાવ ન આવે.

**પ્રશ્ન** :- તો ઉપાદાનથી જ બધું થાય ?

**ઉત્તર** :- ના, એમ પણ નથી કારણકે ઉપાદાનથી જ બધું થતું હોય તો માણસ અનાજને બદલે સોમલ કેમ ખાતો નથી ગાય ઘાસ ખાય અને તેનું દુધ થાય છે અને માણસ દુધ ખાય છે તેની વિષ્ટા થાય છે. તેનું કારણ શું ? નિમિત છે, તેની ઉપયોગિતા છે.

જ્ઞાની પુરુષોએ ઉપાદાન મુખ્ય કારણ હોવા છતાં નિમિત્તો ઉપર ઘણો ભાર મૂકયો છે, નિમિત્તો સાચવવા ઘણો પ્રયત્ન કરેલ છે.

વસ્તુપાલ મંત્રી મહાકવિ-મહાપંડિત હતા. ઉપાદાન શુદ્ધ હતું છતાં ગિરિરાજ શત્રુંજયની ૧૨ાા યાત્રા કરી, ગિરિરાજ જડ હોવા છતાં સોના, ચાંદી, હીરા, મોતી વગેરેથી પૂજે છે કારણકે તેઓ જાણતા હતા કે- આ નિમિત્તથી અનેક જીવો તર્યા છે, તરે છે અને તરવાના છે.

સિદ્ધિવધૂ વરમાળા સિદ્ધગિરિ છે, સિદ્ધશિલા સમાન

છે, ધર્મભાવોને ટકાવવામાં સાધનભૂત નિમિત્ત છે. નિમિત્ત ચાર પ્રકારે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

શાસ્ત્ર ઉપર વિશ્વાસ વગરના માણસો પોતાના શ્રદ્ધાના પરિણામ ટકાવી શકયા નથી. બીજાના પરિણામને પણ ડોળી નાંખે છે.

સારું પણ નિમિત્ત શુભભાવ ઉત્પન્ન ન કરે તો નિમિત્તનો દોષ ન કાઢતાં પોતાના ઉપાદાનનો દોષ જોવો. આ ક્ષેત્ર તરવા માટે ઉત્તમોત્તમ નિમિત્ત છે.

તરસ્યો માણસ ઝાઝરૂમાં બેસીને પાણી પીવું પસંદ નહિં કરે, કારણ ક્ષેત્રની અસર માનવી જ પડે.

ભૂખ્યો માણસ જંગલમાં મડદું બળતું હોય તેના અગ્નિથી રસોઇ કરતો નથી. કારણ ક્ષેત્રની અસર છે.

અનેક હત્યા કરનાર-ઘોર પાપ કરનારા પણ આ તીર્થમાં તરી ગયા છે, તે આ ક્ષેત્રનો પ્રભાવ છે.

## વ્યાખ્યાન બીજું

(સ્થળ–ખુશાલ ભુવન પાલીતાણા પો. વ. ૪ તા. ૮–૧–૫૦)

**जीयात् पुण्यांगजननी०**

ભાવ ઉત્પન્ન કરવા ક્રિયા જોઇએ. **મંત્રશક્તિ એટલે છૂપાયેલી શક્તિને પ્રગટ કરવી.** છોકરો નિશાળે જાય તો ભણી શકે, પણ માસ્તરને ઘેર બોલાવી ભણે તે નિશાળના ભણનારની માફક ન ભણી શકે. કારણકે તે માટે આદર જોઇએ.

જૈનશાસનમાં વિધિ છે. ભણનારે ભણાવનાર પાસે જવું જોઇએ. તે વિના બરાબર ભણી ન શકે. ગુરુ ઉપર બહુમાન રાખનાર ગુહ્ય શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. ઘેર બેસી ચોપડા વાંચનારને વિદ્યા પ્રાપ્ત ન થાય. ૧૨ વર્ષ વિદ્યા ભણ્યા પછી પુસ્તકની જરૂર ન પડે. ગુરુઓની સેવા કરી સામે પગલે જઇ વિદ્યા મેળવનારની વિદ્યા સફળ થાય છે.

મંત્ર ઝેર દૂર કરનાર છે, ઔષધ રોગ દૂર કરનાર છે. મંત્ર જાણનારના હૃદયમાં કરુણા હોવી જોઇએ. શ્રી હરિભદ્રસૂરિજી કહે છે કે– અયોગ્યને વિદ્યા આપવી નહિ. **पयःपानं भुजङ्गानां** એ ન્યાયે. સર્પને દુધ પાવાથી અનેક જીવો નાશ પામે.

પ્ર૦ બીજા જીવોને આપવાથી પણ હિંસા થાય, તો શું કરવું?

ઉ૦ પોતે આહાર કરવાથી પણ જીવહિંસા થાય તો

પોતે બંધ કેમ નથી કરતાં? એટલે ગાય અને સર્પમાં ફેર છે. બીલાડી અને ઉંદરમાં ફેર છે કબુતર ને ગીધમાં ફેર છે. વાઘ–સિંહને ખાવા ન અપાય. તેઓ પાસે એવી સામગ્રી છે કે ગમે તેનો નાશ કરી પોતાનું ભક્ષ્ય મેળવે છે. તમારે ગાય-ભેંસને પોષણ આપવું જોઇએ. ઝેરી મનુષ્યને–હિંસક કસાઈ વગેરેને પણ પોષણ આપવાથી પાપના ભાગીદાર થવાય છે.

અતિક્લિષ્ટ અધ્યવસાયવાળાનું પોષણ કરવું તે કુપાત્રનું પોષણ કહ્યું છે. બીજા અપાત્ર છે. અપાત્રને અનુકંપાથી આપવાનું છે. પાત્ર–રત્નપાત્રને ભક્તિથી આપવાનું પણ દુઃખીયા કુપાત્ર–અપાત્ર વગેરેને અનુકંપાથી આપવું કારણકે તે ધર્મ પ્રભાવનાનું બીજ છે.

સિંહ મરવા પડયો હોય તો પણ તેનામાં અનેક હાથીઓને મારવાની શક્તિ હોય, જેમ માણસ મરવા પડયો હોય છતાં તેનામાં માખીને ચપટીમાં મસળવાની તાકાત હોય છે, તે હિંસક જીવો મનુષ્યની અનુકંપાની અપેક્ષા રાખતા નથી કુદરતની અપેક્ષા રાખે છે. દુઃખીને જોઇને જે દયા આવે તે અનુકંપા.

પ્ર૦ કોઇ ભૂખ્યો માણસ અર્ધી રાત્રે આવી ખાવા માંગે તો આપવું કે કેમ?

ઉ૦ રાત્રે ન આપવું. તેને કહેવું કે–પૂર્વકર્મના ઉદયથી તને ખાવા મળતું નથી, સવારે તને સારું ખાવાનું આપીશ. રાત્રે ખાવાથી પાપ લાગે છે. તેમ સમજાવવું.

છતાં દીન અને દુઃખી હોય તો અન્ન નિષેધ પણ ન કરાય. કારણકે ગૃહસ્થને માટે તે પણ એક ધર્મ છે. ગૃહસ્થને યથોચિત કરવાનું કહ્યું છે.

તપશ્ચર્યા કરનારે–ઉપવાસ કરનારે બીજા જીવોને તો સારી રીતે ખાવા આપવું જોઇએ. તેથી પોતાનો ત્યાગભાવ દૃઢ રહે છે, નિષેધ કરવાથી ત્યાગમાર્ગ શીથીલ બને છે.

દુઃખીને ફક્ત જીવાડવા માટે આપવાનું નથી પણ તેના દુઃખના સમયમાં આપણી પાસે સામગ્રી હોય તો આપવું જોઇએ, નહીંતર આપણા પરિણામ નિર્ધ્વંસ બને છે. **खुहासमा वेयणा नत्थि** ભૂખ સમાન બીજું કોઇ દુઃખ નથી. તે દુઃખ વખતે મદદ કરવાથી આપનાર ઉપર, ધર્મ ઉપર શાસન ઉપર અને શાસનના સ્થાપક તીર્થંકર વગેરે ઉપર તેને પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે. માટે અનુકંપાનું માહાત્મ્ય ઘણું બતાવ્યું છે. અનુકંપા સમ્યક્ત્વનું બીજ છે. કારણ છે. રાત્રિભોજનનો ત્યાગ એ વ્રતરૂપી કલ્પતરુ છે. તે કલ્પતરુને ટકાવવા બીજ મજબુત જોઇએ. અનુકંપા એ બોધિબીજનું કારણ છે.

પ્ર૦ જે જેરી અને શીકારી જંતુ છે, તેની જરૂરીઆત ઓછી છે?

ઉ૦ સર્પ વગેરે જેરી છે, તે પણ દબાવ્યા વગર કરડવા ઇચ્છતા નથી, સિંહ–વાઘ વગેરે પણ કારણ વિના કોઇને મારતા નથી. અધિક ઇચ્છા કરનાર કરતાં તે ઓછા જેરી છે.

ઝેર ઉતારનારની કિંમત, પીડિતોને ઘણી હોય છે, તેમ નવકારમંત્રની કિંમત પણ કર્મરૂપી ઝેરને ઉતારવા ઇચ્છનારને ઘણી છે. બીજા મંત્રો લોકોત્તર કલ્યાણ કરી શકતા નથી જ્યારે આ મંત્ર લોકોત્તર કલ્યાણ કરે છે, મિથ્યાત્વ, અવિરતિ વગેરે અભ્યંતર વિષને ઉતારનાર આ નવકારમંત્ર છે.

નવકારમંત્રને જેમ જેમ મનન કરવામાં આવે, તેમ તેમ તેનામાં રક્ષણ કરવાની તાકાત વધે. જેમ પીપરને વધારે વધારે પટ લગાડવામાં આવે તેમ તેમ તેમાં વધારે ગુણ આવે. તેવી રીતે નવકારમંત્રને વધારે વધારે મનન કરવાથી, તેનું વધારે ભક્તિ–બહુમાન કરવાથી તે વધારે ફળ આપે. મંત્રોનો જાપ સઘળાં કષ્ટો દૂર કરવા ઘણી શક્તિ ધરાવે છે. અનેક પ્રકારના વ્યાધિઓ મંત્રજાપથી દૂર થાય છે. એમ જૈનેતર દર્શનો પણ માને છે.



## વ્યાખ્યાન ત્રીજું

(સ્થળ-ખુશાલભુવન-પાલિતાણા તા. ૧૦-૧-૫૦
સં. ૨૦૦૬ પોષ વદ ૬/૭)

**जीयात् पुण्यांगजननी, पालनी शोधनी च मे ।**
**हंसविश्रामकमल-श्रीः सदेष्टनमस्कृतिः ॥**

ઇષ્ટદેવને કરેલ નમસ્કાર પુણ્યરૂપી શરીરને ઉત્પન્ન કરે છે, અને જીવરૂપી હંસને વિશ્રાન્તિ આપે છે.

આ ઇષ્ટદેવ કોણ?

સભામાંથી જવાબ મળ્યો કે-પંચપરમેષ્ઠી.

પણ તે શા કારણે? તે સૃષ્ટિના નાશકર્તા તરીકે નહીં, પણ પોતાના ભવનો નાશ કરનાર છે તે માટે.

આપણા ઇષ્ટદેવ તે કે જે ગુણપ્રકર્ષવાળા હોય એટલે કે સર્વ ગુણોની ટોચે પહોંચેલ વ્યક્તિ. પ્રાણાર્પણ કરવા લાયક પણ તેમને જ મનાયા છે. વળી જેઓ પરમપદને પામ્યા છે, તેવું દૈવત જેમને મળેલું છે, તેને જ જિન-શાસનમાં દેવ તરીકે મનાયા છે

નવ વર્ષની ઉંમરના કેવળજ્ઞાનીને પણ શુભ અઘાતી કર્મોનું બંધન છે. તેથી તેમને પણ આહારાદિ લેવાં પડે છે. જો કે દિગંબરો તે મુજબ માનતા નથી. જેમ પાપ એ લોઢાની બેડી છે તેમ પુણ્ય પણ સોનાની બેડી છે, તેથી તેમને પણ ક્રિયા છે. જો કે જ્ઞાનીની ક્રિયા એ નવા બંધ

વિનાની છે ત્યારે અજ્ઞાનીની ક્રિયા બંધ માટે છે. પુણ્ય પ્રકૃતિ પણ પરમાર્થથી તો પાપપ્રકૃતિઓ જ છે. જેમ ઋણ=દેવું કરીને ભોગવેલ સુખ એ વાસ્તવિક સુખ જ નથી, તેમ કર્મનાં સંબંધથી મળેલ યાવત્ દેવલોકનાં સુખ ભોગવવામાં જે રસ લે છે તેને તે પુણ્યના-ભોગજન્ય કર્મનાં ફળ ભોગવવા જ પડે છે.

સભામાંથી પ્રશ્ન કર્યો કે–પુણ્યાનુબંધી પુણ્ય પણ સોનાની બેડી જેવું ?

આ પુણ્ય ફરી ગયું. અનાજની ઈચ્છાએ થતાં શ્રમમાં મળતાં ઘાસ તુલ્ય છે. યાવત્ પુણ્યની પણ ઈચ્છા બેઠી છે. ત્યાં સુધી બંધ બેઠો જ છે. પરંતુ જંગલનો માર્ગ કાપવા જેમ લુંટારાની જાતવાળાને જ વળાવા તરીકે લેવા પડે છે, જે પાપાચરણમાં જ બેઠા છે, તેવા માણસ ન કહી શકે કે પુણ્યની પણ ઇચ્છા ન કરવી. યોગી પુરુષો માટે જે અક્રિય-માર્ગ છે તે ભોગી પુરુષો માટે નથી. આવા માર્ગમાં તો વિવેક જોઇએ.

તીર્થ કે સંઘ એ જ પુરુષરત્નોની ખાણ છે. માટે તેનું જ રક્ષણ એ કરણીય બને છે. કારણકે પૂ૦ આ.શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજા જાતે મોઢ હોવા છતાં તેમનો સંબંધ મોઢ કરતાં આપણને વધુ છે. આવા કલિકાલસર્વજ્ઞે પણ નવો સંઘ ન સ્થાપતાં હયાત સંઘનું જ રક્ષણ કરવા-પૂર્વક અપૂર્વ સાહિત્યસર્જન કર્યું, પણ આજના સોનગઢના સંત કે શ્રીમદ્ રાજચંદ્રની જેમ નવો વાડો ન સ્થાપ્યો.

આપણું જ્ઞાન એ સમકિત માટે છે. સમકિત ચારિત્ર માટે છે અને ચારિત્ર એ મોક્ષ માટે છે, તે મુજબ સૂત્ર–અર્થ એ જ સાચું ધન છે. અને તેને ધારણ કરનાર ચતુર્વિધ સંઘ છે. પુસ્તક–પાનાદિમાં તો દ્રવ્યશ્રુત છે, જ્યારે ભાવશ્રુત તો જીવંત વ્યક્તિમાં જ રહે. માટે જ યાવત્ પાસત્થાદિક પાસેથી પણ શ્રુત મળી શકે તો તે મેળવવા સંવિગ્ન સાધુઓ પણ પ્રયત્ન કરી શકે છે.

શ્રી ભગવતીસૂત્રને શ્રુતસ્કંધ કહ્યું:, જ્યારે નવકારને જ મહાશ્રુતસ્કંધ કહેલ છે. કેમકે તેમાં સમગ્ર દ્વાદશાંગી સમાય છે. નવકારને સમજવા માટે અતિનમ્ર બનવું પડે. નવકારને સમજવા માટે તેને આપણા શરીરની આઠમી ધાતુમય બનાવવો જોઇએ. આમાં સ્વાનુભવ જોઇએ. બુદ્ધિ એ કડછી સમાન, સ્વાનુભવ એ જીભ સમાન છે. કડછી જેમ દુધપાકનો સ્વાદ ન લહી શકે, પણ તૈયાર કરી શકે, સ્વાદનો અનુભવ તો જીભ જ લઈ શકે.

મોક્ષ સિવાયના પદાર્થોમાં જેટલી ઇચ્છા બેઠી છે, તેટલી મોક્ષ માટેની ઇચ્છા આપણને ઉત્પન્ન થઇ નથી.

પ્રથમ આલોકના પદાર્થોની ઇચ્છા છોડાવી, પછી પરલોકના પદાર્થોની ઈચ્છા છોડાવવી.

ભોગી જીવોને ભોગની ઈચ્છા છોડાવી, તેઓમાં ત્યાગની ઇચ્છા ઉત્પન્ન કરવી.

રાા દિવસની સસલાની દયા ખાતર શરીરની મમતા ત્યાગનાર હાથીનો જીવ રાજકુંવર–મેઘકુમાર બને છે શ્રી મહાવીરસ્વામીના શિષ્ય બને છે, તેનું કારણ મમત્વત્યાગ છે.

ત્યાગપ્રધાન ધર્મતીર્થનું સ્થાપન કરવાની શક્તિ ફક્ત તીર્થંકર પરમાત્મામાં જ છે.

તીર્થંકરોએ કહેલ અર્થ છૂટા વિખરાએલ ફૂલો છે ગણધરકથિત સૂત્રો તે ફૂલોની માળા છે.

નવકારમંત્ર પ્રથમ કોણે બતાવ્યો ? તીર્થંકરોએ બતાવ્યો ન હોત તો તે મહામંત્ર હોવા છતાં ક્યાંથી મળત ?

ભગવાન ગયા પણ પોતાની પાછળ તીર્થરૂપી વારસો મૂકતા ગયા છે. જેથી શાસન ૨૧૦૦૦ વર્ષ સુધી ચાલે.

જ્ઞાન–દર્શન–ચારિત્ર, તેમજ નવકારમંત્ર, શત્રુંજય–તીર્થ આદિ વારસો મુકતા ગયા.

જીવ અનાદિ છે, ભવ અનાદિ છે, જીવ અને ભવનું કારણ જીવ અને કર્મનો સંયોગ અનાદિ છે.

નવકારમંત્રનો અધિકારી તે છે કે–જેનું ચિત્ત પ્રશાંત હોય. પ્રશાંત એટલે અપરાધી ઉપર પણ પ્રતિકૂળ ચિંતવનાર ન હોય.

મોજા શમી ગયા પછી સમુદ્ર જેવી રીતે ગંભીર હોય છે તેવી રીતે પ્રશાંત આત્મા અતિગંભીર હોય છે.

## વ્યાખ્યાન ચોથું

## વિષય–ગિરિરાજ મહિમા

(સ્થળ–ખુશાલ ભુવન–પાલિતાણા સં. ૨૦૦૬
પોષ વદ ૮ તા. ૧૧–૧–૫૦)

**आदिमं पृथिवीनाथ–मादिमं निष्परिग्रहम् ।**
**आदिमं तीर्थनाथं च ऋषभस्वामिनं स्तुमः ॥**

આ ગિરિરાજ શાશ્વત છે, મહિમાનો ભંડાર છે, તેનો મહિમા લોક સમક્ષ પ્રગટ કરનાર, ધ્યાનમાં લાવનાર કોઈ જ્ઞાની પુરુષની જરૂર હોય છે.

૧૮ કોડાકોડી સાગરોપમના કાળ સુધી એવા કોઈ જ્ઞાની પુરુષ આ ક્ષેત્રમાં ઉત્પન્ન થયા નહીં કે જે આ તીર્થને પ્રગટમાં લાવે.

જેમ અંધારી રાત્રે પ્રકાશ માટે દીવાનો આધાર છે, તેમ તારક તીર્થને પ્રગટ કરવા માટે જ્ઞાનની જરૂર છે, દ્રવ્ય અંધકાર દૂર કરવા માટે જેમ દ્રવ્યદીપકની જરૂર છે તેમ ભાવ અંધકાર દૂર કરવા માટે ભાવદીપકની જરૂર છે. આ અવસર્પિણી કાળનો ત્રીજો આરો પૂરો થયા પછી ભાવ–દીપકરૂપી જ્ઞાની પ્રગટે છે. ત્યાં સુધી પ્રગટ ન હોય.

જો કે તે વખતે મનુષ્યો ઘણા કાંતિમાન આદિ ગુણ-યુક્ત હતા, દીર્ઘાયુષી હતા, બળવાન તથા મોટી કાયાવાળા હતા, નિરુપક્રમી આયુષ્યવાળા હતા, ભયચિન્તાથી રહિત

હતા એ મનુષ્યો સંખ્યામાં વધારે હોવા છતાં ૧-૨-૩ આરામાં ભાવ-દીપક ન હતો, જ્ઞાનની ઉત્પત્તિ ન હતી.

પૌદ્ગલિક સુખ અને જ્ઞાનને સંબંધ નથી. નિયમ તો એવો છે કે-જેની કાયા પુષ્ટ તેનામાં બુદ્ધિબળ ઓછું હોય. પશુમાં ઓછી બુદ્ધિવાળા પાડા. બળદ વગેરે શરીરે પુષ્ટ છે, જે ખાય તે પચી જાય પણ તેનામાં બુદ્ધિ ઓછી હોય છે. માટે જ્ઞાન દ્રવ્ય જે વસ્તુમાં વસે છે તે વસ્તુ જુદી અને બળ વગેરે જેમાં વસે તે વસ્તુ જુદી. તે વસ્તુ પુદ્ગલદ્રવ્ય છે, જેમાં જ્ઞાન વસે છે તે આત્મદ્રવ્ય છે.

દુર્બલિકાપુષ્ય નામે આચાર્ય હતા, તે શરીરે દુર્બલ હતા, પણ તેઓમાં જ્ઞાનજ્યોત ઘણી હતી, તેથી જેનામાં જ્ઞાનરૂપી જ્યોતિનો પ્રકાશ થાય તે આત્મદ્રવ્ય.

પહેલા આરામાં મનુષ્યનું શરીર ૩ ગાઉનું અને આયુષ્ય ત્રણ પલ્યોપમ, બીજા આરામાં મનુષ્યનું શરીર ૨ ગાઉનું અને આયુષ્ય બે પલ્યોપમ, ત્રીજા આરામાં મનુષ્યનું શરીર ૧ ગાઉનું અને આયુષ્ય એક પલ્યોપમ હોય છે. આવા દીર્ઘ આયુષ્ય, બળવાન શરીર, ભોગના સાધનોની વિપુલતા, કલ્પવૃક્ષ વગેરેની હયાતી હોવા છતાં ધર્મની સામગ્રી તે કાળમાં ન હતી.

બળવાન મત્સ્યથી નબળો મત્સ્ય હણાય છે. કારણકે વૈરવૃત્તિ છે. વૈર વધવાનું કારણ સ્વાર્થમાત્રા છે, સ્વાર્થ-માત્રાનું કારણ પૌદ્ગલિક સામગ્રીની વિશેષતા છે, પૌદ્-ગલિક સામગ્રી વધે સ્વાર્થ પરાયણવૃત્તિ આવે. સ્વાર્થપરા-

યણુવૃત્તિ જાય એટલે વૈર–વિરોધ જાય. વૈરના કારણ જર-જમીન અને જોરૂ. એ ત્રણ કે કાયા, કામિની, કંચન અને કુટુંબ એ ચારના કારણે વૈર–વિરોધવૃત્તિ થાય. કારણકે જીવે તેમાં સ્વાર્થ માન્યો છે. તેની હયાતીમાં પોતાની હયાતી માની છે, પણ આ વસ્તુઓ સંસારની સામગ્રી છે.

વૈર–વિરોધરૂપ અગ્નિને પ્રગટ કરવામાં અરણીકાષ્ટ સમાન જર–જમીન અને જોરૂ છે. તે સિવાય મોહનો અન્ય વિષય નથી. શાસ્ત્રકારોએ તે મોહનું પરિવર્તન કરવા માટે તેની સામે આગમ અને પ્રતિમા ખડા કર્યા. કામિનીનો મોહ ઉતારવા વીતરાગ પરમાત્માની પ્રતિમા અને કંચનનો મોહ ઉતારવા વીતરાગ પરમાત્માના આગમ મૂકયા.

પેલું ધન–માટી કચરાનો પૂંજ છે, પુદ્‌ગલનો પ્રકાર છે, તેવી રીતે આગમ પણ પુદ્‌ગલમય છે, છતાં પહેલાં બે બળાત્કારે દુર્ગતિમાં લઈ જાય છે, જ્ઞાની પણ તેમાં ફસાય તો તેને પણ દુર્ગતિમાં લઈ જાય છે. કામિનીના રૂપ દેખી પૂર્વધરો પણ મોહિત થઈ જાય છે અને દુર્ગતિમાં જાય છે. અપ્રમત્ત ગુણસ્થાનથી આગળના ગુણસ્થાને યાવત્ નવમા ગુણસ્થાનક સુધી કષાય–નોકષાયના ઉદય હોય છે, બીલાડીના સંસર્ગમાં રહેનાર ઉંદરોની જાત ભયગ્રસ્ત હોય છે તેવી રીતે સ્ત્રીના સંસર્ગમાં રહેનારા મહામુનિવરો પણ મહાભયગ્રસ્ત હોય છે.

વૈર-વિરોધરૂપ અગ્નિને પ્રગટાવનાર સ્વાર્થવૃત્તિ છે.

યુગલીયાને આવી કાંઇ ખામી નથી, સાધનો ઘણાં છે, ઉપદ્રવ કરનાર પણ કોઇ નથી, પશુઓ પણ નિર્ભય હોય છે, એવા કાળમાં એવા મનુષ્યો ઘણા થયા. ઉત્સર્પિણી કાળના ચોથા–પાંચમા અને છઠ્ઠા આરાના ૯ કોડાકોડી સાગરોપમ અને આ અવસર્પિણી કાળના પહેલા–બીજા અને ત્રીજા આરાના ૯ કોડાકોડી સાગરોપમ મળી, ૧૮ કોડાકોડી સાગરોપમના કાળમાં બાહ્ય પદાર્થો વચ્ચે ભાવઅંધકાર દૂર કરનાર જ્ઞાનરૂપી દીવો પ્રગટ ન હતો.

માટે ત્રીજાથી ચોથો આરો અને ચોથાથી પાંચમા આરાને ભાગ્યશાળી માન્યો. કારણકે ચોથા આરામાં જીવને સામગ્રી પ્રાપ્ત થઈ નહિ, ચારિત્રની સામગ્રી મને પાંચમા આરામાં મળી તેથી ક્ષમાવિજયજી મહારાજે કહ્યું કે–**મારે તો સુષમાથી દુષમા અવસર પુણ્યનિધાનજી.**

દુઃખ આવે ત્યારે મોહાંધ આત્માને પણ ધર્મની ઈચ્છા થાય, માટે દુઃખ એ ધર્મરાજાનો દૂત છે. સુખ એ મોહરાજાનો જાસુસ છે. સુખ અને સુખના સાધનો આત્માને પ્રમાદી બનાવે છે. દુઃખ આવે ત્યારે માણસનો પ્રમાદ જાય છે, દુનિયાના પદાર્થોમાં લંપટતા વધતી નથી. સુખ આવે ત્યારે બીજાને કનડવાનું મન પણ થાય છે. સુખ એ સર્પનો દંશ છે, દુઃખ એ વીંછીનો દંશ છે. સર્પદંશથી શરીર બેભાન થાય છે. સુખરૂપી સર્પથી આત્મા બેભાન થઈ જાય છે. વીંછી કરડવાથી વેદના થાય છે. દુઃખ આવે ત્યારે આત્મા જાગૃત બને છે.

તાત્ત્વિક રીતે તો પૌદ્ગલિક સુખ અને દુઃખ ન હોય એવા શાશ્વત સુખવાળા સ્થાનની ઇચ્છા કરવી જોઇએ. પણ એવી અવસ્થાની ભાવના કરવાની યોગ્યતા ત્યારે આવે કે જ્યારે આપ્ત પુરુષોનાં વચનો ઉપર પુરતો વિશ્વાસ હોય

ચોથો આરો નજરે જોવો હોય તો સિદ્ધાચળની છાયામાં આવી જુઓ. બીજા સ્થળે માસક્ષપણ કરવાથી જે કર્મક્ષય થાય, તે સિદ્ધાચળની છાયમાં વસવાથી થાય. સિદ્ધાચળમાં વસવામાત્રથી અનંત સિદ્ધોનું સ્મરણ થાય, નામ પણ સિદ્ધગિરિ–સિદ્ધાચલ. ત્રણે કાળમાં થયેલા, થતા અને થનારા સિદ્ધોનું સ્મરણ કરનારા ધર્મી આત્માઓ જ્યાં વસતા હોય એવું સ્થળ છે.

ગિરિરાજ પર જતાં પ્રદક્ષિણા ફરતા તેમજ પૂજા કરનારા આત્માઓની ભાવનાઓ સુંદર હોય છે.

પર્વતોમાં સૌથી ઉચો મેરુપર્વત છે. તેનાથી પણ ઉત્તમ સિદ્ધાચળ છે, મેરુની ટેકરીએ રહેનારને પણ પડવાનું છે જ્યારે સિદ્ધાચળની ટેકરી પર રહેનારને સિદ્ધશિલા પર જવાનું છે, પણ તે ભાવથી. દ્રવ્યથી દૂર છે.

આપણે અનાદિ નિગોદમાંથી પંચેંદ્રિયમાં આવ્યા, તેનું કારણ લોકસ્થિતિ છે. લોકસ્થિતિ એવી છે કે એક જીવ સિદ્ધમાં જાય ત્યારે અનાદિ સૂક્ષ્મ નિગોદમાંથી એક જીવ બહાર નીકળે.

સિદ્ધાચળને શિખરે ચઢેલો આત્મા મોક્ષમાં જવાની અનુભવદશા પ્રાપ્ત કરી શકે છે એ અનુભવસિદ્ધ છે. પણ એ સ્વાદ દરેકને મળી શકતો નથી. જીવોની યોગ્યતા પર

આધાર છે. યોગ્યતા ન હોય તો સાકર કે દ્રાક્ષ જેવી ચીજો પણ કડવી લાગે. પણ કર્મમળ ઓછા થવાથી એનો સ્વાદ આવે છે. **અનંત સિદ્ધોના સ્મરણ થવાનું ક્ષેત્ર જો કોઈ હોય તો તે સિદ્ધક્ષેત્ર છે.** બીજા ક્ષેત્રોમાં અધર્મી વધારે ધર્મી થોડા હોય છે.

હિંસા વગેરે પાપો વધારે હોવાથી દુઃખી જીવો જગત્‌માં વધારે છે, દાન–શીયળ આદિ ધર્મ કરનારા ઓછા હોવાથી સુખી જીવો થોડા છે.

અધિક દુઃખવાળો સમય એ ધર્મની ઇચ્છા જાગૃત કરવાનો સમય છે. સુખ ઉપર રાગ નહિ અને દુઃખ ઉપર દ્વેષ નહિ એવો આત્મા ધર્મનો અધિકારી બને છે પણ જગત્‌ના જીવો પર મોહનું પ્રાબલ્ય છે. જ્યાં સુધી વાગેલો કાંટો નીકળે નહિ ત્યાં સુધી તેમાં જ ધ્યાન રહે એ દેહનો સ્વભાવ છે, તેવી રીતે આત્મસ્વભાવ એવો છે કે આવેલ દુઃખ દૂર ન થાય ત્યાં સુધી શાંતિ ન રહે, બાહ્ય ઉપાયોથી દૂર કરવા પ્રયત્ન કરે પણ તે દૂર ન થાય ત્યારે ધર્મ ઉપર દૃષ્ટિ જાય છે.

કોઇપણ પ્રતિપક્ષી વસ્તુ બાધક સમજાયા વિના તે દૂર કરવા ઇચ્છા થતી નથી. રોગ થયા વગર વૈદ્યને ઘરે જવા કોઇ ઇચ્છતું નથી. ધનવાન નિર્ધનની પાસે જવા ઇચ્છતો નથી, તેમ બાહ્ય ઉપાયથી દુઃખ દૂર ન થાય ત્યારે ધર્મ કરવા ઇચ્છા થાય.

સિદ્ધગિરિમાં અધિક ધર્મશ્રદ્ધાળુ કોણ રહી શકે?

અરિહંતદેવને નમસ્કાર કોણ કરે? જે દુઃખી હોય તે. હીટલરે ઈશ્વરને ક્યારે યાદ કર્યો? મરણ સમયે. આપત્તિકાળે ધર્મ કરવાની વૃત્તિ થાય.

આપણે જે શાસનમાં ઉત્પન્ન થયા તે તીર્થંકરદેવ સ્થાપિત શાસન છે. શાસનમાં ઉત્પન્ન થયેલાઓ પરાપૂર્વથી સંસ્કારસંપન્ન છે. ધર્મશ્રદ્ધાથી યુક્ત છે.

સારાંશ એ છે કે–જેમને ધર્મ જોઈતો હોય તેમણે સુખની સ્પૃહા છોડવી જોઈએ. દુઃખને ઈચ્છવું જોઈએ. ધનપાળ કવિએ ઋષભ પંચાશિકામાં માગણી કરી છે કે– જ્યાં સુધી મને આપના ધર્મની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી બાહ્ય સુખો કે બાહ્ય અનુકૂળતાઓ મને ન મળજો.

દુઃખ આવ્યા વગર ધર્મ પ્રત્યે બુદ્ધિ થતી નથી, સુખ આવે ત્યારે ધર્મ તરફ જીવ મંદ પરિણામી થાય છે.

ત્રીજા કરતાં ચોથા આરામાં પૌદ્ગલિક પદાર્થોનાં સુખ ઘટતાં જાય છે, ધર્મ અંગેનાં સાધનો વધતાં જાય છે. ધર્મ સુષમદુષમ આરામાં, દુષમસુષમ આરામાં અને દુષમ આરામાં હોય. આ ક્ષેત્રમાં રહેલા જીવોને બાહ્ય પૌદ્ગલિક પદાર્થોની હાનિ છે પણ તે ધર્મ આત્માને ન ખટકે, તે વધારે ધર્મમાર્ગે આગળ વધે છે.

જ્ઞાનરૂપી દીપક ૧૮ કોડાકોડી સાગરોપમ સુધી ન પ્રગટ્યો તે આદિનાથ ભગવાનથી પ્રગટ્યો છે. તેઓએ મુક્તિમાર્ગની વ્યવસ્થા કરવાથી તેઓ પ્રથમ તીર્થંકર કહેવાયા. તે હજુ સુધી ભૂલાયા નથી. आदिमं पृथिवीनाथ०

એ ગાથાથી તેમનું સ્મરણ કરવા છતાં તે હજુ અધુરું જ લાગ્યા કરે છે. પ્રથમ રાજા, પ્રથમ સાધુ, પ્રથમ તીર્થપતિ વગેરે કેમ થયા ? તે પૂર્વના બળથી.

સંસારી અપવિત્ર જીવોનો હલકો સ્વભાવ છે. તેઓ ઉપકારીને યાદ કરતા નથી પણ અપકારીને યાદ કરે છે. પણ તે પાપશક્તિ છે. તે ફેરવી પુણ્યશક્તિ પ્રગટ કરવી કે જેથી ઉપકારીને ન ભૂલાય અને અપકારીને ભૂલી જાય.

જ્ઞાનીઓ અપકારીને યાદ કરતા નથી, તેના પર મૈત્રીભાવ દાખવે છે. ઉપકારી એની દરેક ચીજોને તેઓ ભૂલતા નથી.

તીર્થાધિરાજ સિદ્ધગિરિ અને મંત્રાધિરાજ નવકાર-મંત્ર આ આત્માના અનન્ય ઉપકારી છે, તેને સદાય હૃદયમાં ધારણ કરવા જોઇએ

## વ્યાખ્યાન પાંચમું.

( સ્થળ–ખુશાલભુવન પાલિતાણા. સં. ૨૦૦૬ પો. વ. ૯
તા. ૧૨-૧-૫૦ )

**जीयात् पुण्यांगजननी, पालनी शोधनी च मे ।**
**हंसविश्रामकमल-श्रीः सदेष्टनमस्कृतिः ॥**

ચાર હત્યાનો કરનાર દૃઢપ્રહારી તે જ ભવમાં મોક્ષ પામે છે, જ્યારે આપણે આ ભવે મોક્ષ પામતા નથી. માટે એવા અધમ કૃત્ય કરનાર ઉપર આપણને અધમપણાનો ભાવ આવે છે, છતાં તેઓ તે જ ભવે મોક્ષ પામ્યા છે,

કર્મસંયોગે તેનાથી એવું પાપ થઈ ગયું હશે, પણ તેઓ આત્મશુદ્ધિ કરી તે જ ભવે મોક્ષે ગયા.

આપણે આત્મનિરીક્ષણમાં આગળ વધવું જોઇએ. પોતાના દોષ જોવા માટે તીક્ષ્ણ બુદ્ધિવાળા થવું જોઇએ. એવા અધમ આત્માઓનો દોષ કેટલા પ્રમાણમાં છે તેનો નિર્ણય આપણે કરી ન શકીએ

બાહુબલીનું માન ૧૨ માસ સુધી હતું, છતાં તે અનંતાનુબંધી ન હતું પણ સંજ્વલન હતું. આત્માનાં પરિણામ કેવલી ભગવંત જોઈ શકે.

ભરત ચક્રવર્તી ભોગમાં આસક્ત હોવા છતાં, ગંગાદેવી સાથે ભોગો ભોગવનાર હોવા છતાં આરીસાભવનમાં કેવળજ્ઞાન પામ્યા. માટે માણસમાં કેટલા દોષ છે, તે કેવલી જોઈ શકે આપણે દોષ જોઇ નિર્ણય કરી શકતા નથી.

અહિંસા પાળનાર આત્મા દીર્ઘ આયુષ્યવાળા થાય. ચોરી ન કરનાર જીવનો લાભાંતરાય તૂટે. શીયળ પાળનારનું શરીર નીરોગી રહે આવા કારણોથી તે તે વસ્તુના લાભ ખાતર આ વસ્તુઓ ઘણી વખત થાય છે. લાભનું વર્ણન સાંભળવામાં આવે, તેથી આવા નિયમોનું પાલન થાય, પણ તે સાથે હું ત્યાગી છું, એવું અભિમાન આવે, માનાભિલાષા જાગે, પોતાનામાં ઘણા દોષો હોવા છતાં 'હું સારો છું" એવી પોતાની મહત્તા સ્થાપવાની બુદ્ધિ જાગે, પોતાની લઘુતા જાણવા છતાં તેમાં પોતાની પ્રભુતા બતાવવાની ઈચ્છા હોય, આવી રીતે જીવ દુર્ગુણી હોવા છતાં

પોતાને સારો બતાવવા પ્રયત્ન કરે છે. પણ ધર્મનું મૂળ વિનય છે. વિનય તેને કહેવાય કે– પોતાની જાતને અધમ માને. આપણે જોઇએ છીએ કે– જમાનો બગડી ગયો છે, પણ તેની પાછળ 'હું ઉત્તમ છું' એવી મનોવૃત્તિ જે થાય એ ધર્મ નથી

આત્માને જોવા માટે વિચારરૂપી દર્પણ જોઇએ. શરીરની અંદર અશુચિ જ છે આત્મા સારો ખરો પણ કોનો ? સિદ્ધ ભગવાનનો. જો સંસારીનો માની લેવાય તો ધર્મની જરૂરીઆત ઉડાડી દેવાય છે

કેવળી ભગવંતોએ ધર્મનાં अहिंसालक्खणस्स વગેરે ૨૨ લક્ષણો આપ્યાં છે. આત્માના અવિનાશી વગેરે વિશેષણો સાંભળવામાં આવે ત્યારે સિદ્ધ ભગવાનનો આત્મા સમજવો. પણ તે વખતે પોતાના આત્માને તેવો માની લે તો અનંતા સિદ્ધોની આશાતના થાય.

**સહજાનંદી સિદ્ધસ્વરૂપી** વગેરે સિદ્ધાત્માઓના વિશેષણોને પોતાનામાં ઘટાવવાથી તેઓ ઉપરનો જે ભાવ છે તે ઓસરી જાય છે અને થોડું પણ કષ્ટ સહન કરવાની ભાવના ઉડી જાય છે.

અરિહંત આદિ પંચ પરમેષ્ઠીઓ પોતાની પૂર્વ અવસ્થામાં પોતાને હીન માનતા હતા. તે પછી તીવ્ર તપ વગેરે સાધુપદમાં આવે છે, પોતાની યોગ્યતા વધતાં પછી તેઓ પરમેષ્ઠી થાય છે.

પરંતુ પોતાને પહેલેથી જ શુદ્ધ માની લઈ પ્રયત્ન

કરવામાં ન આવે અને સિદ્ધપરમાત્માના વિશેષણો પોતાને લગાડે તો તે નર્યો દંભ છે.

દેવોની કાયા કરતાં મનુષ્યની કાયા ખરાબ છે દુર્ગંધમય છે. અંદરનો ભાગ મેલાની ગાડી જેવો છે. આવી જે કાયા, તેનો બનાવનાર કોણ? પુદ્ગલો સ્વયં અશુદ્ધ નથી, તેના સ્કંધો પણ શત્રુંજયાદિની જેમ પવિત્ર હોય છે, તો તેને અશુદ્ધ કરનાર કોણ? જીવના અધ્યવસાયથી બંધાયેલ પુદ્ગલોને બગાડનાર આ જીવ છે, અનેક દોષોની ખાણ આ જીવ છે.

તત્ત્વજ્ઞાની પુરુષો વિચાર કરે ત્યારે જાણે છે કે 'હું અનેક દુર્ગુણોથી ભરેલો છું'' એમ માને છે, તેથી ધર્મને શરણે જાય છે. પાણીથી વસ્ત્ર શુદ્ધ થાય, તેમ આત્માને શુદ્ધ કરનાર ધર્મ છે. ધર્મ પ્રત્યેનો ભાવ તેથી જાગૃત થાય. જે ધર્મને સાચા ભાવથી ન ભેટે, તે ધર્મતીર્થંકર વગેરેને સાચા ભાવથી ક્યાંથી ભેટી શકે?

પરમેષ્ઠી પ્રત્યેનો નમસ્કાર જેના મનમાં નથી, તેને સાચો ભાવ જાગૃત થયો નથી એવો આત્મા બહુશ્રુત હોય, તપ કરનાર હોય તો પણ ધર્મનું રહસ્ય જાણતો નથી.

જેમાં પોતાનું અભિમાન પોષાતું હોય એવી વસ્તુના સ્મરણમાં ચિત્ત ચોંટે છે, નવકાર ગણવામાં ચિત્ત નહીં લાગવાનું કારણ પોતાના દોષો છે. પોતાની વસ્તુને ભૂલીને બીજી વસ્તુને પોતાની માને છે, તેથી નવકાર ગણવામાં ચિત્ત લાગે નહિ.

નવકાર ગણતી વખતે બરાબર ચિત્ત લાગે તો ત્રીજે ભવે મોક્ષે જાય. એકાગ્રતાથી થાય.

નવકાર ગણતાં ફક્ત મણકા ફરે, પણ મન ન લાગે તેનું કારણ માન છે. પૂજ્યને પૂજ્ય ગણવાની ક્રિયામાં ચિત્ત ન લાગે તેનું કારણ માન છે. તેથી આત્માને સમજાવવો જોઇએ. પોતાના દોષો જોવા મલીન આત્માને સુધારવા ધર્મ જોઇએ. **ધર્મનું મૂળ વિનય છે.**

નાટક વગેરે જોતાં બધાં કામ ભૂલી જાય છે, ફક્ત નવકાર ગણતાં જ બધાં કામ યાદ આવે છે, તેનું કારણ એ છે કે ધર્મ માટેની પ્રાથમિક ફરજ આપણે ભૂલી ગયા છીએ. તે ક્રિયા બીજા માટે નથી, આત્મા માટે છે તે સમજવું જોઇએ. અભિમાન પોષવા માટે એ ક્રિયા નથી, અભિમાન કાઢવા માટેની એ ક્રિયા છે. સત્તાથી સિદ્ધ-સ્વરૂપી, નિશ્ચયથી સિદ્ધ સ્વરૂપી થવાની લાયકાતવાળો આત્મા બંધનયુક્ત દશા ભોગવે છે, તે જગતની મહેરબાનીથી મટવાની નથી, તે તો ધર્મરાજાની મહેરબાની તેમજ તીર્થાધિરાજનો પ્રભાવ આત્મામાં ઉતરશે તો આત્માની અધમતા ટળશે.

કપડા પર વિષ્ટાનો ડાઘ પડે તો તરત દૂર કરવા પ્રયત્ન કરીએ છીએ, ત્યાં સુધી સારું કાર્ય કરવાનો ભાવ ન જાગે, ધર્મક્રિયા પણ ન થાય, શુભ ભાવ ન જાગે, કારણકે પુદ્ગલનો પ્રભાવ છે. ભોજનમાં વિષ્ટાનો ડાઘ પડે તો મુખ અને મન બન્ને બગડે છે, તેમ આત્મા પણ અનેક

દોષોથી યુક્ત હોય ત્યારે કેવળ સિદ્ધ–બુદ્ધનો જાપ કરવા માત્રથી સિદ્ધત્વ પ્રાપ્ત કરી શકતો નથી, એ ઉંધો એકડો છે, 'જૈસે પાગ ધરત સિર કોઉ, પહિરન નહિ લંગોટી' પહેરવા લંગોટી ન હોય અને પાઘડી મોટી પહેરે તો તે કેવો શોભે ? હાંસીપાત્ર થાય. તેથી તેણે પાઘડી હોય તો પણ મૂકી દેવી જોઇએ અને લંગોટી પહેરવી જોઇએ, નહીં તો નિર્લજ્જ ગણાય. માટે આત્માને વળગેલી અશુદ્ધિનો ભય ન ગણતાં પોતાને શુદ્ધસ્વરૂપી માને તો તે નિર્લજ્જ ગણાય, હાંસીપાત્ર થાય.

નિશ્ચયનયથી આત્મા શુદ્ધ છે, તેનું આલંબન લેવાનું પવિત્ર જાત માટે છે, મલિન આત્માને નિશ્ચયનયની વાત ચોંટી શકતી નથી. તેવાને એક જાતનો ચિત્તભ્રમ થાય, તે બીજી વાત સમજી શકે નહિ. માટે પ્રથમ વ્યવહારનયનો આશ્રય લેવો જોઇએ.

જેમ સમુદ્રનું પાણી ખારું છે, તેને અગ્નિ લગાડવામાં આવે પછી મીઠું થાય, સત્તાથી મીઠું હોવા છતાં શુદ્ધ કર્યા વિના પીવે તો ઝાડા થઇ જાય, ચકરી આવે, રોગ વધે. માટે પ્રથમ વ્યવહારનો આશ્રય કરવો જોઇએ, પ્રથમ વ્યવહારનું સ્વરૂપ સમજાવવું જોઇએ.

આપણો તપ પણ કેવો છે ? આગળ—પાછળની અવસ્થા કેવી છે ? તે જુઓ. ખાનારા કરતાં પણ આસક્તિ વધારે હોય છતાં તપસ્વી મનાવે. તેથી અભિમાન આવે. માટે ધર્મનું મૂળ વિનય છે.

સત્ય અને અહિંસાથી પોતાનો મહિમા વધારાય છે, વિનય ઓળખવા માટે ઈષ્ટદેવ માનવા જોઈએ, તેને મસ્તકે ધારણ કરવા જોઈએ. જેમ શ્રી સુધર્માસ્વામીએ વીર ભગવાનને રાખ્યા. તીર્થંકરો પોતાના માથે તીર્થને રાખે. તેમ આપણામાં નમ્રભાવ ન આવે ત્યાં સુધી આપણે ધર્મના પ્રભાવના નામે આપણો પ્રભાવ વધારવા પ્રયત્ન કરીએ છીએ.

વિનય વગર ગમે તેટલી બાહ્ય ક્રિયા કરવામાં આવે પણ તેમાં કાંઈ વળે નહિ તે એક પ્રકારનો દંભ છે.

જૈન મુનિનો વિનય જગતમાં શોધ્યો જડે નહિ. જાપનના સૈનિકો શિસ્ત ખાતર આકાશમાંથી પણ પડતું મૂકે છે, તેના કરતાં પણ જૈન મુનિનો વિનય અધિક હોય છે. ધર્મનું મૂળ વિનય છે.

—o—

## વ્યાખ્યાન છવ્વીસમું

(સ્થળ : ખુશાલ ભુવન પાલીતાણા. સં. ૨૦૦૬ પો. વ. ૧૧ તા. ૧૪-૧-૫૦)

**जीयात् पुण्यांगजननी, पालनी शोधनी च मे ।**
**हंसविश्रामकमल–श्रीः सदेष्टनमस्कृतिः ॥**

પંચપરમેષ્ઠિ નમસ્કાર એ દ્રવ્ય-ગુણ કે પર્યાય છે? એ કોઈ વસ્તુ છે કે વસ્તુનો ધર્મ છે? એ કોઈ જ્ઞાન-ક્રિયા-શબ્દ-દ્રવ્ય-ભાવરૂપ છે? આ નમસ્કાર કરનારનો ગણાય કે જેને કરાય છે તેનો ગણાય?

દાનનો અર્થ એ છે કે-અપાતી વસ્તુની માલીકી ઉતારીને જેને અપાય છે તેની માલીકી બનાવવી. પણ આ નમસ્કાર કાંઈ મુનિને અપાતા મોદકના દાન સમાન નથી. કેમકે જે પંચપરમેષ્ઠિને આ નમસ્કાર અપાય છે તેમને તેનો ખપ નથી, આ નમસ્કાર એ તો ભક્તિભાવનું ઉત્તમોત્તમ ભેટણું છે. કેમકે તે તો પોતાના નિસ્તાર માટે જ અપાય છે પણ તેમાં કાંઈ દાનભાવ નથી. આથી કહ્યું છે કે-

**इक्को वि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स ।**
**संसारसागराओ, तारेइ नरं व नारिं वा ॥**

પંચપરમેષ્ઠિઓ આ નમસ્કારનો નિષેધ કરતા નથી **अनिषिद्धमनुमतम्** એ ન્યાય પણ લાગુ પડે નહી. કેમકે માગે તેને નમસ્કાર ભાવથી મળતો જ નથી, અને મળે તો ટકતો નથી, કેવળ નમસ્કાર કરનારને તરવાની ક્રિયામાં પોતે વિઘ્નભૂત ન બને તે માટે અંતરાય કે નિષેધ કરતા નથી. જેમકે-'મારા દાસે ખર ખરીદ્યો' તે ખરનો માલીક પોતે કહેનાર જ છે, અહીં દાસની જગ્યાએ નમસ્કાર કરનાર અને ખરની જગ્યાએ નમસ્કાર છે.

જેમ દાન એ આપનાર, લેનાર અને જોનાર સર્વને આનંદકર થાય છે. આવું દાન તો દુશ્મનને પણ વશ કરે છે. **जनप्रियकरं दानम्** પ્રત્યેક દાનમાં આપનાર, લેનાર, અપાતી વસ્તુ અને તે માટેની પરિસ્થિતિ એ ચાર વસ્તુ હોય જ છે, એ ચારે શુદ્ધ હોય તો જ તે ઉત્કૃષ્ટ ગણાય છે.

આમાં નમસ્કાર કરનાર પોતાને અધમાધમ માનનાર,

લેનાર દીનોદ્ધારક ધુરંધર તીર્થંકર સમાન પંચપરમેષ્ઠિ જેવી વ્યક્તિઓ, હવે નમસ્કારની ક્રિયા પણ શુદ્ધોચ્ચારપૂર્વક યોગ્ય આસનમુદ્રાથી યુક્ત, ચોથી વસ્તુ પરિસ્થિતિમાં ભક્તિ ભાવપૂર્વક સમ્યક્ત્વપૂર્વકનો હોય.

જે નમસ્કારને ભવરોગનું ઔષધ કે મોહરૂપ ઝેરને દૂર કરવા માટે મંત્રસમાન ભાવપૂર્વક માનીને કરે તે યાવત્ મુક્તિનાં સુખ પણ જોત–જોતામાં પ્રાપ્ત કરે છે. ભાવ તો જેટલો વધારવો હોય તેટલો વધારી શકાય છે. મન–વચન કે કાયાની ક્રિયાને હદ હોય છે, પરંતુ ભાવને કોઈ હદ જ નથી. આ ભાવ એટલે તેના ફળમાં નિઃશં–કતા. જે ફળ કહેવાયું છે તે તો વાણીમાં ઉતારવા પૂરતું જ છે. પરંતુ સાચું ફળ તો વાણીને અગોચર છે. અથવા નવકાર પ્રત્યે ભાવ બતાવતાં જે સંકોચ થાય છે તેને ટાળ-નાર સમ્યગ્દર્શન છે. કેમકે સમકિતને જ ભવ એ રોગ અને મોહ એ ઝેર જેવું ખુંચે છે. ભવ અને મોહ આત્માનું અધઃપતન કરનાર છે એમ ખાત્રી થયા બાદ ધર્મનાં ફળ પ્રત્યે નિઃસંદેહ બુદ્ધિ થાય છે, અને ધર્મના આચરણમાં ઉત્તમ કોટિનો ભાવ આવે છે તેથી ઉત્તરોત્તર આત્મા મોક્ષનો અધિકારી બને છે,

## વ્યાખ્યાન સાતમું.

( સ્થળ–ખુશાલ ભવન–પાલિતાણા સં. ૨૦૦૬ પો. વ. ૧૨
તા. ૧૫–૧–૫૦ )

**आदिमं पृथिवीनाथ–मादिमं निष्परिग्रहम् ।**
**आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥**

શ્રી ઋષભદેવ ભગવાન માટે ત્રણ વિશેષણો મુખ્ય મનાયા છે. પ્રથમ રાજા, પ્રથમ સાધુ અને પ્રથમ તીર્થંકર એ ત્રણે અવસ્થાઓ એક–એકથી ચઢીયાતી અને અતિ દુષ્કર છે. અને તે પણ પંચમકાળમાં અતિદુષ્કર છે.

યુગલિકકાળમાં પરિગ્રહ હતો પણ તેની મૂર્છારૂપ ગાંઠ ન હતી. અને સાધુને પણ અભ્યંતર ગાંઠ નહીં હોવાથી જ બાહ્ય ગાંઠ પણ ન રાખનાર નિર્ગ્રંથ કહ્યા છે. ક્રોધ થવો કે કરવો એ જુદું છે, પણ તે ક્રોધને સિદ્ધ કરવો કે પુષ્ટ કરવો તે અભ્યંતર ગાંઠ છે.

**સભામાંથી પ્રશ્ન :–** પ્રશસ્ત રાગ–દ્વેષ–મોહ–ક્રોધાદિ એ મમતા કહેવાય કે સમતા કહેવાય ?

**ઉત્તર :–** બીજા ઉપર રાગ આદિ કરવા તે અપ્રશસ્ત. અને પોતાના કર્મ આદિ ઉપર ક્રોધ કરવો તે પ્રશસ્ત ક્રોધ કે સમતા કહેવાય.

ધન–ધાન્યાદિ નવ પ્રકારની બાહ્યગ્રંથી તો મુનિને ત્યાજ્ય જ છે પણ ત્રણ વેદ, હાસ્યાદિષટ્ક, ચાર કષાય, અને

મિથ્યાત્વ એ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ મૂર્છા રૂપ છે. જેમ સર્પને કાંચળી કાઢવી સહેલી છે પરંતુ ઝેરની કોથળી તો તેનો જાણકાર મદારી પણ બળાત્કારે કાઢે છે. તેમ બાહ્ય પરિગ્રહની મમતા પણ મુનિને નુકશાન કરે તો અભ્યંતર પરિગ્રહની મમતા કેટલું નુકશાન કરે! આવું ભગીરથ કાર્ય ઋષભદેવ ભગવાન કરી ગયા છે અને તેમની પછી પચ્ચાસ લાખ સાગરોપમ પછી અજિતનાથ ભગવાન થયા ત્યાં સુધીની અનેક પાટે રાજર્ષિ પુત્ર પરંપરા જ થઇ. ઉત્તમ પુરુષ જે કાર્ય કરે છે તે જો સારું હોય તો અનેકને આગળ વધારનારું થાય.

આવા ભારતવર્ષમાં ત્યાગ એ બીનજરૂરી છે એમ કહે તે કેમ માન્ય થાય? ભોગ તો વિષ્ટાનો કીડો પણ કરે છે જ્યારે ભોગનો ત્યાગ તો મોટા ઇંદ્રો પણ કરી શકતા નથી આવું જે સમજી શકાય છે તે આદિનાથ પ્રભુના દૃષ્ટાંતથી જ બન્યું છે. આવા આદિનાથ ભગવાનનું સ્મારક એ જ આ ગિરિરાજ અને તેની ઉપરનાં ચૈત્યો છે.

ભરત મહારાજાએ પૂર્વભવમાં ૫૦૦ મુનિઓની આહારાદિથી ભક્તિ કરી તો આજ્ઞૈશ્વર્ય પણ પામ્યા અને બાહુબલીએ પૂર્વભવમાં મુનિઓની વિશ્રામણા કરી હતી તેથી ભરત કરતાં પણ અધિક કાયબળ પામ્યા. માટે જે મુનિમાં વૈયાવચ્ચનો ગુણ નથી તે પશુ સમાન છે. સ્વ–ઉદરપૂર્તિ તો અત્રેનો રોગી કૂતરો પણ કરે છે અને પશુ–પંખી કે બીલાડા વગેરે પણ કરે છે, ગૃહસ્થીની વૈયાવચ્ચ તેવું ફળ આપે નહીં, કેમકે ગૃહસ્થોનો સંયમ એ હાથીના સ્નાન કે દધિને

મંથન કરનાર રવૈયા તુલ્ય છે. કેમકે હાથી ગમે તેટલા પાણીથી સ્નાન કરે કે તુરત સુંઢથી રેતી સ્વશરીર પર ઉછાળે છે, અને રવૈયા વલોવતાં એક બાજુથી છૂટે અને બીજી બાજુથી બંધાય છે. ગૃહસ્થીઓની પાપકાયા હાથી જેવડી છે અરે ધર્મકાયા તેની આંખ જેટલી નથી. આથી ગૃહસ્થીઓની થતી ઘણી પણ વૈયાવચ્ચ એ મુનિઓની થતી વૈયાવચ્ચને તોલે કદાપિ આવી શકે નહીં.

ગુરુકુળવાસમાં વસવાથી લાગતા દોષોથી બચવા કોઈ એકાકી વિહાર કે વાસાદિ પસંદ કરે તો તે જો જ્ઞાની હોય તો અતિપરિણત અને અજ્ઞાની હોય તો અપરિણત કહીને શાસ્ત્રકારોએ વખોડયા છે. જેમ શ્રી ઋષભદેવપ્રભુનો તપ વખાણ્યો છે તેમ શ્રી વીરપ્રભુની ક્ષમા પણ વખાણી છે તો પછી એકાકી મુનિ સ્વ–ક્ષમાદિ અનેક ગુણોને કેવી રીતે વિકસાવી શકે? ગુરુકુળવાસમાં વસતા મુનિને માથે બે પ્રકારની ફરજો છે. એક તો ગુરુના શિષ્ય તરીકે સમર્પિતભાવે જીવન જીવવાની અને બીજી બાજુ સંઘના ગુરુ તરીકેની.

મુનિને જે કાંઈ પ્રાપ્ત થાય છે તે સર્વે ધર્મનું જ છે. કેમકે **ધર્મલાભ** આપીને લેવાય છે. હવે તે વસ્તુની માલીકી એકાકી પોતાની કરીને રહે તો એકલો ચોર જેવો લાગે. તેથી જઘન્યે મુનિને બે જણ અને સાધ્વીને ત્રણ જણ સાથે રહેવાનું કહ્યું છે.

જગતમાં પણ બીલકુલ ખર્ચ ન થાય અને એકલી આવક જ થાય તેવો કોઈ માર્ગ જ નથી. માટે સાધુએ પણ ગુરુકુળવાસમાં વસવાથી લાભ અધિક અને હાનિ અલ્પ માનીને ગુરુકુળવાસને જ અપનાવ્યો છે.

શ્રી ઋષભદેવ ભગવાન પૂર્વભવમાં તપ તપી વૈરાગ્ય-ભાવ કેળવી યાવત્ રાજા થયા છતાં તીર્થંકર બન્યા. પણ આવા ઉત્તમ પદની પણ ભાવના સર્વને કેમ થતી નહીં હોય એ વિચારણીય છે.

## વ્યાખ્યાન આઠમું.

(સ્થળ : ખુશાલભવન પાલીતાણા. સં. ૨૦૦૬
પો. વ. ૧૩ તા. ૧૬–૧–૫૦)

**जीयात् पुण्यांगजननी, पालनी शोधनी च मे ।**
**हंसविश्रामकमल–श्रीः सदेष्टनमस्कृतिः ॥**

જેના મનરૂપી ગાઢ વનમાં નમસ્કારરૂપી કેસરીસિંહનું બચ્ચું રમણ કરે છે તેના મનમાં દુઃખ–દારિદ્રરૂપી હાથી-ઓના ટોળાં કે સંકલ્પ–વિકલ્પરૂપ જાળા ફરકી શકતા જ નથી. કેમકે આ નાનકડો પણ મંત્રરાજ એ ચૌદપૂર્વનો સાર કે બાર અંગનો ઉદ્ધાર છે

આ પૂર્વો કાંઈ વાંચવાથી જાણી શકાતા નથી પણ એ શિખવા માટે લબ્ધિઓ અને સિદ્ધિઓ જે વિનય, તપ આદિથી પ્રાપ્ત થાય છે, તેનાથી તે જાણી શકાય છે.

વિનય એ પણ અભ્યંતર તપ છે. જેમકે ભગવાન મહાવીર પરમાત્માનો ઇંદ્રભૂતિએ એવો વિનય કર્યો કે–

ત્રિપદી મળવા માત્રથી પ્રભુનું જ્ઞાન તેમનામાં ઉતર્યું. અને બારે અંગેની રચના કરી. બાહ્ય તપથી શરીરની ધાતુઓ તપે ત્યારે જ ચિત્તશુદ્ધિ થાય છે અને પછીથી જ વિદ્યાઓ પ્રાપ્ત થઇ શકે છે. હજુ ભણવું સહેલું છે પણ તેને ધારી રાખવું એ એથી પણ વધુ મુશ્કેલ છે. કેમકે ભૂલવું એ તો મનનો ધર્મ છે. વિશિષ્ટ કોટીનાં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તો આત્માને પરમેષ્ઠિઓ પ્રત્યે વિનીતભાવ કે ગુરુભક્તિ-પૂર્વકનો અધ્યવસાય જોઇએ છે.

જેમ પુરુષ અને તેની છાયા, કે રાજા અને મંત્રી એ જુદા રહી શકતા નથી, તેમ સૂત્ર અને અર્થ એ ઉભયની સમાન ઉપયોગિતા છે. અર્થ એ તીર્થંકરદેવોએ કહ્યો છે અને સૂત્રો ગણધર ભગવંતોએ ગુંથ્યા છે. ઉપદેશ એ સૂત્રના અર્થશ્રવણ તુલ્ય છે. જેટલો રસ વ્યાખ્યાન-શ્રવણમાં જોઇએ તેટલો જ રસ સૂત્રો કંઠસ્થ કરવામાં પણ જોઇએ.

નવકારને સુખમાં કે દુઃખમાં અને ખાસ કરીને કષ્ટ સમયે પુનઃ પુનઃ સ્મરણ કે એનો અભ્યાસ કરવાથી એનો સ્વાનુભવ થાય છે, જેમ શ્રીપાળને થયો અને આપણને જેમ ભુખ લાગે ત્યારે આહારની આવશ્યકતાનું અનુભવ-જ્ઞાન થયું છે તેવું અનુભવજ્ઞાન દુર્ગતિ કે દુર્ધ્યાન દૂર કરવા પરમ આવશ્યકતા નવકારની લાગવી જોઇએ. અશુચિ-સમયે પણ નવકારસ્મરણનો નિષેધ નથી, જે દોષ દુર કરવો હોય કે જે કોઇ ગુણ પ્રાપ્ત કરવો હોય તેણે બધા

ઉપાયોમાં નિષ્ફળ નિવડયા છતાં નવકારની અજમાયશ કરી નવકારને સ્વાનુભવ સિદ્ધ બનાવે ત્યારે જ નવકારન પ્રત્યેક અક્ષર ઉપર ૧૦૦૮ વિદ્યાઓ અને એક એક પદમાં એક એક સિદ્ધિ રહેલી છે તેની ખાત્રી થાય માટે જ નવકારને રત્નની પેટી કહી છે. જેમાં ભાર અલ્પ અને મૂલ્ય ઘણું એ રત્ન ગણાય. નવકાર અનેક રત્નોની પેટી છે.

નવકાર ગણનાર બુદ્ધિહીન હોય તો જ એમ માને કે નવકાર ગણવા છતાં આપત્તિ ટળતી નથી. આપત્તિ જ્યાં સુધી ન જાય ત્યાં સુધી સાચો બુદ્ધિમાન નવકારને છોડે જ નહીં અને બુદ્ધિહીનને તો શાસ્ત્રશ્રવણ કરવાનો પણ હક્ક નથી તો પછી આવું અનુભવજ્ઞાન તો તેને પ્રાપ્ત જ કેમ થાય ?

## વ્યાખ્યાન નવમું.

( સ્થળ–ખુશાલભવન–પાલિતાણા સં. ૨૦૦૬ પો. વ. ૧૪ તા. ૧૭–૧–૫૦ )

**आदिमं पृथिवीनाथ–मादिमं निष्परिग्रहम् ।**
**आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥**

ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્રની શરૂઆત જ આ શ્લોકથી કલિકાલસર્વજ્ઞે કરી છે. જે શરૂઆત હંમેશાં મોટે ભાગે ધર્મની મંગલમયતા અને સંસારની નિર્ગુણતા બતાવીને જ કરાય છે. આ રીતની શરૂઆત પણ મંગલમય જ કહેવાય. કેમકે ઉત્કૃષ્ટ ધર્મરૂપ મંગલ પણ ધર્મી વિના રહી શકતો નથી. તો આ ઉત્કૃષ્ટ ધર્મીના સ્મરણમાં પણ અહિંસા, સંયમ, તપ કે દર્શનાદિ ચારે પદોનું સ્મરણ પણ આવી જ ગયું.

ધર્મનો મહિમા કહેતાં કહ્યું છે, કે- **देवा वि त नमंसंति जस्स धम्मे सया मणो ।** જેનું મન ધર્મમાં છે તે નવું પુણ્યધન પેદા કરે છે, જ્યારે દેવતાઓ તો પૂર્વ-પ્રાપ્ત પુણ્યધન ભોગદ્વારા ખર્ચી રહ્યા છે. જેને દેવો પણ નમે તેને રાજા-રંક આદિ નમે જ. કોઇપણ સાચા જ્ઞાની પુરુષો ધર્મના શરણે ગયા વિના રહી શકતા જ નથી. આજના પઠિતમૂર્ખો ભલે ધર્મની કિંમત ન આંકે પરંતુ સાચા જ્ઞાની પુરુષો તો પોતાને પ્રાપ્ત થયેલ જન્મના કારણરૂપ શુભ કર્મને જરૂર માનશે. આ શુભ કર્મ એ જ અહિંસા, સત્ય, સંયમાદિ રૂપ છે.

મનુષ્યની કાયા જ એવી છે કે-જેટલો ભોગ એટલો જ રોગ, અને જેટલા રસોનું સેવન એ જ વ્યાધિનું મૂળ છે, તેથી જે નીરસ આહારાદિનું સયમપૂર્વક સેવન કરશે તે જ દ્રવ્ય કે ભાવરોગથી મુક્ત રહી શકશે. જેમ ડોકટરી વિદ્યા એ એક બાહ્ય ચિકિત્સાશાસ્ત્ર છે, તેમ ધર્મશાસ્ત્ર એ પણ મહાશાસ્ત્ર છે

કંડુરાજા નાસ્તિકપણામાં ભોગો ભોગવી ક્ષયનો શિકાર બન્યા. પછીથી ધર્મબુદ્ધિ થવાથી તેની સભામાં ચાલતા નૃત્યાદિના પ્રસંગે કુળદેવીએ જે ×શ્લોકનો પત્ર આકાશમાંથી નાંખ્યો તે વાંચીને ધર્મમાં દૃઢ બની વિચારે છે કે ધર્મથી પ્રાપ્ત થયેલ ઐશ્વર્યાદિ હોવા છતાં સ્વામીદ્રોહ કે દેવ-ગુરુનો દ્રોહ કરનારનું કદાપિ શુભ થતું નથી. આથી પોતે દીક્ષા લઇને શત્રુંજય ગિરિરાજનું આરાધન કરે છે.

---

× धर्माद्राधगतैश्वर्यो, धर्ममेव निहन्ति यः ।
कथं शुभायतिर्भावी, स स्वामिद्रोहपातकी ॥

ધર્મ કે નવકારની સમજણ એ બુદ્ધિનો વિષય નથી પણ કેવળજ્ઞાનનો વિષય છે. આવા વિષયમાં તો પોતા કરતા અધિક જ્ઞાનીને જ પ્રમાણ માનીને સમર્પિત ભાવે મળવું જોઇએ.

—o—

## વ્યાખ્યાન દશમું.

( સ્થળ–ખુશાલભવન પાલિતાણા. સં. ૨૦૦૬ પો. વ. ૦)
તા. ૧૮–૧–૫૦ )

**जीयात् पुण्यांगजननी, पालनी शोधनी च मे ।**
**हंसविश्रामकमल–श्रीः सदेष्टनमस्कृतिः ॥**

પંચપરમેષ્ઠિ નમસ્કાર એ સંસારરૂપી કર્મના સંગ્રામની અંદર જીવના અંતરંગ દુશ્મનોના પ્રહારોથી બચવા માટેનું અપૂર્વ બખ્તર છે. જેના હૃદયરૂપી ગુફામાં નવકારરૂપી કેસરીસિંહનું કીશોર વસતું હોય તો તેની પાસે સંસારનો કોઇપણ યોદ્ધો ફરકી પણ શકતો નથી.

સંસારમાં શત્રુભૂત દ્રવ્યકર્મમાં જ્ઞાનાવરણીયાદિ છે, જે તેના વિપાકથી જ દરેકને અનુભવગમ્ય છે. જેમકે દર્શનાવરણીય ઘેરી લે ત્યારે જીવને વ્યાખ્યાનશ્રવણે પણ ઝોકું ખવરાવે છે. જો કે આત્મા ઇચ્છતો નથી.

મિથ્યાત્વ–અવિરતિ–પ્રમાદ–કષાયના અધ્યવસાયો એ ભાવકર્મ છે, જેથી દ્રવ્યકર્મના ઉદયે જીવને મોહ થાય છે. આમ અરસપરસ બંધ ચાલ્યા જ કરે છે. કર્મના યુદ્ધમાં જે આત્મા જીતી જાય તે દેવાધિદેવ છે.

આમાં જીતવાનું બળ આપનાર પંચપરમેષ્ઠી મંત્ર છે. જે નવકાર ચિંતામણિરત્ન કે કલ્પવૃક્ષ સમાન છે, તે તેને મળવા છતાં હજુ ત્રાંબાના પૈસાની પણ ઇચ્છા શમી નથી તેને નવકાર મળ્યો કેમ કહેવાય ?

ધર્મ એ બુદ્ધિના આઠ ગુણોવાળા જ સમજી શકે, પરંતુ સંસારમાં અતિરાગી કે અતિદ્વેષી અતિમૂઢ કે વ્યુદ્‌ગ્રાહિત એ ધર્મશ્રવણને માટે પણ અયોગ્ય કહ્યા છે. અને તેવાને ઉપદેશ આપનાર પણ પાપના ભાગી માન્યા છે. જે દુનિયાના જીવોને સુધારવા નીકળ્યા છે તેના જેવા અજ્ઞાની જીવો બીજા કોઇ નથી. અને જગત ન સુધરે તેની જંજાળ વહોરીને જ જાતે ડુભાય છે. પોતાને જ સુધારવા માટે યાવત્ ધર્મોપદેશાદિ જેવાં ધર્મકાર્યો કરવાના છે. યાવત્ તીર્થંકરો પણ આ સંસારને સુધારી શક્યા નથી, કેવળ ભવસ્વરૂપ અને કર્મસ્થિતિની ચિંતવના કરનાર જ '**સવી જીવ કરું શાસનરસી**' એવી ભાવના ભાવી શકે છે, પરંતુ કૃતિ કે મહેનત તો જે જીવો તેમને શરણે આવ્યા તેમને માટે જ કરે છે, **સઘળા જીવો સુખી થાઓ** વગેરે ભાવના રખાય, યાવત્ **મરતો માણસ પણ જીવો** એ ભાવના રખાય, પણ થાંભલાને જેમ મનુષ્ય બનાવવાનો પ્રયત્ન ન કરાય તેમ બીજાના કર્મનો ક્ષય કરવા યાવત્ તીર્થંકરો પણ મહેનત કરતા નથી

આપણને મળેલ સંપત્તિનો ઉપયોગ શેમાં કરવો એ જ આપણા ઉદ્ધાર માટે જ વિચારવાનું છે. ભાવના અને કૃતિનો વિષય એક ન હોઇ શકે.

પંચપરમેષ્ઠિ નમસ્કારથી અશુભ કર્મપ્રકૃતિનો ક્ષય અને શુભ પ્રકૃતિની વૃદ્ધિ થાય છે. એ આજના શ્લોકનું રહસ્ય છે.

આપણા જીવની વર્તમાનદશાની પ્રાપ્તિના વિચારથી સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. પોતે નિગોદમાંથી માણસ થયો તેટલી ઉંચી હદે લાવનાર ધર્મ જ છે. એ વિચારમાં જીવ વીર્યહીન બનીને ઉંડો ઉતરતો નથી. જ્યારે અન્યના દોષો જોવામાં કાગડા કરતાં પણ લાંબી ચાંચ કરે છે અને ચાંદા શોધે કે પાડે છે. સ્વની ઉંડી શોધ કરે ત્યારે જ નિષ્કારણ બંધુ સમાન ધર્મને જોઇ શકાય.

ધર્મનો પ્રારંભ પણ ધર્મની પરીક્ષા કરીને પોતાની જાતને સાચેસાચ અવગુણનો ઓરડો માને અને ગુણનો લેશ પણ હજુ મારામાં નથી એવું માને ત્યારથી જ શરૂ થાય છે. આ મુજબ પૂર્વાચાર્યો હૃદયપૂર્વક સ્તવનોમાં એકરાર કરે છે. જ્યારે આપણે તેવું માનતા નથી તેથી જ આપણી મલીનાવસ્થા ટળતી નથી.

જે પોતાના અવગુણ દેખી જ શકતો નથી તે પારકાના ગુણો કેમ જોઈ શકે ? આવી સ્થિતિ આવ્યા વિના ભાવધર્મનો પ્રારંભ થાય નહીં. તે પહેલાં તો દ્રવ્યધર્મ હોઇ શકે. થતા સર્વ ધર્મ કે તેથી મળતાં સર્વ શુભ ફળોની માલીકી તે ધર્મના કથક, દર્શક કે તીર્થભૂત સંઘની છે. એવી સરળ માન્યતા ન આવે ત્યાં સુધી ખોટો મદ

ઉતરતો નથી. વાસ્તવિક દૃષ્ટિએ પૂર્વ જન્મનાં સુકૃત એ જ સાચો ધણી છે.

—o—

## વ્યાખ્યાન ૧૧ મું.

( સ્થળ–ખુશાલભવન પાલિતાણા સં. ૨૦૦૬ મહા સુદ ૧ તા. ૧૯–૧–૫૦ )

**आदिमं पृथिवीनाथ० :—**

બે પ્રકારના તીર્થો હોય છે. જંગમ તીર્થ અને સ્થાવર તીર્થ. જંગમ તીર્થમાં પ્રથમ ગણધર અને ચતુર્વિધ સંઘ છે. સંઘ એ દ્વાદશાંગ શ્રુતને ધારણ કરનાર છે. કેમકે જૈન-શાસનનું શ્રુતજ્ઞાન એ આચાર માટેનું હોય છે. ને આચાર સંઘમાં જ હોય છે. જેમ શરીર માટે આહાર અને આહારાદિ માટે ધન છે, તેથી જે ધનનો ઉપયોગ આહારાદિદ્વારા શરીર માટે થાય તે જ ધન કહેવાય. બાકીનું ધન એ તો બોજો જ કહેવાય. તેથી આહારનો ઉપયોગ જે દેહ માટે તે જ વાસ્તવિક કહેવાય. જ્યારે આહારની આસક્તિ માટેનું ભોજન તે તો તિર્યંચ કરતાં પણ ઉતરતું કહેવાય વગર ભૂખે ખાધેલું જ્યાંસુધી બહાર ન નીકળી જાય ત્યાં સુધી જીવને ચેન પડતું નથી. એવી આ દેહની રચના છે. અજીર્ણની ફરીયાદ તિર્યંચમાં દેખાતી નથી. જ્યારે મનુષ્યમાં તે રોગ વિનાની વ્યક્તિ શોધવી મુશ્કેલ થાય છે.

સામાન્ય રીતે મનુષ્યના શરીરને ટકાવવા માટે આયુષ્ય ટકાવવા માટે એક શેર અનાજ પૂરતું છે. જો કે શાસ્ત્રકારોએ તો તેથી પણુ ઉણા રહેવાનું કહ્યું છે. જેથી જળ અને વાયુ માટે અવકાશ રહે, પરંતુ રસનાને તો કેવળ સ્વાદ જ લેવાનો છે. તે બત્રીશ રાણાની રાણીને કદાપિ થાક લાગતો જ નથી બીજા બધા હોઠ, દાંત, નાક આદિ તેના દાસો છે. તે જીભને તો પછીની કે પહેલાની ફીકર નથી. તકલીફ હોય તો પેટ-શરીરને છે, બીજી ઇંદ્રિયોના વિષયનો ત્યાગ સુશક્ય છે, પરંતુ જીભના વિષયોનો ત્યાગ અતિદુષ્કર છે. કહ્યું છે કે- इन्द्रियेषु रसना बलवती ।

મુનિઓને અન્ય ચાર ઇંદ્રિયોના વિષયોના ભોગો સુલભ નથી, જ્યારે રસના ઇંદ્રિયના ભોગો સુલભ હોવાથી તેનો જય અતિકઠીણ થાય છે. જ્યાં જુઓ ત્યાં અંદરથી જોવામાં આવે તો સંસારમાં પ્રભુત્વ કામિની અને કંચનનું છે. એ બેનું પ્રભુત્વ ઉતરે એટલે પછીથી તે પુરુષ સંસારમાં રહી શકે જ નહીં. જેમકે જંબૂકુમાર.

જીવરૂપી રાજાને જીભરૂપી રાણી તેનો મોક્ષ થવા દેતી નથી. બાહ્ય કે અભ્યંતર તપનું મૂળ તો જીભનો સંયમ જ છે. આ જિહ્વા તો દલાલણ છે. તેને તો શરીરનું કે ધાનનું જોવાનું જ નથી. એ તો મોટું જકાતથાણું છે. જીવ જો જીભને આધીન કરે તો તે દ્વારા યાવત્ જગત્‌ના ત્રિવિધ તાપ તીર્થંકરોની જેમ શમાવી શકે છે. જો જીભને બીનજરૂરી દ્રવ્યો આપવા બંધ કરે તો જીવનો

આપોઆપ વિજય થઈ જાય છે. કેમકે આ જીવ સિદ્ધના જીવની જેટલા જ ગુણવાળો છે. પણ તેને બહાર આવવા માટે મોટો અંતરાય કરનાર હોય તો તે જીભ છે

જડ કે જળનો સંગ જીવમાં જ્વરરૂપ રોગો લાવી અંતરની ચેતનાને રૂંધે છે. જેનો આહાર શુદ્ધ નથી, તેની ન્યાય–સંપન્ન–વિભવાદિ વ્યવહારશુદ્ધિ કદાપિ ટકતી નથી. જ્યારે પાશ્ચાત્ય દેશો ઉંધો ક્રમ કરવા ગયા તેનું અનિષ્ટ આજે પ્રત્યક્ષ અનુભવાય છે. ધનવાનમાં કૃપણતા અને વિદ્વાનમાં દરિદ્રતા હોવાથી વ્યવહારશુદ્ધિ શકય નથી. તે બધાનું મૂળ કારણ આહારની અશુદ્ધિ જ છે. આ ભારતીય દર્શનકારોનો મત છે. શુદ્ધ આહારમાં ચુસ્ત હોય એ જ વ્યવહારશુદ્ધિ સાચવી શકે છે, પરંતુ તે વ્યવહાર-શુદ્ધિ આવ્યા વિના ધર્મનું અધિકારીપણું આવતું જ નથી. **पढमं नाणं तओ दया ।** જે જ્ઞાન ભણ્યા પછી દયારૂપ આચરણ નથી તે જ્ઞાન તો ગધેડા ઉપર ચંદનના બોજા સમાન છે તે માટે કહ્યું છે કે-

**जहा खरो चंदणभारवाहो, भारस्स भागी नहु चंदणस्स ।**
**एवं खु नाणी चरणेण हीणो, भारस्स भागी न हु सुग्गईए ॥**

શ્રી જિનશાસનની ક્રિયાઓ એ કેવળ ક્રિયા–કાંડ નથી પરંતુ મોક્ષની ઉત્પાદક છે, એ ક્રિયા તે ચરણસિત્તરીને શ્રદ્ધા કે આચરણથી ધારણ કરનાર ચતુર્વિધ સંઘ છે. પ્રભાવવંત સ્થાવર તીર્થને ઓળખાવનાર પણ જંગમતીર્થ જ છે. સ્થાવર તીર્થનું તો આપણે બહુમાન હજુ કરીએ

છીએ, પરંતુ જંગમ તીર્થને હડધૂત કરીએ છીએ, પછી મોટો ભવસાગર તરવાની જે અભિલાષા કરાય છે તે કેવી રીતે ફળે ? આવા તીર્થનો પ્રભાવ જોવાના વિષયમાં સ્વમતિની કલ્પનાએ ન ચલાય. પરંતુ પૂર્વાચાર્યોએ જેવો જંગમતીર્થ અને શત્રુંજય આદિ સ્થાવર તીર્થોનો મહિમા વર્ણવ્યો છે, તે વાંચીને જીવનમાં તેનો અનુભવ કે પરચો થાય ત્યારે જ ઉભય પ્રકારનાં તીર્થોનું મહત્ત્વ સમજી શકાય.

—o—

## વ્યાખ્યાન ૧૨ મું.

(સ્થળ—ખુશાલભુવન પાલિતાણા સં. ૨૦૦૬ મહા સુદિ ૭)

વ્યવહારનય અને નિશ્ચયનય એ બંને નયો રથના બે પૈડાં કે પંખીની બે પાંખ સમાન મૂલ્યવાન હોવા છતાં પોતે તે તે નયને મુખ્યપણે માનવા જોઇએ કે જેથી પોતાનું મિથ્યાભિમાન ન પોષાય પણ આત્મિક ગુણ વૃદ્ધિ પામે તે મુજબ જ પોતાની માન્યતા ઘડવી જોઇએ. અને વ્યવહારનયને આધીન જ ભાષાપ્રયોગ થવો જોઇએ.

જેમકે—તીર્થંકરો કદાપિ એમ ન માને કે અમે પરના કલ્યાણ માટે તીર્થ સ્થાપીયે છીએ. અને જેમનું કલ્યાણ તે જ તીર્થદ્વારા થઈ રહ્યું હોય તે કદાપિ એમ ન માને માને કે અમે અમારી યોગ્યતાથી જ કલ્યાણ સાધીએ છીએ પરંતુ એવું જ માને અને બોલે કે આ તીર્થદ્વારા જ અમારૂં કલ્યાણ થઇ રહ્યું છે. અને તેથી તીર્થપતિઓ પ્રત્યે અખૂટ નમ્રતાદિ કેળવે.

બુદ્ધિ વિનાની શ્રદ્ધા એ આંધળી છે અને શ્રદ્ધા વિનાની બુદ્ધિ એ વાંઝણી છે. જો કે બન્નેને પરસ્પર ગાઢ સંબંધ છે તેથી જ સ્વદૃષ્ટિરાગ કે મતિમોહ છોડવો એ મહાપુરુષોને પણ અતિદુષ્કર છે.

કોઈપણ પ્રકારની સાચી ભાવના કે ધર્મક્રિયાદિ મેળવવી હોય તો પ્રથમ તે તે ક્રિયા કે ભાવનાની સાચી અનુમોદના કરવી જોઈએ. જેમ કોઈપણ માણસની મુલાકાત કે મહેરબાની મેળવવી હોય તો પ્રથમ તેના પ્રત્યે આદરસૂચક કે અનુમોદનાસૂચક નમસ્કાર કે પ્રણામ આદિ જેવી ચેષ્ટા વગેરે કરવાં જ પડે છે.

હઠવાદી એવા જ્ઞાની કરતાં સરળ પ્રજ્ઞાપનીય અજ્ઞાની એ મોક્ષમાર્ગમાં અનેકગુણો આગળ છે કેમકે જે સરળ કે ગુર્વાદિ પ્રત્યે શ્રદ્ધાળુ અને પ્રજ્ઞાપનીય છે તે અંતે જ્ઞાની ગીતાર્થ ગુર્વાદિનો સ્વ–પ્રકૃતિ અનુસાર સંગ થયેથી નિયમા પોતાનું કલ્યાણ સાધી શકશે. જે કોઇને ને કોઇને અનુસરવા તૈયાર છે, તે નિયમા પોતાની તેવી વૃત્તિ મુજબ જ્ઞાની ગીતાર્થનો સાચો યોગાવંચક બની ક્રિયાઅવંચક બની ને અંતે મોક્ષપ્રાપ્તિમાં અવંચક બનશે એમાં બેમત નથી.

# વ્યાખ્યાન ૧૩ મું.

( સ્થળ–ખુશાલભવન પાલિતાણા સં. ૨૦૦૬ મહા સુદિ ૮
તા. ૨૬–૧–૫૦ )

ॐ नमो विश्वनाथाय. विश्वस्थितिविधायिने ।
अर्हतेऽव्यक्तरूपाय, युगादीशाय योगिने ॥

શ્રી ધનેશ્વરસૂરિ મહારાજા શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથનું મંગલાચરણ કરતાં જણાવે છે કે- વિશ્વના નાથ, વિશ્વની મર્યાદાને કરનાર, અર્હત્સ્વરૂપ, અવ્યક્ત સ્વરૂપ-વાળા યોગી એવા યુગાદીશ શ્રી ઋષભદેવ પરમાત્માને નમસ્કાર હો.

યુગની આદિમાં રહેલા મનુષ્યોને જીવન વ્યવહાર બતાવનારા, રાજ્ય અવસ્થામાં રહેલા તે વખતના અજ્ઞાન મનુષ્યોને જીવન વ્યવસાય બતાવનારા, શિલ્પકળા આદિને બતાવનારા શ્રી ઋષભદેવ પ્રજાના અધિપતિ–રાજા હતા. તે અવસ્થાના કાર્યો તે જીવોનું રક્ષણ કરવું વગેરે હતું. ભગ-વાનને મતિ-શ્રુત-અવધિ એ ત્રણ જ્ઞાન હતા. તેથી તેઓ લેખનકળા વગેરેના બતાવનાર હતા.

અગાઉ લેખન–ગણિત વગેરે વિના દુનીયા ચાલતી હતી પણ તે પુણ્યથી. કલ્પવૃક્ષ આદિથી તેમનો જીવન-વ્યવહાર ચાલતો હતો, તે વખતે લેખનકળા વગેરેના જ્ઞાનની જરૂર ન હતી. હવે પુણ્ય ઓછું થવાથી વ્યવસાય વગેરે

વિના જીવનવ્યવહાર ન ચાલી શકે. કારણકે તે પુણ્ય ખલાસ થયું હતું. કલ્પવૃક્ષ સ્વયં પ્રભાવી નથી, પણ તેના અધિષ્ઠાતા દેવોના પ્રભાવથી બધું મળતું. તે વખતના હિંસક પશુઓ પણ હિંસકવૃત્તિ વગરના હતા, યુગલિક કાળમાં સામગ્રી અધિક હતી, પણ ઇચ્છા ઓછી હતી. આયુષ્ય લાંબું હતું. પણ વિષયવૃત્તિ ઓછી હતી. મરણ અગાઉ થોડા વખત પહેલાં એક યુગલની ઉત્પત્તિ થાય.

ઋષભદેવ પ્રભુના વખતમાં આયુષ્ય ૮૪ લાખ પૂર્વ હતું. કાયા ૫૦૦ ધનુષ્ય પ્રમાણ હતી. આવડી મોટી કાયાને ધારણ કરવા માટે આહાર કેટલો? ઘણો ઓછો. વસ્તુ ઘણી હતી. પણ જરૂરીઆત ઓછી હતી. પૂર્વજન્મમાં પુણ્ય ઉપાર્જન કરી તે ક્ષેત્રમાં જન્મ થાય. કાયા અન્ન વગર ન ટકે. થોડા અન્નથી તે જીવો ચલાવતા, તેનું કારણ તે આહાર રસકસવાળો હતો. શરીર ટકાવવા અન્ન, અન્ન પકાવવા વાસણ વગેરેની જરૂર પડે.

ભગવાને પાંચ શિલ્પ બતાવ્યા, એકેકે શિલ્પના ૨૦–૨૦ ભેદ હોવાથી ૧૦૦ શિલ્પ બતાવ્યા. બ્રાહ્મીને લેખનકળા, સુંદરીને ગણિતકળા શિખવાડી. યુગલીયા પ્રથમ નીતિ પ્રમાણે ચાલતા હતા, કાળના પ્રભાવે તે ધીમે ધીમે જતી રહી. પ્રથમ હાકાર, માકાર અને પછી ધિક્કાર નીતિ પ્રવર્તિ. તેથી પણ ન અટકયા તેથી રાજાની જરૂર હતી. ધિક્કાર–નીતિથી પણ અકાર્યથી અટકે નહિ તેને માટે દંડનીતિની જરૂર હતી. દંડ કરવાની શક્તિ હતી પણ તેવી વૃત્તિ

ન હતી. તેથી રાજાની જરૂર પડી, ઇંદ્રે પ્રભુનો રાજ્યાભિષેક કર્યો. યુગલીયા પ્રભુના રાજ્યાભિષેક માટે જળ લેવા ગયા હતા, પણ ઇંદ્રે રાજ્યાભિષેક કરી પ્રભુને વસ્ત્રાભૂષણથી ભૂષિત કર્યા યુગલીક લોકો જળ લઇને આવ્યા ત્યારે પ્રભુને શરીર ઉપર અભિષેક કરવાથી અવિનય ગણાય તેથી પ્રભુના અંગુઠે અભિષેક કર્યો. તેથી તેઓને વિનીત જાણી, ઇન્દ્રના આદેશથી કુબેરે વિનીતા નગરી સ્થાપી.

અવસર્પિણી કાળના પ્રભાવે વસ્તુઓ ઓછી થવા માંડી, વસ્તુ ઓછી થાય-અલ્પ હોય ત્યારે કલેશ-કકાસ થાય, તેથી પ્રભુએ લોકોના જીવનવ્યવહાર માટે કળાઓ બતાવી. પ્રભુએ કળાઓ બતાવી તે લોકોના સ્વ-સંરક્ષણ માટે હતું. અત્યારે વિજ્ઞાનકળાનો વિકાસ સંહારક તરીકે બની રહ્યો છે, તે વખતનું લોકોનું પતન આજની અપેક્ષાએ ઘણું ઓછું હતું.

ઋષભદેવ રાજા હતા, પ્રજાપાલનની તેમની જવાબદારી હતી. તેથી બધો વ્યવહાર બતાવ્યો, દીક્ષા લીધા પછી નહિ. માટે દીક્ષા લીધા પછી સંસારવ્યવહાર દેખાડવાનો આચાર નથી.

પ્રભુ લેખન- ગણિત આદિ કળાઓના જ્ઞાતા હતા, બાવન અક્ષર ઉપરથી અનેક શબ્દો બને. દરેક શાસ્ત્રોમાં અક્ષર ગણીએ તો આ બાવન અક્ષરો જ આવે તે સિવાયનો અક્ષર ન આવે. સંગીતના સુરની જેમ એ બાવન અક્ષરોથી અનેક શાસ્ત્ર લખાય. તેવી રચના અતીંદ્રિયજ્ઞાનના જાણકાર સિવાય ન થઈ શકે. તેનો પૂરાવો વર્તમાનકાળમાં તેના અવશેષભૂત ચતુર્વિધ સંઘ છે.

પૂરા મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન ધરાવનારા આવી રચના કરી શકે. જ્યોતિષ–વૈદક વગેરે શાસ્ત્રોને જણાવનારા સર્વજ્ઞ હોઈ શકે. સૂર્ય–ચંદ્ર–ગ્રહ–નક્ષત્ર આદિ પાસે જવાની મનુષ્યની શક્તિ નથી. છતાં અહીં રહેલા મનુષ્ય તેનું ગણિત જે શાસ્ત્રના આધારે કાઢે છે, તે છદ્મસ્થ ન હોઈ શકે. શ્રી ભદ્રબાહુસ્વામીએ જ્યોતિષ ગ્રંથની રચના કરી છે પણ તે પૂર્વગતશ્રુતના આધારે કરી છે. પૂર્વમાંથી જ્યોતિષ, વૈદક, ગણિત, લીપી, વ્યાકરણ વગેરે ઉદ્ધૃત કરેલ છે.

આજના બુદ્ધિમાન પુરુષોએ કબૂલ કરવું પડે છે કે જ્યાં બુદ્ધિ ન પહોંચે ત્યાં અતીંદ્રિયજ્ઞાન માનવું પડે, બુદ્ધિ દ્વારા ફળ ન બેસે, શ્રદ્ધા વગરની બુદ્ધિ અધુરી છે. શ્રદ્ધા વિનાની બુદ્ધિ પોતાનું પૂર્ણ ફળ બતાવી શકતી નથી.

જંગલમાં ઉત્પન્ન થયેલી વનસ્પતિમાં મનુષ્યમાં રહેલ રોગોને દૂર કરવાની શક્તિ, તેનું નામ વૈદક વિદ્યા.

૧૮ ભાર વનસ્પતિ પ્રમાણ પાંદડાં, તેમાં જુદા જુદા પાંદડાનાં જુદા જુદા ગુણ તેમાંથી થોડા-ઘણાં ગુણો લખાય.

સહસ્રપુટી અભ્રક જે બને, તેને બનતાં ૩ વર્ષ લાગે. એક હજાર જાતની જુદી જુદી વનસ્પતિના પુટ આપી ઘુંટે. પુટ આપવાથી વધારે શક્તિ આવે, તેને જાણવાની મનુષ્યની શક્તિ નથી, પણ તેને જણાવનારાં શાસ્ત્રો છે

અધિક જ્ઞાન બુદ્ધિના ઘરનું નથી. આત્માના ઘરનું છે. બુદ્ધિ આત્માના ઘરનો એક અંશ છે.

જ્ઞાન–દર્શન–ચારિત્ર આત્માની ત્રણ મૂળ શક્તિ છે. અત્યારે સાધન તરીકે અલ્પ જ્ઞાન–દર્શન–ચારિત્રનો આશ્રય લઇ આરાધક બનીયે તો પરિપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્ર પ્રગટ થાય. સદ્‌વર્તન એ ચારિત્રશક્તિનો અંશ છે, સદ્‌બુદ્ધિ એ જ્ઞાનશક્તિનો એક અંશ છે. પૂર્વના શ્રદ્ધાસંપન્ન પુરુષો આગળ આપણી શ્રદ્ધા અલ્પ છે. જ્ઞાનનું ફળ શ્રદ્ધા, શ્રદ્ધાનું ફળ ચારિત્ર છે. જો શ્રદ્ધા હોય તો જ્ઞાનનું મહત્ત્વ છે. જ્ઞાનનું અંતિમ ફળ સદ્‌વર્તન–ચારિત્ર છે.

દરેક શાસ્ત્રો પૂર્વશાસ્ત્રોના આધારે છે. જે નવું બતાવે તે જન્મથી જ્ઞાની જોઇએ. તીર્થંકરો જન્મથી ત્રણ જ્ઞાનવાળા હોય છે.

સામાન્ય જીવોને પણ જન્મતાંની સાથે ખાવાનું અને રમવાનું જ્ઞાન હોય છે, તે પૂર્વજન્મનું શીખેલું સાથે આવ્યું છે, ઉંમર વધતાં પરણવાનું–પરિગ્રહ વગેરેનું જ્ઞાન થાય છે.

દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રાનો ઉદય હોય છે. મોહનીયકર્મના ઉદયથી સંજ્ઞા હોય છે.

ઔદારિક કાયા આહારથી ઘડાય છે. આહારના પુદ્‌ગલો રોગી હોવાથી કાયા રોગી થાય છે. આહારને થોડા કલાક ઢાંકી રાખવાથી બગડી જાય છે. તેનાથી તૈયાર થયેલી કાયા લાંબા કાળે બગડે છે, વૈક્રિય શરીરનાં પુદ્‌ગલો વૈડૂર્યમણિના પુદ્‌ગલ જેવા હોય છે. અત્યારે તે મણિ મળતો નથી, પણ હીરા જેવો તે મણિ હોય છે. તે વૈક્રિય પુદ્-

ગલો ઘણા શુદ્ધ મનોહર આનંદકારી અને શુભ હોય છે, તેવા શુભ પુદ્ગલોથી દેવોની કાયા ઘડાય છે.

જ્યારે નારકીના જીવોના શરીરમાં ઉપયોગી વૈક્રિય પુદ્ગલો વિષ્ટા કરતાં પણ અત્યંત અશુભ હોય છે. પારાની જેમ ભેગા મળી જાય. ક્ષુધા–તૃષ્ણા ઘણી હોય, છતાં ખાવા–પીવાનું મળે નહિ, ન મળે છતાં મરે નહિ. મરવાની ઇચ્છા ઘણી કરે છતાં મરી શકે નહીં. નિદ્રાની ઘણી ઇચ્છા હોવા છતાં નિદ્રા આવતી નથી.

જ્ઞાનીઓ ઉંઘને ખરાબ કહે છે. વિધિપૂર્વક આહાર અને નિદ્રાને ઘટાડવામાં આવે તો તે નુકશાન કરતા નથી જેમ જેમ તપોબળ અને યોગબળ વધે તેમ તેમ નિદ્રા વગેરે ઘટી જાય. અને આરોગ્ય સુંદર બને, પણ તેવું યોગબળ સર્વને સુલભ નથી.

આહાર–નિદ્રા–ભય-મૈથુનવૃત્તિ વગેરે સંજ્ઞાઓ પૂર્વ-જન્મના સંસ્કારથી આવે છે.

આવું બધું જ્ઞાન આવ્યું ક્યાંથી? વજ્રસ્વામીને જાતિસ્મરણ જ્ઞાન સાથે આવ્યું, પણ શ્રુતજ્ઞાન તો સાધ્વીજી મ. પાસેથી ૧૧ અંગ સાંભળવાથી થયું. શ્રી હેમચંદ્રાચાર્ય મ. કલિકાલ સર્વજ્ઞ થયા, પણ નવ વર્ષની ઉંમરથી શાસ્ત્રા-ભ્યાસ કર્યો તેથી થયા.

૧૮ લીપીમાંથી તેનું અનુકરણ કરીને ઘણી લીપી બને છે. બાવન અક્ષર સંસ્કૃત ભાષામાં છે. બીજી ભાષા-ઓમાં ઓછા અક્ષર છે. આ બાવન અક્ષર અને અઢાર

લીપીના મૂળ જાણનાર અને બતાવનાર કોણ? જન્મથી જ તેનું જ્ઞાન ધરાવનાર અને બતાવનાર શ્રી આદિનાથ ભગવાન છે.

સુખની સામગ્રી વચ્ચે રહેલાને બોલવાનું મન થતું નથી. યુગલીયાને ઘણું સુખ હોય છે. તેથી તેને વધારે બોલવાનું હોતું નથી. યુગલિકકાળ અતિસુખમાં જલ્દી પસાર થાય છે. તે વખતે સુખસામગ્રી ઘણી હતી. અત્યારની કળા વગર તેઓ સુખશાંતિથી સમય પસાર કરી શકતા હતા.

આપણાં સુખોપભોગ તો માથું ફોડી શીરો ખાવા જેવા છે. તે માટે શિક્ષણ લેવું પડે છે, પરિશ્રમ કરવો પડે છે. એકડો શીખતા પણ છ મહિના લાગે. ચિત્રકારને ચિત્રકળા શિખતાં કેટલી તકલીફ પડે છે? પણ પછી તે બધું ભૂલી જાય છે મોહનું આવરણ જીવને ભાન થવા દેતું નથી. સાધુને વ્યાખ્યાન વાંચવા માટે તૈયાર થતાં કેટલી તકલીફ વેઠવી પડે છે?

જન્મથી જ જ્ઞાની કોઈ ઉત્પન્ન થયા હોય તો તે તીર્થંકરો છે. આપણને આ બધો ઉપકાર આદિનાથ ભગવાનનો છે. લૌકિક દૃષ્ટિએ ગુરુનો ભલે ઉપકાર માનીએ પણ પરંપરાએ બધો ઉપકાર આદિનાથ ભગવાનનો છે. એ જાતની કૃતજ્ઞતા જો આપણામાં આવી જાય તો આપણા દર્શન વગેરેમાં ઘણો ફેર પડી જાય.

પાપ વધે તેનું નિવારણ કરવા ભગવાન કળાઓ બતાવે છે, પાપકર્મમાં ડૂબી જતી મનુષ્યજાતિનો ઉદ્ધાર

કરવા ભગવાને કળાઓનું જ્ઞાન આપ્યું. તે જ્ઞાન તેમણે ન આપ્યું હોત તો તે વખતે તેમની કરુણા નાશ પામી જાત.

જ્ઞાનનો દુરુપયોગ કરનારને જ્ઞાન નુકશાનકારી નિવડે છે. નિરક્ષરને અક્ષરજ્ઞાન આપવું, રોગીને ઔષધ આપવું વગેરે પાપ નથી પણ તેનો દુરુપયોગ કરવો એ પાપ છે.

મોહરૂપી વિષને ઉતારનાર ધર્મકળા આપવી એ ખાસ જરૂરી છે. તે સમયમાં પ્રભુએ કળાઓ ન બતાવી હોત તો અનીતિ વધત. આજે ધર્મકળા ન આપે તો અનીતિ વધે, માટે આજે ધર્મકળા વિશેષ જરૂરી છે.

પ્રભુ વિશ્વનાથ હતા. ત્રણ ભુવનમાં ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય હોય, મનુષ્ય, દેવ, નારકી, તિર્યંચ હોય. વિશ્વ-નાથ એટલે ભવ્ય જીવોના નાથ.

નાથ તે કહેવાય કે- જે ન મળ્યું હોય તે મેળવી આપે, મેળવ્યું હોય તેનું રક્ષણ કરી આપે. જગત્‌માં ભવ્યો ઘણા હોય, અભવ્ય અતિઅલ્પ હોય સર્વ સિદ્ધો કરતાં એક નિગોદમાં અનંતગુણા જીવો હોય છે.

ભગવાન જે જીવોનું ભવ્યત્વ પાકયું હોય તેના નાથ છે. ભવ્યત્વ પાકયું કોને કહેવાય? જેમ પાકી કેરી. કેરી પાકે એટલે તેના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ સુધરે. તેમ જેનું ભવ્યત્વ પાકે તેની પ્રકૃતિ સુધરે. તેનામાં વિનય, વિવેક, નમ્રતા, કોમળતા, દયાળુતા વગેરે હોય.

કાલસૌરિક કસાઇનો દીકરો સુલસ કસાઈ હોવા છતાં દયાળુ હતો, કારણકે તેનું ભવ્યત્વ પાકયું હતું.

જેનું ભવ્યત્વ પાક્યું હોય તેના ભગવાન નાથ થઈ શકે. બધી વસ્તુ મળે પણ બોધિ ન મળે. તેને મેળવી આપનાર ભગવાન છે. ઘણી વખત નિસર્ગથી સમકિત થાય પણ તેમણે પૂર્વજન્મમાં ભગવાનની આરાધના કરેલી હોય છે.

ભગવાનને નાથ માને તેનું ભવ્યત્વ પાકેલું છે. પછી નાથ શા માટે? જે વસ્તુઓ મળી છે તે માટે. ઘણા ભાગ્યશાળીઓની સંપત્તિ પરોપકાર માટેની હોય છે, તે પોતે ભોગવવા ઇચ્છતા નથી, તેઓની ઉત્તમ મનોવૃત્તિ હોય છે. છતાં તેની પાસે લેવા ન જાય તો આપે કેવી રીતે?

યુગલિક સમયમાં વસ્તુ ઘણી હતી પણ કોઈ યાચક ન હતું. ભગવાન તો બોધિબીજ બધાને આપવા ઇચ્છતા હોય છે. પણ દરેક લેવા ઇચ્છતા હોતા નથી.

કદાચ કોઈ દેવ અર્ધરાત્રે આવીને તમને માગવાનું કહે તો તમે શું માગો? બોધિરત્ન માગો કે વૈડૂર્યરત્ન?

ચારિત્ર લીધા પછી સ્વપ્ન આવે તો કેવું આવવું જોઇએ? દીક્ષા લીધા પછી ભગવાનનાં દર્શન કર્યાં કે એવા ઉત્તમ સ્વપ્નો નથી આવતાં પણ પરિગ્રહ વગેરેનાં વિચારો આવે એ શું બતાવે છે? ભગવાન જે આપવા તૈયાર બેઠા છે, તે માગવાની વૃત્તિ ઉત્પન્ન થઈ નથી.

જગત્‌માં સરાગી પૂર્ણ વસ્તુ આપી શકતા નથી. વીતરાગ જ પૂર્ણ વસ્તુ આપી શકે છે. સાધુપણામાં જે નિર્ગ્રંથ નિષ્પરિગ્રહી હોય તે જ પૂર્ણ વસ્તુ આપી શકે. બીજા ન આપી શકે.

—o—

## વ્યાખ્યાન ૧૪ મું.

( સ્થળ–ખુશાલભવન પાલિતાણા સં. ૨૦૦૬ મહા સુદિ ૯ તા. ૨૭–૧–૫૦ )

ॐ नमो विश्वनाथाय०

શ્રી જિનેશ્વરદેવોએ બે પ્રકારના ધર્મની પ્રરૂપણા કરી, ૧ સાધુધર્મ અને ૨ શ્રાવકધર્મ.

સર્વસંગનો પરિહાર કરનાર, પંચમહાવ્રતના પાલક સાધુ મહાત્મા હોય છે

શ્રાવકો ત્રણ પ્રકારના છે. ૧ ઉત્કૃષ્ટ, ૨ મધ્યમ, ૩ જઘન્ય.

ઉત્કૃષ્ટ શ્રાવક કર્માદાનના ત્યાગી હોય. જઘન્ય શ્રાવક તેવા ત્યાગી ન હોય. પણ ત્યાગ કરવા યોગ્ય માને. કર્માદાનને સારા ન માને.

પ્રતિક્રમણ એ દરેક શ્રાવકે કરવાનું છે. જેમણે બાર વ્રત ન લીધા હોય તેમણે પણ પ્રતિક્રમણ કરવાનું છે. તે માટે કહ્યું છે કે–

**पडिसिद्धाणं करणे, किच्चाणमकरणे पडिक्कमणं ।**
**असद्दहणे अ तहा, विवरीयपरूवणाए य ॥**

શાસ્ત્રમાં નિષેધ કરેલનું સેવન કર્યું હોય, શાસ્ત્રમાં જે કાર્ય કરવા લાયક કહ્યાં હોય તે ન કર્યાં હોય, જિનમતમાં

અશ્રદ્ધા કરી, અને શાસ્ત્રવિરૂદ્ધ પ્રરૂપણા કરી હોય. આ કારણોથી દરેકે પ્રતિક્રમણ કરવું જોઇએ પ્રતિક્રમણથી આ ચારેય દોષોની શુદ્ધિ થાય છે.

કારખાના કરવાથી ત્રસ જીવોની જે હિંસા થાય છે તે આરંભિક હિંસા છે, પેટમાં કરમીયા થઇ ગયા હોય અને જુલાબ લે તેમજ કાનમાં ગયેલ કાનખજૂરા વગેરેને કાઢવા માટે દૂર કરવા માટે જે ક્રિયા કરવી પડે તેમાં જે જીવોની હિંસા થાય તે સાપેક્ષ હિંસા છે, સાપેક્ષ પાપનું નિવારણ થઇ શકે છે. સપ્રયોજન અનેક પંચેંદ્રિય જીવોની હિંસા કરનાર કુમારપાળ રાજા બાર વ્રતધારી રહી શક્યા છે, નિષ્કારણ મચ્છર જેવા જીવોની પણ હિંસા કરનાર, અહિંસા વ્રતધારી તરીકે રહી શકતો નથી. કારણ કે પરિણામમાં ફેર છે.

જઘન્ય શ્રાવક મદ્ય–માંસનો ત્યાગી હોય છે. મદ્ય–માંસભોજીના સંસર્ગથી આ દેશમાં હિંસા વધી છે. અનાર્ય દેશમાં તેને અભક્ષ્ય મનાતું નથી. શ્રી નેમિનાથ ભગવા–નના વખતમાં માંસ ખવાતું હતું પણ તેને અભક્ષ્ય મનાતું. તે ખાનારાને નરકના અધિકારી કહ્યા છે, તે લોકો પણ તેને અભક્ષ્ય માનતા તેથી તેનું જૈનત્વ ગણાતું.

વિપરીત પ્રરૂપણા અને અશ્રદ્ધા ન હોય તો જૈનત્વ રહી શકે. સંકલ્પપૂર્વક હિંસા ન કરે. કેવળ નવકારમંત્રનું સ્મરણ કરનાર પણ જઘન્ય શ્રાવક કહેવાય.

મધ્યમ શ્રાવકમાં શ્રાવકના ૨૧ ગુણ, માર્ગાનુસારી-

પણાના ૩૫ ગુણ, શ્રાવકના ૧૨ વ્રત ગૃહસ્થના દેવપૂજા, ગુરુસેવા, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન એ કર્મ હોય છે.

દેવપૂજા દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારે છે. જ્યાં સુધી આત્મા અને પરમાત્માનો અભેદ સમજાયો નથી ત્યાં સુધી ભેદપૂજા છે, પુણ્યથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી પણ દુર્ગતિનું કારણ બને છે. તે લક્ષ્મીને પૂજ્ય પુરુષોની પૂજામાં વાપરી દુર્ગતિ અટકાવવી તે દ્રવ્ય દેવપૂજા છે.

પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, જળપૂજા આદિ દ્રવ્ય દેવપૂજા ગૃહસ્થોને છે. ચૈત્યવંદન-સ્તવન આદિ ભાવપૂજા છે. મુનિઓને કેવળ ભાવપૂજા છે. પ્રતિપત્તિ નામની ભાવપૂજા સયોગી કેવળીને હોય છે.

આપણા સ્વામીની અંતિમ ઇચ્છા એ છે કે આપણે તેમના જેવા બનીએ. જ્યાં સુધી અધુરી પૂજા કરીએ ત્યાં સુધી આપણામાં પૂર્ણ ભક્તિ નથી.

છઠ્ઠા ગુણઠાણાથી આગળ વધેલાને પ્રતિક્રમણ વગેરે ક્રિયા નથી. પણ કોઇ એમ કહે કે- "અમે ઉંચી ભૂમિકાવાળા છીએ. અમારે તે ક્રિયાઓની જરૂર નથી." તો એ ખોટું છે કારણકે તે ગુણઠાણાનો કાળ અતિઅલ્પ છે. સાધુપણામાં અપ્રમત્તપણાનો આખી જીંદગીનો બધો કાળ ભેગો કરીએ તો પણ તે અપ્રમત્તપણાનો કાળ અંતર્મુહૂર્ત જ થાય. હીંચકાના અંતિમ છેડા જેટલો કાળ અપ્રમત્તપણાનો છે. માટે અત્યારે તો ક્રિયા વગર અવકાશ જ નથી.

શ્રી જિનેશ્વરદેવનું દર્શન કરનાર અવિરતિ એવા

શ્રેણીક અને સાધુ ભગવંતોને વંદન કરનાર અવિરતિ એવા કૃષ્ણ વાસુદેવ જિનનામકર્મના બાંધનાર થયા.

ઉત્કૃષ્ટ શ્રાવક સચિત્તમાત્રનો ત્યાગી હોય, મુખ દ્વારા સચિત્ત વસ્તુ ન નાંખે. તેને સચિત્ત આહાર ખાવાની ઇચ્છા ન થાય. સચિત્ત જીવોને ખાવાની ઇચ્છામાત્રથી તંદુલીયો મત્સ્ય સાતમી નરકે જાય છે. સચિત્તવર્જનનો સંસ્કાર ન હોય તો જીવ હલકી ગતિમાં જાય તો પંચેંદ્રિયનો વધ પણ કરે. માટે શ્રાવકે સચિત્તનો ત્યાગ કરવો જોઇએ. સચિત્તના ત્યાગી બીજી ગતિમાં જાય ત્યાં જાતિસ્મરણ જ્ઞાન પામે તો સચિત્ત જીવો વગેરેના ત્યાગી પણ બને. ઉત્કૃષ્ટ શ્રાવક અબ્રહ્મનો ત્યાગી હોય, આરંભનો ત્યાગી હોય, અનુમતિ સંસારની અંદર રહેવા પૂરતી હોય, વધારે ન હોય. કર્મવશાત્ સાધુ અવસ્થા આવી નથી પણ સાધુ જેવું ઉચ્ચ જીવન જીવે. છઠ્ઠી પ્રતિમાનું વહન કરનાર ઉત્કૃષ્ટ શ્રાવક કહેવાય.

શ્રાવકજીવનમાં સર્વોત્કૃષ્ટ વિરતિ કરી ચૂકેલ, વ્રત-નિયમમાં રંગાયેલ એવા તેને સાધુપણાથી ઓછું ખપતું નથી. દાસ–દાસીઓને હુકમ પણ કરતો નથી. અંતર્મુહૂર્તમાં છઠ્ઠા ગુણસ્થાનને સ્પર્શનારા ઉત્કૃષ્ટ શ્રાવક છે.

અત્યારે પ્રતિમાવહનનો નિષેધ છે. તે પ્રતિમાઓનો નિર્વાહ ઓછે–વત્તે અંશે ઉપધાનતપ વહન કરવામાં આવે છે.

સમ્યક્ત્વ, વ્રત, પૌષધ, સચિત્ત ત્યાગ, પોતાના માટે બનાવેલો આહાર ન લેવો, પોતાના દાસ–દાસી સ્ત્રી–પુત્ર

વગેરેને સંબંધો પ્રમાણે સંબોધન ન કરવું વગેરે શ્રાવકની ૧૧ પ્રતિમાઓમાં હોય છે. એનો સારાંશ ઉપધાનતપમાં અમુક અંશે હોય છે ઉપધાન અમુક સમય પ્રમાણ હોય છે.

મધ્યમ શ્રાવકમાં શ્રાવકના ૨૧ ગુણ, માર્ગાનુસારીના ૩૫ ગુણ, શ્રાવકના ૧૨ વ્રત અને ગૃહસ્થના છ કર્મ આદિ હોય છે.

દેવપૂજા અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજારૂપ છે, જેઓ ઈષ્ટદેવને માને પણ તેની મૂર્તિ નથી માનતા, તેનામાં જૈનત્વ નથી, તે બંને માને પણ તેની અંગપૂજાને ન માને કોરી ભાવપૂજા માને તેનામાં પણ જૈનત્વ નથી. કારણકે તે પૂજા પોતાના આત્મા માટે છે, પોતાની અંગપૂજા માને અને ભગવાનની અંગપૂજા ન માને તેનામાં જૈનત્વ નથી. મુનિઓએ પોતાની અંગપૂજા છોડી દીધી છે તેથી તેમને અંગ–અગ્રપૂજા નથી તેમને કેવળ ભાવપૂજા છે, સાધુ દ્રવ્ય-રહિત હોવાથી તેમને દ્રવ્યપૂજાનો અધિકાર નથી.

ઈષ્ટદેવની પૂજા માટે બિંબ જોઈએ. પછી તેની પૂજા થાય.

**પ્રશ્ન** :– ભગવાનની મૂર્તિમાં વીતરાગપણાનું આરોપણ થયા પછી તેમને સચિત્ત જળનો અભિષેક થાય ?

**ઉત્તર** :– થાય.

વીતરાગ થયા પછી લોકોના અનુગ્રહ માટે મર્યાદા-ભંગ કરતા નથી.

અગ્રપૂજા માને પણ અંગપૂજા ન માને તો તે ન માન્યા બરાબર છે.

અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા કે પ્રતિમા અંગે વાંધો બતાવે તે ભગવાનને ન માન્યા બરાબર છે.

જે ભગવાનની પૂજા નથી માનતા તે મહા મોહ-ગ્રસ્ત છે.

ગૃહસ્થ અંગપૂજા કે અગ્રપૂજા છોડે તો સાચો ભાવ ન આવે.

સાધુ અંગપૂજા કે અગ્રપૂજા કરવા જાય તો સાચો ભાવ ન આવે.

સાધુ જેમાં આરંભ હોય તે કાર્ય ન કરે. ગૃહસ્થપણાની ક્રિયા સાધુ કરવા જાય તો અપ્રશસ્ત ભાવ આવે.

**પ્રશ્ન** :– વજ્રસ્વામી ફુલ કેમ લાવ્યા ?

**ઉત્તર**– તેઓ આગમવિહારી દશપૂર્વી હતા, તેઓ શાસનસેવા માટે ફુલો લાવ્યા હતા.

અંગપૂજા કે અગ્રપૂજા વિના ભાવપૂજા કરી આવીએ તો અશુભ ભાવ ઓછા ન થાય.

દ્રવ્યપૂજાથી ભાવ થોડો ઉત્પન્ન થાય તો ભલે થોડો થાય. પણ દ્રવ્યપૂજા વિના ભાવપૂજાની વાતો કરનારા પાસે ન જવું. કારણ વગર કાર્ય ન થાય, દ્રવ્ય વિના ભાવ ન આવે.

ત્રણે લોકમાં ઉત્તમમાં ઉત્તમ જે દ્રવ્ય તે દેવાધિદેવના ઉપયોગમાં આવે.

ગાયમાં દુધ, માંસ અને છાણ એ ત્રણ અંગ છે, દુધ પેય છે, પ્રશસ્તભાવ ઉત્પન્ન કરે છે, માંસ અભક્ષ્ય-અસ્પર્શ્ય છે, તે ખરાબ ભાવ ઉત્પન્ન કરે છે, છાણ સ્પર્શ્ય છે. ત્રણેય અંગો એક જ ગાયના હોવા છતાં જુદા જુદા ભાવ ઉત્પન્ન કરે છે.

ઉત્તમ દ્રવ્ય ન વાપરીયે તો ભગવાન સર્વોત્તમ છે એવો ભાવ ઉત્પન્ન ન થાય.

દેવ પોતે વીતરાગ છે, તેમનું ધ્યાન કર્મને દૂર કર-નાર છે. તેનો મહિમા વાણીથી અગોચર છે. વચનથી તેમના વાસ્તવિક ગુણ ગાઈ શકાતા નથી.

વીતરાગની પૂજા કરવાથી મન નિર્મળ બને છે, તેથી સમાધિ પ્રાપ્ત થાય છે, સમાધિથી કર્મમળ દૂર થાય છે. તેથી નિઃશ્રેયસ-મોક્ષની પ્રાપ્તિ થાય છે.



# વ્યાખ્યાન ૧૫ મું.

(સ્થળ–ખુશાલભવન પાલિતાણા સં. ૨૦૦૬ મહા સુદિ ૧૦
તા. ૨૮–૧–૫૦)

ॐ नमो विश्वनाथाय०

વિશ્વના નાથ, વિશ્વસ્થિતિના રચનાર, ત્રણ જગત્પૂજ્ય, અવ્યક્ત સ્વરૂપ, યોગી એવા યુગાદીશને નમસ્કાર હો.

વિશ્વનાથ એટલે જેનું ભવ્યત્વ પરિપાક થયેલું હોય તેના નાથ.

ઉપકાર કરનારમાં ઉપકાર કરવાની શક્તિ હોય અને લેનારમાં શક્તિ હોય તો કાર્યસિદ્ધિ થાય.

ભવ્યત્વપરિપાક એટલે મુક્તિગમનની યોગ્યતા. અનાદિ નિગોદના જીવો મુક્તિની લાયકાતવાળા હોય પણ તેના પરિપાક ન થયો હોય. પરિપાક થયાની નિશાની એ છે કે–તે જીવને ધર્મની સામગ્રી દેખતા આનંદ થાય. ધર્મપ્રિયત્વ એ તેનું લિંગ છે. જેમ ભોગસામગ્રીનું પ્રિયત્વ એ યુવાવસ્થાનું લિંગ છે. ત્યાંસુધી બાલ્યાવસ્થા છે. તેમ ધર્મસામગ્રી દેખતાં આનંદની લાગણી થાય. ત્યાં જીવના જ્ઞાન–દર્શનાદિ ગુણો મોક્ષમાં જવા માટે કામ કરે છે. આત્મામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર જોઈએ

સાડા નવ પૂર્વ ભણ્યા પછી મોક્ષનું જ્ઞાન બાકી રહેતું નથી પણ ત્યાંથી ઘણી વખત પડી જવાય છે. જ્ઞાન

ભણ્યા પછી પણ જો શ્રદ્ધા અને ચારિત્ર ન હોય તો જીવનું પતન થાય છે.

રુચિ અનુયાયી વીર્ય હોય, જ્ઞાન અનુયાયી રુચિ હોય. ૯।। પૂર્વનું જ્ઞાન ઘણી વખત થાય પણ રુચિ તો ચરમપુદ્ગલપરાવર્તમાં જ થાય.

જીવનો સ્વભાવ એવો છે કે—જાણવા છતાં પણ ભૂલી જાય. સાંભળેલું ભૂલી જાય એવો મોહનો અચિંત્ય મહિમા છે. કર્મના સ્વભાવથી જીવનો સ્વભાવ ઘડાય. તેમ જીવથી કર્મનો સ્વભાવ ઘડાય.

અરૂપી આત્માને કર્મ રૂપી હોવા છતાં હેરાન કરે છે, બીજામાં તાકાત નથી. કર્મના સૂક્ષ્મ પુદ્ગલોમાં એવી તાકાત છે કે– જે જીવને બંધ કરે છે. બીજી રીતે જીવ ગુનેગાર છે કે– તે એવા પરિણામ કરે છે કે જેથી કર્મને બંધાવું પડે છે.

કેરી કાળે તથા અકાળે પાકે. અકાળે પાકનાર કરતાં કાળે પાકનારમાં વધારે મીઠાશ હોય. તેમ એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીના જીવોમાં અકામનિર્જરાથી કાળે કરીને કર્મ ઉદયમાં આવે છે.

જીવરૂપી તુંબડાને કર્મરૂપી માટીના લેપ લાગેલ છે, જેથી તે સંસારસમુદ્રમાં બૂડે છે. જેમ તુંબડાનો ઉંચે જવાનો સ્વભાવ છે તેમ જીવનો પણ ઉર્ધ્વગમન કરવાનો સ્વભાવ છે. કર્મરહિત જીવની સ્વાભાવિક ઉર્ધ્વગતિ હોય છે.

જીવનું ભવ્યત્વ પોતાની મેળે પાકે છે. એકેંદ્રિય

અકામનિર્જરાથી જ આગળ વધી શકે છે. બીજું પુણ્ય કરવાનો ત્યાં અવસર નથી. ત્યાં ધર્મ કર્મ નથી, તે સિવાય પુણ્ય પણ નથી. દુઃખ સહન કરતાં તે જીવો અકામનિર્જરા કરે છે.

**પ્રશ્ન** : સકામનિર્જરા કોણ કરે ?

**ઉત્તર** : પંચેંદ્રિય તિર્યંચ, મનુષ્ય તેમજ દેવતા અને નારકીના જીવો પણ સકામનિર્જરા કરે.

અકામનિર્જરા ઘણી કરે ત્યારે અનેક જીવોમાંથી કોઇક જીવોને જ મનુષ્યત્વ પ્રાપ્ત થાય. અનંતા જીવોમાં ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ છે. ગર્ભજ મનુષ્યોની સંખ્યા ૨૯ આંકડાથી વધારે નથી.

દેવ અસંખ્યાતા છે, નારકી અસંખ્યાતા છે, તિર્યંચોમાં બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય તથા પંચેંદ્રિય તિર્યંચો અસંખ્યાતા છે, એકેંદ્રિય તિર્યંચ અનંતા છે, આમાંથી મનુષ્યભવ પામનાર કેટલા ભાગ્યશાળી છે? જ્ઞાનીની દષ્ટિએ તો કુરૂપ, નિર્ભાગી, સગા-સંબંધી વગરનો દરિદ્ર મનુષ્ય પણ ઘણો ભાગ્યશાળી છે. દેવેંદ્રો કરતાં પણ ઘણો ભાગ્યશાળી છે. કારણકે આ મનુષ્યજન્મમાં જ સંયમની સાધના થઈ શકે છે, આવું ભાન થાય તો પ્રભુના આગમનો સંબંધ થયો ગણાય.

ધર્મની આરાધના કરવામાં દરિદ્રતા, કુરૂપતા વગેરે કાંઇ બાધક નથી. દેવ-ગુરુ-ધર્મની સામગ્રી ન મળે તે જ બાધક છે.

દુર્ભાગ્યથી કંટાળી પર્વત પર ચડી ઝંપાપાત કરી મરવા તૈયાર થયેલા નંદિષેણ, ત્યાં સાધુસમાગમ થવાથી ચારિત્ર લઇ મુનિઓનું વૈયાવચ્ચ કરી તે નંદિષેણમુનિ એવું પુણ્ય ઉપાર્જન કરે છે કે– જેથી કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવ થાય છે. તેનું રૂપ જોઈ તેને ૭૨ હજાર કન્યાઓ વરે છે. તેની વચ્ચે પોતે અનાસક્ત રહે છે ૩૫ હજાર તો તેમાંથી શત્રુંજય ઉપર મોક્ષે જાય છે. એ વસુદેવનો જીવ પૂર્વભવમાં લોકદૃષ્ટિએ કંગાળ હતો છતાં જ્ઞાનીની દૃષ્ટિએ મનુષ્યપણું પામેલ હોવાથી ભાગ્યશાળી હતો.

આથી મનુષ્યની કાયા, દેવની કાયા કરતાં પણ ઉત્તમ છે. એ નક્કી થયા પછી હૈયામાં ધર્મ કરવાના પરિણામ ઉત્પન્ન થશે.

આ કાયાને ધર્મ અને મોક્ષ એ બે પુરુષાર્થ શોભાવે છે. અર્થ અને કામ એ લજાવે છે.

કામ એ રોગ ઉત્પન્ન કરે છે, અર્થ મેળવવો ઘણો કઠીન છે, તેને ભોગવવો તથા સાચવવો પણ કઠીન છે.

**પ્રશ્ન** :–લક્ષ્મી હોય તો તેનાથી આત્માનો ઉદ્ધાર થાયને ?

**ઉત્તર** :–લક્ષ્મીથી આત્માનો ઉદ્ધાર થતો નથી, પણ લક્ષ્મી મેળવતાં બંધાયેલું પાપ, લક્ષ્મીને સત્પાત્રમાં વાપરવાથી, ધર્મકાર્યમાં વાપરવાથી તે પાપ દૂર થાય છે. દ્રવ્યસ્તવનું ફળ આથી વિશેષ નથી. સોના–રૂપા વગેરે દ્રવ્યથી

જિનપ્રતિમા ભરાવવાથી જે ફળ થાય, તેના કરતાં બ્રહ્મચર્યવ્રતનું પાલન અને સામાયિક વગેરેનું ફળ વધારે છે કારણુ કે તે ભાવસ્તવ છે

સામાયિકમાં 'કરેમિ ભંતે' સૂત્ર ઉચ્ચર્યા પછી પારે નહીં ત્યાં સુધી સંસારની કોઈપણ ક્રિયા કરતો નથી, વચન-કાયાથી પાપક્રિયા કરતો નથી, જેમ પાંજરામાં રહેલો સિંહ કોઈ પણ હિંસા કરી શકતો નથી તેમ.

સામાયિક એટલે આત્માની ઓળખાણ થાય. પરમાત્માની ઓળખાણ થાય. પરમાત્માની ઓળખાણ થવી ઘણી કઠીન છે. સામાયિકમાં તન્મયતા એટલી હોય કે-ગમે તેવા પાપ-વિચાર આવે છતાંય પાપ કરવાની તત્પરતા હોતી નથી.

સામાયિકમાં પાપપ્રવૃત્તિ તરફ મન જવાથી કર્મબંધ થાય, પણ તેવા પ્રકારનો તીવ્ર કર્મબંધ ન થાય. સુકી ભીંત પર ભીનો માટીનો ગોળો નાંખવાથી થોડીવારમાં પડી જાય, તેમ તે કર્મબંધ દીર્ઘકાળ રહેતો નથી. સામાયિકના ૧૪૭ ભાંગા થાય. તેમાંથી એક પણ ભાંગે સામાયિક હોય તો પણ તે દ્રવ્યસ્તવ કરતાં વધી જાય. આથી દ્રવ્યસ્તવ કરતાં ભાવસ્તવમાં વિશેષતા છે.

જેની પાસે દ્રવ્ય હોય તે દ્રવ્યસ્તવ છોડીને ભાવસ્તવ કરવા જાય તો તેને પ્રશસ્તભાવ તેવા પ્રકારનો આવતો નથી. દીન-હીન કંગાળ ભાવ આવે. જે વસ્તુ પોતાની પાસે છે તેનો પરાર્થ ઉપયોગ કર્યા વિના જોઈએ એવો શુભભાવ ન આવે.

સામાયિક અને જિનપૂજાનું મોટું ફળ છે. સામાયિકનું ફળ અધિક છે. પણ જિનપૂજા કર્યા વિના ફક્ત સામાયિકનો જ ભાવ કરે તો તેવો પ્રશસ્ત ભાવ ન આવે.

મુનિદાન દ્રવ્યસ્તવ છે. જે અવસરે-મુનિરાજ ગોચરીએ આવે ત્યારે મુનિદાન કર્યા વિના સામાયિકમાં અધિક ફળ છે એમ માનીને સામાયિકમાં બેસી જાય તો તેનું ઘર પણ ન શોભે. આત્મા સંતોષ ન પામે, તેના યોગે ધર્મ પણ નિંદાય.

જ્યાં અતિથિસત્કાર ન હોય, વીતરાગ પરમાત્માની પૂજા ન હોય, યાચક વગેરેને દાન આપવાની ક્રિયા ન હોય, કેવળ સામાયિક કે ધ્યાન વગેરે જ કર્યા કરે તો ધર્મ નિંદાય છે. આની પાછળ અનુભવ રહેલો છે.

સાધુઓ હંમેશાં કપડા બદલ્યા કરે તો અંગવિભૂષા થાય, તેથી સાધુત્વ અંગે સારો ભાવ ન આવે, શારીરિક વિભૂષા કામ આદિ શત્રુઓ પ્રગટ કરે છે, તે અશુભ ભાવનું કારણ છે. શ્રાવકે ચૈત્યગૃહ આદિમાં જતાં અવશ્ય વસ્ત્રો બદલીને જવું જોઇએ. સાધુ અનેકવાર કપડાં ધોવે તે શીથીલતા છે. બાર માસમાં એકવાર કાપ કાઢે તે ઉગ્ર ચારિત્રી છે.

દ્રવ્યવાન શ્રાવક ભાવસ્તવનું અધિક ફળ માની દ્રવ્યસ્તવમાં શીથીલ થાય તો દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ બન્ને જાય. પણ પોતાનું જીવન સાધુ જેવું સંયમી બનાવે તો કાંઇ વાંધો નથી. આથી ગૃહસ્થો માટે ભાવસ્તવ કરતાં દ્રવ્યસ્તવ પ્રધાન છે.

દ્રવ્યસ્તવ માટે દ્રવ્ય નથી. દ્રવ્ય ઉપરની મૂર્ચ્છા ઉતારવા દ્રવ્યસ્તવ છે. દ્રવ્ય ઉપરની મૂર્ચ્છા એ દુર્ગતિનું કારણ છે. લક્ષ્મી પાપનું સાધન છે. તેને પુણ્યનું સાધન તે લક્ષ્મીની અસારતાને જાણનાર બનાવી શકે. લક્ષ્મી તુચ્છ છે એવું જ્ઞાન જેને હોય તે લક્ષ્મીને પુણ્યનું સાધન બનાવી શકે.

દ્રવ્યસ્તવ એટલે જે પ્રમાણે દ્રવ્ય હોય તે પ્રમાણે દાન અને પૂજન હોવું જોઇએ. પોતાની યોગ્યતા પ્રમાણે દ્રવ્યસ્તવ હોવું જોઇએ.

અધ્યાત્મ એ મુનિ માટે ભાવસ્તવ છે. તેમને પણ દ્રવ્ય ફરજો અદા કરવાની હોય છે. ગુરુકુળવાસ સેવે, ગુરુ સેવા વગેરે કરે. ત્યાર પછી જિનકલ્પ અંગીકાર કરી ધ્યાન કરી શકે.

મન ઉપર કાબુ મેળવવા માટે પ્રથમ કાયા અને વચન ઉપર કાબુ મેળવવો જોઇએ. સામાયિકમાં કાયા તથા વચન ઉપર પુરો કાબુ આવે છે, સામાયિકમાં જીવાત્માની ઓળખાણ થાય. પરમાત્માની ઓળખાણ તે પછી થાય.

સામાયિકમાં જીવને પોતાના દરેક દુર્ગુણો ખ્યાલમાં આવે છે. સામાયિક સિવાયના કાળમાં પોતાની અહંતા ધારણ કરાય છે. અન્ય જગત્‌ની નિંદા કરાય છે. જ્યારે સામાયિકમાં સ્વાધ્યાય કરવાનો હોય છે. ઉત્તમ પ્રવૃત્તિ કરવાની હોય છે. સામાયિકમાં આત્મસ્વરૂપ–સ્વ–સ્વરૂપનું પ્રતિબિંબ પડે છે પોતાની જાતની મલીનતાનો ખ્યાલ આવે છે. તેથી પરમાત્મા પ્રત્યે દૃઢ ભક્તિ પેદા થાય છે.

શ્રી જિનહર્ષજી મહારાજ ભગવંતની સ્તવના કરતાં કહે છે કે– હું અવગુણનો ઓરડોજી૦ હું લંપટ હું લાલચું જી૦ ત્રણે ભુવનમાં કોઈ એવો જીવ નહીં હોય કે જે મારા જેવો લંપટ અને લાલચુ હોય. આવી રીતે પોતાની જાતનું ભાન થવું એ સામાયિકનું ફળ છે.

'પરમાત્માનું ધ્યાન થાય ત્યારે સામાયિક થાય.' આમ કહેનારા ધર્મના મૂળમાં કુઠારાઘાત કરે છે. પરમાત્મા અગમ્ય છે. મનનો અધ્યાસ છોડી આત્મારામ બનવું જોઇએ. ઉન્મનીભાવ આવવો જોઇએ.

ધર્મમાં મન સ્થિર રહેતું નથી. માટે ધર્મક્રિયા જરૂરી નથી તેમ કહેનારા અજ્ઞાન છે.

સામાયિકના ૧૪૭ ભાંગામાંથી એક ભંગ પણ સચવાય ત્યાંસુધી સામાયિકના પચ્ચક્ખાણનો ભંગ ન ગણાય. બધા ભાંગા નાશ પામે ત્યારે પચ્ચક્ખાણનો ભંગ ગણાય. ત્યાંસુધીના બધા અતિચાર છે.

સામાયિક એ જીવાત્માની ઓળખાણ કરવાનો આરીસો છે. પોતાની જાતને અશુદ્ધ જાણ્યા પછી તેને શુદ્ધ કરવા પ્રયત્ન થશે. જ્યાં સુધી પોતાની જાત અશુદ્ધ ન જણાય ત્યાં સુધી તેને શુદ્ધ કરવાનો પ્રયત્ન નહિં થાય.

જ્યાં સુધી જીવનું તથાભવ્યત્વ પરિપાક ન થયું હોય ત્યાં સુધી પરમાત્મા જીવના નાથ થઈ શકતા નથી. આથી જેનું ભવ્યત્વ પરિપાક થયેલું હોય તેના પરમાત્મા નાથ છે. બધા જીવોના નાથ થઈ શકતા હોત તો તો

કોઈને છોડત નહીં. પણ તેમ થઇ શકતું નથી. બધા જીવ ભગવાનની કરુણા ઝીલવાને તૈયાર નથી. ત્યાં સુધી પ્રભુ તેઓના નાથ થઈ શકતા નથી.

ભગવાને સંસારના સુખને દુઃખરૂપે જોયેલું છે. તેની આજીજી કરવાથી ભગવાન ન આપે. મોક્ષસુખ એ પરમ-સુખ છે. તે મનમાં નક્કી થવું જોઇએ. સુર–નર સુખ કરતાં મોક્ષનું સુખ અનંતગુણું છે. સિદ્ધ ભગવંતોનું સુખ લોકાલોકમાં પણ સમાઇ શકે નહીં.

સમુદ્રનું પ્રમાણ દેખાડવા બાળક પાસે બે હાથ સિવાય અન્ય સાધન નથી. તેમ મોક્ષનું સુખ જ્ઞાનીઓ પણ પુરું બતાવી શકતા નથી.

જેને સિદ્ધિસુખની કદર છે, તેને સિદ્ધાચળનો મહિમા સુવર્ણ જેવો છે. સુવર્ણનો મહિમા પ્રસિદ્ધ છે. તેમ સિદ્ધિના સુખનો મહિમા જ્ઞાનીની દુનિયામાં પ્રસિદ્ધ છે. તેઓ અનુત્તર વિમાનના સુખને પણ ચાહતા નથી.

સંસારમાં વસનાર જીવોને સંસારસુખની કામના મટયા પછી સંસારસુખ વિષમય મટી અમૃતમય બને. જેમ સાધુઓને ભાવથી વહોરાવે તેમ સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવત્વ પામી ૩૩ સાગરોપમ સુધી દ્રવ્યગુણપર્યાયની વિચારણામાં જ સમય પસાર કરે. પછી ઉત્તમ સામગ્રી પામી સિદ્ધિસુખને પામે છે. જેણે સંસારના સુખોની અપેક્ષા છોડી છે, તે આત્માઓને આ સિદ્ધાચલજીની ભાવથી સ્પર્શના થઈ છે.

—o—

## વ્યાખ્યાન ૧૧ મું.

(સ્થળ–ખુશાલભવન પાલિતાણા સં. ૨૦૦૬ મહા સુદિ ૧૧ તા. ૨૯–૧–૫૦ )

**ॐ नमो विश्वनाथाय०**

ભગવાન વિશ્વના નાથ છે. વિશ્વસ્થિતિના વિધાયક છે, પૂજ્ય છે, અવ્યક્ત સ્વરૂપવાળા છે. યુગાદીશ છે અને યોગી છે.

આ શ્લોકમાં પ્રભુના જ્ઞાનાતિશય, પૂજાતિશય, અપાયાપગમાતિશય અને વચનાતિશય બતાવ્યા છે.

અરિહંતની સ્તુતિ કરવા માટે અરિહંતના અનંત અતિશયોમાંથી આ ચાર પ્રધાન અતિશયો દ્વારા પ્રભુની સ્તુતિ કરી છે આ ચાર અતિશયો ભગવંતના અનંત ગુણોમાં ટોચે પહોંચેલા છે. જેનાથી ચઢીયાતો ગુણ બીજામાં ન સંભવે તે અતિશય કહેવાય

જેમ હરિશ્ચંદ્ર રાજાનો સત્ય ગુણ, સીતાજીનો સતીત્વ ગુણ અન્ય કરતાં ચઢીયાતી કોટિનો છે. એક પણ ગુણ અન્ય મનુષ્ય કરતાં અસાધારણ કોટિનો હોય તો તેનું આલંબન જનસમાજને પ્રેરક બને છે. ભગવાનના અનંત ગુણો સામાન્ય બુદ્ધિમાં ઉતરી શકે તેમ નથી, તેથી આ શ્લોકમાં ચાર અતિશયરૂપે સ્તુતિ કરી છે.

અરિહંત પરમાત્મા જગત્માં પૂજ્યતમ છે. મનુ–

ઓમાં પૂજ્ય રાજા, રાજાઓના પૂજ્ય ઋષિ અને તેમના પૂજ્ય તીર્થંકર છે, તેથી પૂજ્યોના પણ પૂજ્ય છે.

પૂજ્યત્વ બે પ્રકારે છે. ૧ સ્વયંશુદ્ધ હોય. ૨ બીજાના ઉપકારી હોય. ભગવાન બંને રીતે પૂજ્ય છે. ઇંદ્રાદિક દેવો રાગાદિક દોષોને વશ છે. તે દોષોને ભગવાને વશ કર્યા છે. તેથી જગતના જીવો કરતાં શ્રેષ્ઠ છે. રાગ–દ્વેષાદિ દોષો તેમના દૂર થયેલ હોવાથી સ્વયં-શુદ્ધ છે. દ્રવ્ય અને ભાવ બન્ને રીતે જગતને ઉપકારી છે. જગત્માં જે દ્રવ્ય ઇંદ્રિયોને આપે તે પણ ઉપકારી ગણાય છે. જ્યારે ભગવાન તો ભાવ ઇંદ્રિયોને આપી આત્માના ભાવદોષોને દૂર કરનાર છે. ભગવાનની દેશનાનું અવલંબન લેવાથી જન્મ-મરણાદિની પીડાઓ દૂર થાય છે. જન્મ–મરણ ન હોય તો વચ્ચેની દારિદ્ર્ય વગેરેની પીડા ન થાય. આથી ભગવાન પૂજ્યતમ છે. રાગાદિ દોષો પર વિજય કર્યો છે, તેથી સર્વોત્કૃષ્ટ પરોપકારી છે. તેથી પૂજ્યાતિપૂજ્ય છે.

આફતમાં આવેલાને ધન કરતાં વચન વધારે ઉપકારી બને છે. તેમ તીર્થંકરની વાણી સર્વ જીવોને અત્યંત ઉપકારી બને છે.

પ્રાર્થનાસૂત્ર–જયવીયરાય સૂત્રમાં ભગવાન પાસે આઠ વસ્તુઓની માગણી કરવામાં આવી છે. ૧ ભવનિર્વેદ, ૨ માર્ગાનુસારિતા, ૩ ઇષ્ટફલસિદ્ધિ, ૪ લોકવિરુદ્ધનો ત્યાગ, ૫ ગુરુજનપૂજા, ૬ પરાર્થકરણ, ૭ શુભગુરુનો યોગ અને ૮ તેમના વચનનું પાલન.

આમાં શુભગુરુનો યોગ દુર્લભ છે, છતાં તે પણ થાય, પરંતુ તેમના વચનનું પાલન કરવામાં ન આવે, તેમની પૂજા કરવા છતાં તેમના વચનની અવગણના કરવામાં આવે તો તે ભગવાનનો ભક્ત બની શકતો નથી.

જેમ વૈદ્યને પૂજ્ય માને, જ્ઞાની માને, પૈસા આપે, પણ તેનું કહેલ વચન ન માને તો રોગરહિત થઈ શકાતું નથી, તેમ દેવ-ગુરુ મળવા દુર્લભ છે, તેને પૂજ્ય માને, તે મળ્યા પછી તેના વચનની સેવના-પાલના કરવામાં ન આવે તો કાર્યસિદ્ધિ થતી નથી.

શ્રી જયવીયરાય-પ્રાર્થનાસૂત્રમાં માગવામાં આવેલી આઠ વસ્તુઓ સમજવા જેવી છે. ગુરુના વચનને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરે તો જ કાર્યસિદ્ધિ થાય. માટે વચનપાલન એ મુખ્ય ચીજ છે. કયા રોગીને કેવું ઔષધ ઉપયોગી છે તે બતાવનાર સાચો વૈદ્ય છે. તેવા પ્રકારના વૈદ્યના વચનના સેવનથી-વૈદ્યે કહ્યા પ્રમાણે કરવાથી રોગો દૂર થાય છે તેવી રીતે ગુરુ જેવા પ્રકારનું પાત્ર આવે, તેને તેવા પ્રકારનો ધર્મ આપે. જેવું દ્રવ્ય હોય તેવો ભાવ આવે, આ સાંસારિક જીવ ભાવુક છે. જેવા પ્રકારનું દ્રવ્ય મળે તેવા પ્રકારના દ્રવ્યથી ભાવિત થાય છે. જેની આજ્ઞા માની, તેનાં વચનનો જીવનમાં અમલ કરવાનો છે. તેથી શુભ ગુરુ એટલે કે સ્વાર્થના લેશથી રહિત, પરમાર્થના જ્ઞાતા ગુરુ પણ પુણ્યના યોગે મળે. આવું પુણ્ય પરાર્થકરણ-પરોપકાર કરવાની વૃત્તિ તથા પ્રવૃત્તિથી શુભ ગુરુનો યોગ મળે. પરોપકારી પુરુષ ચંદ્ર અને ચંદન કરતાં

પણુ વધારે પ્યારો હોય છે. પરોપકાર એ મનુષ્યજીવનનું ભૂષણ છે, તે પુણ્યથી તેવા પ્રકારના સદ્ગુરુનો યોગ થાય.

ગુરુજનની–માતાપિતા વગેરેની સેવા કરવાની વૃત્તિ જેનામાં થઇ નથી, તે બીજા લોકોની સેવા કરવા નીકળી પડે, તેની તે સેવા સાચી નથી. તે સાચા ભાવથી પરોપકારી નથી.

ગુરુજનની પૂજા જે ન કરતો હોય એવા મનુષ્ય પરોપકાર કરવા લાયક નથી. તેમજ લોકવિરુદ્ધનો ત્યાગ કરનાર નથી તે માતાપિતા આદિ ગુરુજનની પૂજા કરવાને લાયક પણુ નથી. પ્રાણીલોકમાં એક વસ્તુ અતિનિંદનીય છે. જે પરનિંદા છે, તે અતિનીચ કાર્ય છે. તેવાને માતપિતાની સેવાનો સાચો અધ્યવસાય આવતો નથી તેમાં પણ મુગ્ધ બુદ્ધિવાળા ધર્મક્રિયા કરનારની નિંદા ખાસ કરીને ન કરવી જોઇએ. કારણુકે તે ભોળા છે. મુગ્ધ હોવાથી ધર્મના હેતુ સમજી શકતા નથી. તેની હાંસી કરવી એ ભયંકર દોષ છે. શાસ્ત્રકારે જ્ઞાનીની ધર્મક્રિયા કરતાં પણ ભદ્રિક પરિણામી જીવોની ધર્મક્રિયાની ઘણી પ્રશંસા કરી છે. શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજ અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથમાં કહે છે કે– તેવા જીવો નહિં જાણવા છતાં આવશ્યકાદિ ઉચ્ચ ક્રિયાઓ કરે છે, તેને ધન્ય છે. તેવા જીવો મંત્રની જેમ તે ક્રિયાઓને પવિત્ર માનીને અપ્રમત્તપણે કરે છે. તેઓને ધન્ય છે. આનું નામ જૈનશાસન છે.

સુતેલો માણુસ નાવડીમાં સુતો હોય, રાત્રિના વખતે

અનુકૂળ પવનનો યોગે કીનારે આવી, [illegible]ારે ભાગ્ય-શાળી કે ઉજાગરો કરીને કીનારે આવે તે વધારે ભાગ્યશાળી ?

જ. સુતેલો.

રાત્રિના વખતે સુતેલા માણસને કોઈ દેવ આવી અમૂલ્ય આભૂષણ પહેરાવે અને કોઈ પોતાની જાતે આભૂષણ પહેરે તેમાં વધારે ભાગ્યશાળી સુતેલો છે.

જ્ઞાનરૂપી ધન વિનાના જીવો જ્ઞાનીની પ્રશંસા કરે છે. તે જ્ઞાની બરાબર ક્રિયા ન કરતાં હોય તો પણ તેની પ્રશંસા કરે છે, તેવા ભદ્રિક પરિણામી જીવોની ક્રિયાને અજ્ઞાનક્રિયા કહેવી તે ભયંકર દોષ છે. આથી કોઈની નિંદા ન કરવી. ગુણીજનની નિંદા તો વિશેષે કરીને ન કરવી. મુગ્ધ જીવોની નિંદા તો કરવી જ નહિ.

માતા–પિતા વગેરેની પૂજા એ પ્રથમ કર્તવ્ય છે, તે તો જ શોભે કે જે નિંદા–ચાડી વગેરે લોક–વિરુદ્ધ કાર્યનો ત્યાગ કરનાર હોય.

ચાંદુ શોધનાર કાગડો પક્ષીઓની જાતમાં હલકો ગણાય છે, તેમ પારકાના દોષ જોનાર પણ હલકો છે. માટે નિંદા એ મહાપાપ છે. માતા–પિતાની પૂજા ન કરનાર હજુ કદાચ તરી શકે પણ દેવ–ગુરુની નિંદા કરનાર ક્યારે પણ ન તરી શકે. નિંદા એ વિષ છે. નિંદા કરનાર કોઇપણ સારા કામને લાયક રહી શકતો નથી.

ગુરુના વચનનું પાલન કરનાર યાવત્ મોક્ષ પણ મેળવી શકે છે.

ઈષ્ટફલસિદ્ધિ=ઈષ્ટ ફળની સિદ્ધિ વીતરાગ પાસે મગાય છે. તેઓ કોઈને કાંઈ આપતા નથી છતાં તેમની પ્રાર્થના વિના એ વસ્તુ મળતી નથી. તેમના વિના એ મળતી હોય તો વિશિષ્ટ જ્ઞાની એવી માગણી કરે નહિ. છતાં જ્ઞાની આત્માઓ પણ એ માગણી કરે છે.

ઈષ્ટ=ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ. ઇચ્છિત વસ્તુ ધર્મ-કર્તવ્ય છે. તે સ્વસ્થ કરી શકે. આજીવિકાનું સાધન પુરું હોય તેનું ચિત્ત સ્વસ્થ હોય. સાધુઓ માટે મર્યાદા છે કે—જે ગામમાં ભિક્ષા દુર્લભ હોય તે ગામમાંથી વિહાર કરી જવો. કારણકે આહાર વિના ચિત્ત સ્વસ્થ રહી શકતું નથી.

વિશેષ પરિગ્રહવાળાને પણ મૂર્ચ્છા હોય તો ચિત્ત સ્વસ્થ રહી શકતું નથી. ચક્રવર્તીઓ જે સ્વર્ગે અને મોક્ષે ગયા, તે ત્યાગવૃત્તિથી—મૂર્ચ્છા ઉતરવાથી ગયા છે.

જરૂરી સામગ્રીનો અભાવ પણ ચિત્તવ્યગ્રતાનું કારણ છે. માટે ઈહલૌકિક ઈષ્ટફળ—જીવન જરૂરીઆતના સાધનની પણ તે માટે માગણી કરવામાં આવી છે.

પરનિંદા ચિત્તના ઉદ્વેગમાંથી જાગે છે. તે જરૂરી સાધનો મળે ત્યારે જ શમે છે.

ધર્મ કરતાં આ લોકના ફળની ઇચ્છા ન રાખવી એ સહેલું નથી પણ કઠીન છે. પેટનો ખાડો પૂરો થયા વિના આલોકની ઈચ્છા શમતી નથી.

સાચા ભાવથી વીતરાગની પૂજા કરનારને આજીવિ-

કાના સાધનનો વાંધો હોતો નથી. સિવાય કે નિકાચિત કર્મનો ઉદય હોય.

શ્રદ્ધાપૂર્વક નવકાર ગણનારને આજીવિકાનો અભાવ હોતો નથી. પેટનો ખાડો પૂરો થયા વિના ધર્મક્રિયામાં સ્વસ્થતા રહેતી નથી. **खुहासमा वेयणा नत्थि.** એક માણસ ભૂખ્યો હોય અને તેની ઉપેક્ષા કરે તે ધર્મી નથી. તેથી સાધુને ગુપ્તપણે ભોજન કરવાનું કહ્યું છે. ભૂખ્યો માણસ જોઇ અને યાચના કરે અને ન આપે તો પાપ. અને આપે તો પણ શાસ્ત્રાજ્ઞાનો ભંગ થાય તેથી પાપ. આથી સાધુ-ઓને ગુપ્ત ભોજન કરવાનું કહ્યું છે.

ભૂખ્યાને ભોજન, નાગાને વસ્ત્ર અને રહેવા માટે ઘર આ ત્રણ વસ્તુ જોઇએ. પરદેશીઓના સંસર્ગથી આ દેશમાં તે વ્યવસ્થામાં ફેર પડયો છે. તેથી ત્રીજી વસ્તુ ઇચ્છિત વસ્તુઓની સિદ્ધિ માગી છે ઉપર જનારને નીચે જવાનું મન ન થાય. છતાં મુનિઓ પણ પેટના ખાડા ખાતર નીચે આવે છે. ધીરજ રહેતી નથી.

જેઓ વીતરાગની સાચી સેવા કરે છે તેને આવી દુરવસ્થા આવે નહિં.

આ પ્રાર્થનાનો સાચો ભાવ જાગે તો કિલષ્ટ કર્મોનો નાશ થાય. ઈષ્ટફળની સિદ્ધિ માટે ભવનિર્વેદ અને માર્ગા-નુસારિતા જોઇએ. ભવને અશુભ માનવો અને મુક્તિને ઈષ્ટ માનવી. તે ચતુર્વિધ સંઘને સમાન હોવા જોઇએ. માર્ગ

એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી માર્ગ તેને અનુસરવાપણું તે માર્ગાનુસારિતા.

દુઃખરૂપ સંસારમાં સુખની બુદ્ધિ કરવી-સુખ માનવું એ મૃગજળ તુલ્ય છે, ભયંકર દુરાગ્રહ છે.

મનુષ્યભવ મળ્યો તે જવાનો છે. આવતો ભવ સાચો છે તે માટે પ્રયત્ન કરવો જરૂરી છે. આ ભવ સાચો છે એવો દુરાગ્રહ જ્યારે ભવનિર્વેદ થાય ત્યારે જ ટળે.

પરનિંદા કરનાર વાસ્તવિક કૃતઘ્ન બને છે.

આવી અમૂલ્ય વસ્તુઓ અનાભોગે પણ મગાય છે. તે સમજી લેવાય તો આ આઠ વસ્તુની સિદ્ધિ વીતરાગના ભક્તને થવી કઠીન નથી

અન્ય જીવોના દ્રવ્ય ઉપકાર કરતાં ગુરુનો ભાવ ઉપકાર અધિક છે. અવ્યક્ત સ્વરૂપ પામેલાને કોઈ બાધા કરી શકતું નથી. રોગ જ્યાં સુધી શરીર જીવે ત્યાં સુધી, પીડા મન જીવે ત્યાં સુધી, તન અને મનની પીડાના કારણ નાશ થયા પછી પીડા નથી.

ભગવાનને તન-મન નથી. તેથી તેની પીડા નાશ પામી તે અપાયાપગમાતિશય થયો. ભગવાનને લોકાલોક પ્રકાશકર કેવલજ્ઞાન હોવાથી જ્ઞાનાતિશય થયો. ભગવંતની વાણી ૩૫ ગુણયુક્ત હોવાથી દરેક જીવો પોતપોતાની ભાષામાં સમજી શકતા હોવાથી પ્રભુનો તે વચનાતિશય થયો.

ભાષામાં પણ પ્રભુત્વ હોય છે. આતંકનિગ્રહની બોલી

અળસીયામાંથી બનેલી હોઈ અભક્ષ્ય છે પણ તેની કિંમતી શબ્દોથી જાહેરાત કરનાર લાખો રૂપીયા કમાય છે. આ પણ શબ્દોનો પ્રભાવ છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માની વાણીએ ૪૪૦૦ બ્રાહ્મણોને પ્રથમ દિવસે દીક્ષિત બનાવ્યા તે ભગવાનને જોવાથી, સ્થાન પણ સમવસરણ વિશેષ હતું. સ્થાનવિશેષથી ધર્મ-હીન જીવો પણ ધર્મ પામે છે.

ભગવાન સુરાસુરનરેંદ્રોથી પૂજાતા હોઇ તે ભગવાનનો પૂજાતિશય છે.

આ શ્લોકમાં ગર્ભિત રીતે ભગવાનના ચારે અતિશયો બતાવ્યા છે.

# વ્યાખ્યાન ૧૭ મું.

( સ્થળ–ખુશાલભવન પાલિતાણા સં. ૨૦૦૬ મહા સુદિ ૧૨
તા. ૩૦–૧–૫૦ )

**अर्हच्चक्रिश्रियः स्वामी, चामीकरसमप्रभः ।**
**स्तुत्यः सत्कृत्यलाभाय, श्रीशान्तिः शुभतान्तिकृत् ॥२॥**

શ્રી આદિનાથપ્રભુની સ્તવના કરી. હવે ગ્રંથકાર મહર્ષિ શ્રી શાંતિનાથપ્રભુની સ્તવના કરતાં કહે છે કે–તેઓ અરિહંત અને ચક્રવર્તિની લક્ષ્મીના સ્વામી હતા. સુવર્ણ સમાન તેઓની શુભ કાંતિ હતી. શુભની પરંપરાને વિસ્તારનારા હતા તે શ્રી શાંતિનાથ ભગવાનની સત્કાર્યના લાભ માટે સ્તુતિ કરીએ છીએ.

સત્કાર્યનો લાભ જગત્‌માં દુર્લભ ગણાય છે. શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે–" **બેર બેર નહીં આવે અવસર બેર બેર નહીં આવે; જ્યું જાણે ત્યું કર લે ભલાઇ, જનમ જનમ સુખ પાવે.**" અવસર૦ મળેલા અવસરનો ઉપયોગ જેમ આવડે તેમ સત્કાર્ય કરવામાં કરી લે. આમ કહેવાનું કારણ સત્કાર્ય કરવાનો અવસર ભવચક્રમાં દુર્લભ છે.

બાલ્ય અવસ્થામાં તેવા પ્રકારનું જ્ઞાન હોતું નથી. યુવાવસ્થા ઉન્મત્તતાથી ભરેલી હોય છે. તેમાં સત્કાર્ય કરવાની બુદ્ધિ વિરલ જીવોને થાય છે. તેની પાછળ ગંભીર

રહસ્ય ભરેલું છે. ધર્મ કરવાની અવસ્થા યૌવન અવસ્થા છે. **વૃદ્ધાનારી પતિવ્રતા** તેને શાસ્ત્રકારો વખાણતા તેમજ નિંદતા પણ નથી. વૃદ્ધાવસ્થા ધર્મબુદ્ધિ ઉત્પન્ન કરનારી છે. પણ તે અવસ્થામાં તેવા પ્રકારની ધર્મ કરવા માટેની શક્તિ હોતી નથી. આથી માનવે યૌવન અવસ્થામાં સત્કાર્યો કરી લેવા જોઇએ.

સત્કાર્યના લાભ માટે શ્રી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરી.

યુવાવસ્થા ઉન્મત્તપણું પેદા કરનાર હોવાથી દોષવાળી છે. તે અપેક્ષાએ વૃદ્ધાવસ્થાની કિંમત ગણાય. પણ વૃદ્ધાવસ્થાની આપત્તિઓ ધર્મબુદ્ધિ ઉત્પન્ન કરે છે. સુખ એ મોહરાજાનો જાસુસ છે. દુઃખ એ ધર્મરાજાનો દૂત છે. સુખમાં લપટાવાથી મોહ આત્મા ઉપર ચઢી જવાનો. જે પાપાનુબંધી સુખ છે તે મોહરાજાના મોકલેલા છે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી સુખ મળે તે વિરાગ પેદા કરે. ધન્ના-શાલીભદ્રની જેમ વસ્તુતઃ તેઓ સાંસારિક સુખોને-પૌદ્ગલિક સુખોને દુઃખરૂપ માનતા હતા. પૌદ્ગલિક સુખો એ સુખાભાસ છે. શાસ્ત્રકારોની દૃષ્ટિએ-જ્ઞાનીઓની દૃષ્ટિએ તો તે બધાં સુખો દુઃખસ્વરૂપ છે.

પુણ્યથી લક્ષ્મી મળે, પણ લક્ષ્મીથી સાચું સુખ ન મળે. શાસ્ત્રકારો પણ જ્યાં જ્યાં પૌદ્ગલિક સુખોનું વર્ણન કરે છે તે લોકવચનનો અનુવાદ છે. વસંતઋતુનો રાજા એક દિવસ માટે રાજા તરીકે હોય છે, લોકો તેને આગળ કરે બીજા તેના અનુયાયી બને, પણ બીજે દિવસે લોકો તેની

હાંસી કરે છે. આને હોળીનો રાજા કહેવાય છે. આથી જે સુખ, દુઃખના અંતવાળું હોય તેને સુખ માનવું એ ભ્રમ છે. પુદ્ગલજન્ય, લક્ષ્મીજન્ય અને સંયોગજન્ય વગેરે સુખો દુઃખના અંતવાળા છે.

જ્યાંથી જેના પછી અવશ્ય પતન હોય ત્યાં ન ચઢવું વધારે સારું. વધારે ઉંચે ચઢીને પડવાથી હાડ વધારે ભાંગે. તેથી સર્વાર્થસિદ્ધ વિમાનના સુખને પણ તેની પછી ૯ માસ ગર્ભમાં વસાવનારું હોવાથી દુઃખરૂપ માનેલ છે.

પ્રાપ્ત વસ્તુ કરતાં અપ્રાપ્ત વસ્તુની ઇચ્છા વધુ રહે છે. જ્યારે સુખ સંતોષમાં છે. દુઃખ તૃષ્ણામાંથી ઉત્પન્ન થાય છે. મળેલ પદાર્થ કરતાં ઇચ્છાઓ વધુ હોય છે. સર્વાર્થ-સિદ્ધ વિમાનને પામેલાને પણ મોક્ષની ઇચ્છા હોય છે. ઇચ્છાઓને જીતનાર રંક હોય તો પણ સુખી છે. ઇચ્છા-ઓને ન જીતનાર દેવેન્દ્ર પણ દુઃખી હોય છે.

લોક તેને કહેવાય કે જેને આગળ-પાછળનો વિચાર ન હોય. ગાડર જેવો હોય તે લોક કહેવાય.

નહીં મળેલા સુખોની ઝંખનાથી ઉત્પન્ન થનારું દુઃખ ઘણું હોય. હાલ જે સુખો છે તેને માટે પૂર્વે પુણ્ય ઉપા-ર્જન કરવા રૂપ કષ્ટ સહન કરવું પડેલ છે. પુણ્ય ઉપાર્જન કરતી વખતે પણ નિર્જરારૂપ આત્મધનનો ક્ષય કરવો પડયો છે. છાશ મેળવવા જતાં માખણ ગુમાવે તેની જેમ પાપાનુબંધી પુણ્ય કરતી વખતે મુક્તિ મેળવવા માટેનો પુરુષાર્થ ન કરેલો હોવાથી મુક્તિમાર્ગનો પ્રારંભ થતો નથી.

કેટલીક વખત શાસ્ત્રકારો શાસ્ત્ર સાંભળવા આવનાર મનુષ્યોને ધર્મના ગુણ બતાવવા માટે તેનાથી મળતા સંસારના સુખો પણ બતાવે છે '**सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते**' (ભર્તૃહરિ) તેમ ન માનતાં, ભર્તૃહરિ પણ નીતિશતક ઉપરથી વૈરાગ્યશતક પર લઈ જાય છે. ધર્મથી દરેક જાતના સુખો મળે છે એ વિશ્વાસ ઉત્પન્ન કરાવવા ખાતર સંસારનાં સુખો દુઃખરૂપ હોવા છતાં તેનું વર્ણન કરે છે, તેની પાછળ પણ જ્ઞાનીઓની હિતભાવના પડેલી છે.

ભોગની ત્રણેય અવસ્થા દુઃખરૂપ છે. પૂર્વ, વર્તમાન અને પછીની એ ત્રણેય અવસ્થામાં દુઃખ છે. ભૂખરોગનું શમન ભોજનથી, શીતરોગનું શમન કપડાથી, કામરોગનું શમન ભોગથી થાય છે, પૂર્વ અવસ્થામાં પીડા હોય છે, પીડા શમન થયા પછી તે પદાર્થને ઇચ્છતા નથી, તેના પરિણામે પણ રોગ છે, વર્તમાન ભોગ વખતે રોગ છે, ભોગમાં જે સુખાનુભવ થાય છે, તે સુખરૂપ નથી પણ તે સમયે ચિત્તની એકાગ્રતા થયેલી હોવાથી અન્ય તૃષ્ણાઓનું વિસ્મરણ થવાથી સુખ લાગે છે. જમતી વખતે ચિત્તની એકાગ્રતા થાય તેથી બીજા પીડાઓનું વિસ્મરણ થાય છે, તેથી વિસ્મરણજનિત સુખ છે, વસ્તુતઃ તે ભોગજનિત સુખ નથી.

સર્વાર્થસિદ્ધ વિમાનને પામેલાને પણ મોક્ષની ઇચ્છા હોય.

**સભામાંથી**-ભોગે એકાગ્રતા કરી આપીને? ભોગ એકાગ્રતાનું સાધન થયું ને?

ઉત્તર-તે એકાગ્રતાથી-તલ્લીનતાથી રાગ-દ્વેષની ચીકાશ

વધે. તે એકાગ્રતા મધુબિંદુ સરખી છે. મધના એક ટીપા ખાતર ચારે બાજુની આધિ–વ્યાધિ ન ગણે તે એકાગ્રતા શા કામની ? તેનાથી દુઃખ કેટલું ? ગણતરી વગરનું. માટે સંસારનાં સુખ તે દુઃખરૂપ છે.

શાસ્ત્રકારો ધર્મમાં લઈ જવા ખાતર એ સુખોનું વર્ણન કરે છે. અહીં સત્કૃત્યના લાભ માટે શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. તે લાભ દુર્લભ છે તેવી બુદ્ધિ ઉત્પન્ન કરનાર મનુષ્યભવ છે. સત્કૃત્યની બુદ્ધિ ઘણી દુર્લભ છે.

શ્રી ઋષભદેવ ભગવાન વિદ્યાધરના ભવમાં સુખમાં તલ્લીન હતા. તેમને સુબુદ્ધિ નામે મંત્રી હતો, તે જ્ઞાની હતો, તે પોતાના રાજાને ભોગનું અહિતકરપણું જણાવી ધર્મનો ઉપદેશ આપતો હતો. બીજા ભોગરસિક મંત્રીઓ અવળું સમજાવતા પણ ભગવાનનો જીવ ભાવિક હોવાથી સુબુદ્ધિમંત્રીના વચનનો મહિમા તેમને સમજાય છે. જ્ઞાનીએ ૧ માસનું આયુષ્ય બાકી છે એમ કહ્યું તેથી આત્મ–કલ્યાણ કરવા તત્પર બને છે, ત્રિકરણયોગે ભાવચારિત્રનું પાલન થાય તો વૈમાનિક દેવથી નીચી ગતિ થતી નથી. સમકીતિ જીવ પણ વૈમાનિકથી નીચા દેવનું આયુષ્ય બાંધતો નથી.

સસલાની ૨ાા દિવસની દયાથી હાથીનો જીવ પડી જઈ મરણ પામી મેઘકુમાર થયો. ચારિત્રમાંથી પડવાના પરિણામવાળા તેને ભગવાનના બે શબ્દે સ્થિર કર્યો.

ભોગસુખમાં સુખની ભ્રાંતિ ટાળવા માટે ઘણો સમય લાગે છે.

અધિક જંજાળ, અતિશય ચિંતા, ભય, અનિદ્રા, ભોજન વગેરે કારણોથી સોપક્રમી આયુષ્ય તૂટે છે, કાળ આયુષ્ય વધી શકે નહિ, ઘટી શકે ખરું.

આયુષ્ય ભવમાં ૧ વાર જ બંધાય છે. બંધાયા વગર જીવ મરે નહિ, આપણે તો આયુષ્ય બંધાયું નથી એમ માનીને ઉદ્યમ કરવો જોઇએ. માટે સાવધાન રહીએ તો વૈમાનિક દેવથી ઓછું આયુષ્ય ન બાંધીએ. અત્યારથી અંતિમ પળ સાધવા પ્રયત્ન કરીએ.

દુઃખથી છૂટી જવા વિષ ખાવું, ફાંસો ખાવો વગેરે ભૌતિક સુખવાદીઓ માને છે, પરંતુ એક ક્ષણ પણ બચેલો મનુષ્ય સત્સંગ મળે તો સુંદર સાધના કરી દેવેંદ્રો કરતાં પણ વધારે સુખી થાય છે.

શ્રી શાંતિનાથ ભગવાનના જીવ મેઘરથ રાજાએ પારેવાની દયા ખાતર, નંદીષેણના જીવે પ્રતિજ્ઞા ખાતર, કુમારપાળ રાજાએ શાસનની હીલનાના ભયથી શરીર ત્યાગ કરવાનો વિચાર કર્યો તે આપઘાત ન કહેવાય, કારણ કે તે ધર્મ માટે છે, પ્રતિજ્ઞાપાલન માટે પ્રાણ ત્યાગ કરવાની વૃત્તિ તે શુરવીરતા છે. ચિત્તની દઢતા છે.

દુનિયાના દુઃખથી કંટાળી મરવાનો વિચાર કરી આપઘાત કરવો તે આપઘાત કહેવાય.

મનુષ્યભવમાં અતિવિવેક મળ્યા પછી સત્કૃત્યનો અવસર મળે, તે માટે સદ્‌ગુરુનો સંયોગ જોઇએ. તે માટે સદ્‌ગુરુ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય, તે માટે સંસાર ઉપ-

રનો નિર્વેદ જોઇએ. તે માટે ઉત્તમ જાતિ-ઉત્તમ કુળ તેમજ ધર્મમાં લીન એવો ચતુર્વિધ સંઘ જોઇએ. સાધર્મિક સંયોગ જોઇએ અને તે માટેની ભવિતવ્યતા જોઇએ.

જે પુણ્યે-જે સત્કર્મે આ બધી સામગ્રી આપી, તેને ભૂલી જનાર-પાછળ રાખનાર પોતાની લાયકાત ગુમાવે છે. આ બધા માટે તીર્થંકર પરમાત્મા પાસે વારંવાર પ્રાર્થના કરાય છે. તીર્થંકર આપે નહિ પણ તેમની પ્રાર્થના સિવાય પણ આ ઉત્તમ સામગ્રી મળતી નથી. સારા ભવની ઇચ્છાથી તે ભવમાં બોધિબીજની પ્રાપ્તિ થાય. મુખ્યપણે તો મોક્ષ-સુખની અને તેના કારણરૂપ ત્રણરત્નની પ્રાર્થના કરવાની છે.

સત્કર્મ માટે ભગવાનની પ્રાર્થના છે. તેનાથી મળેલ સત્કર્મ કરવા ન ચૂકવું જોઇએ. તેમાં પ્રેરણા મેળવવા માટે દૃષ્ટાંતો છે. દૃષ્ટાંતો સ્મારકની જેમ મૂંગી પ્રેરણા આપે છે. પ્રેરણા માટે રશીયા-અમેરિકા વગેરે દેશોમાં સ્મારકો કરવામાં આવે છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય પણ સ્મારક છે. શ્રી ઋષભદેવ પરમાત્માએ તે માટે શ્રી પુંડરીક સ્વામીને શત્રુંજયગિરિ પર મોકલ્યા. ત્યાં પાંચ ક્રોડ મુનિવરો સાથે મોકલ્યા. ત્યાં કેવળજ્ઞાન અને નિર્વાણ પદ પામ્યા-મોક્ષમાં ગયા. આથી આ ગિરિ મહાન સ્મારક છે.

## વ્યાખ્યાન ૧૮ મું.

(સ્થળ–ખુશાલભવન પાલિતાણા. સં. ૨૦૦૬ મહા સુદ ૧૩
તા. ૩૧–૧–૫૦)

हेलान्दोलितदैत्यारि–जरासंध–प्रतापहृत् ।
स्मरणीयं स्मरं कुर्वन्, श्रीमान्नेमिः पुनातु वः ॥३॥

આ શ્લોકમાં શ્રી નેમિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. ઇંદ્રોના બળથી પણ અનંતગણું બળ તીર્થંકરની ટચલી આંગળીમાં હોય છે. અનુત્તર દેવ કરતા પણ તીર્થંકરનું અધિક રૂપ હોય છે. બાલ્યાવસ્થામાં ક્રીડા કરતાં કૃષ્ણ વાસુદેવ શ્રી નેમિનાથ ભગવાનથી જીતાયા હતા. પ્રતિવાસુદેવ જરાસંધના પ્રતાપને હરણ કર્યો હતો, તેમણે કામદેવને જીત્યો હતો, તેમનો વિરાગ કેટલો ઉચ્ચ કોટીનો હશે? કે જેથી જીવનપર્યંત તેમને વિકાર સ્પર્શી શકયો નથી. તેથી તેમની સ્તુતિ કરી. તેમણે તેમના બળનો ઉપયોગ કામને જીતવા કર્યો, કામને કાયબળ દ્વારા પરાજિત કર્યો તેથી શ્રી નેમિનાથ ભગવાનનું નામ, તેમના સ્મરણ કરનારને પાવન કરે છે.

ચોથા શ્લોકમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરે છે.

यस्य दृष्टि–सुधावृष्टि–दानादहिरहीश्वरः ।
जातस्तापत्रयान्मुक्तः, स श्री–पार्श्वो मुदेऽस्तु वः ॥४॥

ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુની દૃષ્ટિરૂપ અમૃતની વૃષ્ટિના દાનથી અગ્નિકુંડમાં રહેલા અગ્નિથી બળતો સાપ તાપત્રયથી મુક્ત થઈ નાગાધિપતિ–ધરણેંદ્ર થયો.

આપત્તિમાં રહેલ પ્રાણીને આર્તધ્યાન હોય જ્યારે આવા મહાપુરુષની દૃષ્ટિ પડે, તેમના વચનનું પાલન થાય, ત્યારે ધર્મધ્યાન આવે અને સંસારના તાપથી પ્રાણી મુક્ત થાય.

અ વા પાર્શ્વનાથ ભગવાન તમારા પ્રમોદ માટે થાઓ.

ત્રણ તાપના અનેક અર્થ થાય. અઠ્ઠમના પણ ઘણા અર્થ છે. ૧ ઉપવાસથી બે ઉપવાસનું (છઠ્ઠનું) ફળ દશ-ગણું થાય એમ એક એક ઉપવાસ વધતાં ફળ દશ–દશ-ગણું થાય. આ વ્યાવહારિક ફળ કહેલ છે. કારણકે એકી સાથે ઉપવાસ કરતાં ઘણું વીર્ય જોઇએ. કોઈપણ તપ સંલગ્ન કરવાથી ઘણો લાભ થાય. તેને પરિક્રમણ કરે છે. સતત ક્રિયાના અભ્યાસવડે પ્રમાદ જીતાય, ભાવના દૃઢ થાય. પછી અણસણના અધિકારી થવાય વિરતિના યોગે સાધુ થવા ઈચ્છનારને ચારિત્ર સુલભ થાય. અઠ્ઠમ કરનાર ત્રણેય જન્મને પવિત્ર કરે છે. આધિ-વ્યાધિ–ઉપાધિને દૂર કરે છે.

ભગવાન ઉર્ધ્વ, અધો અને તિર્યક્ એ ત્રણેય પ્રકારના તાપથી મુક્ત હોય છે. બીજાના સંતાપને પણ દૂર કરનારા છે. અગ્નિમાં બળતા સાપને આર્તધ્યાન જ આવે તે પણ ભગવાનની દૃષ્ટિથી ધર્મ પામી હિંસક તિર્યંચ હોવા છતાં પણ મરણ પામીને ધરણેન્દ્ર થયો.

એક કીડી લાખો ઉધઇને મારી નાંખે છે. નાના

જીવોને પણ આથી પાપ લાગે છે. પણ મનુષ્ય જેટલું પાપ ન લાગે. કારણકે મનુષ્ય સમજુ પ્રાણી છે. તિર્યંચ પ્રાણી તેવું સમજુ નથી. વધારે સમજદાર જાણી-જોઇને પાપ કરે તો તેને વધારે પાપ લાગે ત્યારે અણુસમજુ પ્રાણી તે જ પાપ કરતું હોય છતાં પણ ઓછું પાપ લાગે.

ભગવાનની દષ્ટિ પામ્યા પહેલાં અનેક જીવોની હિંસા કરનાર તિર્યંચ, ભગવાનની દષ્ટિના પ્રસાદથી ધરણેન્દ્ર બની શ્રી પાર્શ્વનાથ ભગવાનનો ભક્ત થાય છે તે નવકારમંત્રનો પ્રભાવ છે.

લોભી, દ્રોહી, રાત્રિભોજી માણુસ સીંહ અને સર્પ થાય. રાત્રિભોજન કરનારના અધ્યવસાય સારા ન હોય. સર્પ હિંસા વગર જીવી શકતો નથી, તેને ઉપકાર થવાનું કારણ નવકારમંત્ર છે, ભગવાનના પ્રભાવે તે તરી શકયો, નહિં-તર એવા હિંસક જીવને ઉંચે આવવાનો યોગ હોતો નથી.

સમુદ્રમાં મધ્યભાગમાં રહેલું રત્ન જેમ ઉંચે આવતું નથી. તેમ હિંસક આત્માનો ઉદ્ધાર જલદી થઈ શકતો નથી. આ મનુષ્યભવરૂપી રત્ન સ્નાન, આભૂષણુ વગેરે દ્વારા નિર-ખવા માટે નથી. રત્નને પેટીમાં રાખવાનું હોય છે. આફત દૂર કરવા માટે રત્નનો ઉપયોગ થાય છે, તેમ જન્મ-જરા-મરણુની આપત્તિ દૂર કરવા માટે આ મનુષ્યજન્મ છે. તીવ્ર તપ તપવાં વગેરે ઉગ્ર ચારિત્રચર્યા બતાવવાનું કારણ પણ તે જ છે. દુઃખ દેનાર ઉપર પણ રોષ ન કરતાં સમભાવે સહન કરવાનું શાસ્ત્રકાર કહે છે. તે વખતે જો

ક્ષમાગુણ ગુમાવીયે તો આપણને મળેલી સામગ્રીઓનો સદુ-પયોગ ન થાય. ઉંચે ન અવાય.

સર્પના જીવનમાં પરિવર્તન થવાનું કારણ ભગવાનની દૃષ્ટિ તથા નવકાર મંત્રનો પ્રભાવ છે.

ચંડકૌશિક સર્પનો જીવ પૂર્વભવમાં મુનિ હતો, શિષ્યે માર્ગમાં ચાલતા તેને પગ નીચે જીવ દબાયાથી થયેલી હિંસાની ઇરિયાવહી પડિક્કમતાં યાદ દેવરાવી. ભૂલ કબૂલ ન કરવાથી–આલોચના ન લેવાથી અને ક્રોધ કરવાથી ભવાંતરે સાપ થયા. આજે તો થોડી આરાધના કરી બેસી જવાય છે. આ મુનિએ ઓછી આરાધના કરી ન હતી, પણ ક્રોધ કરવાથી સર્પ થયા. પૂર્વ વિરાધનાથી સાપ થયા. આ ચંડ-કૌશિકની વાત છે.

અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનને સર્પના જીવનો ઉદ્ધાર કરવા માટે નવકારનો ઉપયોગ કરવો પડયો. ભાવપૂર્વક મળેલા નવકારથી પાપશુદ્ધિ થાય છે. એમ માની નવકાર-મંત્ર ગણીયે તો ચિત્તશુદ્ધિ તથા પાપશુદ્ધિ થાય છે.

**સભામાંથી**–શ્રી પાર્શ્વનાથે પોતે સર્પને નવકારમંત્ર ન સંભળાવતાં સેવક મારફત કેમ સંભળાવ્યો ?

**ઉત્તર**–આવી જાતનો વ્યવહાર છે. આચાર્ય મહારાજ જાતે ગોચરીએ કેમ ન જાય ? કેટલોક વ્યવહાર પોતે જાતે ન કરે તો જ શોભે. શ્રીપાળરાજા પાંચ કન્યાના સ્વયંવરમાં જાય છે. પાંચ કન્યાઓ વિદુષી હતી, શ્રીપાળરાજાને વિમ-લેશ્વરદેવનું સાંનિધ્ય હતું, કન્યાઓ શ્રીપાળરાજાને જોઇ

મોહિત થાય છે. તેની પ્રતિજ્ઞા પૂરી ન થાય તો પણ વરવા તૈયાર થઈ છે, તે વખતે સખી દ્વારા પ્રશ્નો પૂછાવે છે. શ્રીપાળરાજા પુતળીના માથા ઉપર હાથ મૂકી પુતળી દ્વારા ઉત્તર આપે છે. રાજકન્યા સખી દ્વારા પૂછાવે છે ત્યારે શ્રીપાળ મહારાજા પુતળી દ્વારા ઉત્તર આપે છે. તેવી રીતે જગત્‌ના જીવોનો ઉદ્ધાર કરનાર ભગવાન સેવક દ્વારા નવકાર સંભળાવી પણ નવકારનો મહિમા વધારે છે. પોતે મહાન સ્થાન પર છે. સેવકના મુખે નવકાર સંભળાવવાથી ઘણો ઉપકાર થયો.

કેવળ નવકારમંત્ર સાંભળવા માત્રથી તિર્યંચ એવા સર્પને મહાન લાભ થયો, સર્પ મટી ધરણેન્દ્ર થયો, તો તેનો ભાવાર્થ સમજી ભાવપૂર્વક જે ગણે તેને કેટલો મહાન લાભ થાય ?

સમ્યગ્‌દષ્ટિ નવકાર ગણનાર ઉપર જ્ઞાનીને જે ભાવ આવે તે નવકારહીન પૈસાદાર ઉપર ન આવે.

આ રીતે શ્રી શત્રુંજય માહાત્મ્ય ગ્રંથના ચોથા શ્લોકમાં શ્રી પાર્શ્વનાથપ્રભુની સ્તુતિ કરી પાંચમા શ્લોકમાં શ્રી મહાવીર પરમાત્માની સ્તુતિ કરે છે.

**सुराद्रिं सुरनाथस्य, संशयापनयाय यः ।**
**अकम्पयत् त्रिधा वीरः, श्रीवीरः श्रेयसेऽस्तु सः ॥५॥**

જે વીર પરમાત્માએ દેવેન્દ્રના સંશયને દૂર કરવા માટે મેરુપર્વતને કંપાવ્યો. મેરુ પર્વત ઉપર ભગવાનને જન્માભિષેક કરવા લઈ જાય છે. તે વખતે ઇંદ્ર મહારાજાને

સંશય થાય છે કે આવડા નાના શરીરવાળા પ્રભુ એક લાખ સાઠ હજાર કળશમાંથી પડતા જળને કેવી રીતે સહન કરશે ? એમ ઇંદ્રના મનમાં સંશય થયો. એક કળશ ૧ યોજન પ્રમાણ નાળચાવાળો અને ૨૫ યોજન પ્રમાણ હોય, આવડા મોટા પ્રમાણમાં કળશોમાંથી પડતા જળને ભગવાન કેવી રીતે સહન કરશે. આવી ઇંદ્રને પ્રભુ ઉપરની ભક્તિથી શંકા થઇ, પણ ભગવાનનું સામર્થ્ય તો અનુત્તર વિમાનના દેવ કરતાં પણ અનંતગુણું હોય. તે ઇંદ્ર જાણતા હોવા છતાં મોહના પ્રભાવથી ભૂલી ગયો પ્રભુએ પોતાના જ્ઞાનથી ઇંદ્રના મનમાં રહેલા સંશયને જાણ્યો અને તે સંશય દૂર કરવા પોતાના અંગૂઠાથી મેરુ પર્વતને કંપાવ્યો. આ ભગવાનની શક્તિ છે. પ્રાયોગિક શક્તિ છે.

જેમ ઇલેકટ્રીક કરન્ટમાં મનુષ્યને મારી નાંખવાની તાકાત છે. દેવોમાં પણ ઘણી તાકાત હોય છે. દેવો કરતાં પણ ભગવાનમાં અનંતગુણી શક્તિ છે. આવી આવી અનંત-શક્તિના ધણી ત્રણ પ્રકારે વીર (દાનવીર, ધર્મવીર, યુદ્ધવીર) એવા વીર પરમાત્મા તમારા કલ્યાણને માટે થાઓ. ભગવાને સાંવત્સરિક દાન આપી લોકોનું દારિદ્ર દૂર કર્યું તેથી દાન-વીર હતા. અનેક ઉપસર્ગો સહન કરી આત્મધર્મમાં અડગ રહ્યા તેથી ધર્મવીર હતા, તેમજ કર્મ સાથે આંતરિક યુદ્ધ કરી-ક્રોધ, માન, માયા, લોભ અને રસના જીતી લીધા તેથી યુદ્ધવીર હતા.

આ રીતે શ્રી વીર પરમાત્માની સ્તુતિ કરી હવે આ

પુંડરીકગિરિ નામ જેમનાથી પડયું તે શ્રી પુંડરીકસ્વામીની સ્તુતિ કરે છે.

**श्रेयः श्रियः पुण्डरीकं, पुण्डरीकं शिवश्रियः ।**
**पुण्डरीकशिरोरत्नं, पुण्डरीकं नमामि तम् ॥ ६ ॥**

કલ્યાણરૂપી લક્ષ્મીના કમળ સમાન, મોક્ષરૂપી લક્ષ્મીના કમળ સમાન, પુંડરીકગિરિના મુગટ સમાન શ્રી પુંડરીકસ્વામીને નમસ્કાર થાઓ.

શ્રી પુંડરીક ગણધર ૫ ક્રોડ મુનિઓ સાથે ફા. સુ. ૧૫ થી અણસણ કરી ચૈ. સુ. ૧૫ના દિવસે આ ગિરિરાજ પર કેવળજ્ઞાન અને નિર્વાણ પદવી પામ્યા છે.

કેટલાક શંકા કરે છે કે પાંચ ક્રોડ મુનિઓ એકી સાથે મોક્ષે આ ગિરિરાજ પર કેમ ગયા હશે? પણ શ્રી નેમિનાથ પ્રભુના સમયમાં એકી સાથે ૯૯ લાખ મુનિઓ મોક્ષે ગયા છે. તો તે વખતે ૫ ક્રોડ મોક્ષે ગયા તેમાં જરાપણ શંકા કરવા જેવું નથી. ભરત મહારાજાને ૧૧ ક્રોડ પુત્ર, બાહુબલીને ૧૧ લાખ પુત્ર હતા તો તે કયાં રહેતા હશે, તેને કેમ સંભાળતા હશે, એવી ફીકર આજના લોકો કરે તો જીવી શકે નહિ. જેમ દેડકો પૃથ્વીનું માપ કાઢવા પેટ ફૂલાવે તો પેટ ફાટી જાય.

પૂર્વકાળના મહાન જ્ઞાની શ્રી સુધર્માસ્વામીને, શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને, શ્રી હેમચંદ્રસૂરિજી મ.ને આ અંગે શંકા ન થઇ, તે આજના દેડકા જેવા છીછરા પેટવાળાને શંકા થાય છે. તે હકીકત અસ્વીકાર કરવા તૈયાર

થાય છે, એ મિથ્યાભિમાન છે, ૩ાા ક્રોડ મુનિઓ સાથે ફા. સુ. ૧૩ના દિવસે શાંબ–પ્રદ્યુમ્ન આ ગિરિવર પર મોક્ષે ગયા, તેનો આ પ્રઘોષ છે. શ્રદ્ધા છે તેથી ગિરિરાજનું માહાત્મ્ય છે. આજના કાળમાં પણ તે તે દિવસે અવિરત-પણે અનેક યાત્રાળુઓ ભાવભક્તિથી યાત્રા કરે છે

શ્રી હીરવિજયસૂરિના વખતમાં એક રૂપીયાના ૧૬ મણ ચોખા હતા, હાલ એક મણના રૂા. ૩૫, છે. આજના લોકોને પૂર્વની વાત આશ્ચર્ય પેદા કરે.

અવસર્પિણી કાળના પ્રભાવે બીજી વસ્તુઓ ઘટે તેમ ગિરિરાજ પણ ઘટતો જાય છે. છેવટે ઋષભકૂટ ૭ હાથ પ્રમાણ રહેશે. તેથી પ્રાયઃ શાશ્વત છે.

આ રીતે ૨૪ તીર્થંકરોમાંથી ૫ તીર્થંકરની, ૧૧૫૨ ગણધરોમાંથી પુંડરીક ગણધરની સ્તુતિ કરી. હવે પછીના શ્લોકમાં બાકીના તીર્થંકરો, બાકીના ગણધરો અને મુનિ-ઓની સ્તુતિ કરી, શાસનદેવીનું ધ્યાન કરી ગ્રંથકાર મહર્ષિ શત્રુંજય માહાત્મ્યની રચના કરે છે.

## વ્યાખ્યાન ૧૯ મું.

સ્થળ—ખુશાલભવન—પાલિતાણા સં. ૨૦૦૬ મહા સુદ ૧૪
તા. ૧—૨—૫૦ )

श्री युगादिजिनादेशात्, पुण्डरीको गणाधिपः ।
सपादलक्षप्रमितं, नानाश्चर्यकरान्वितम् ॥
श्री शत्रुंजयमाहात्म्यं, सर्वतत्त्वसमन्वितम् ।
चकार पूर्वं विश्वैक-हिताय महितं सुरैः ॥

શ્રી ઋષભદેવ ભગવાનના કહેવાથી શ્રી પુંડરીક ગણધરે સવા લાખ શ્લોક પ્રમાણ, વિવિધ આશ્ચર્યકર, સર્વ તત્ત્વોથી યુક્ત શ્રી શત્રુંજય ગિરિરાજનું માહાત્મ્ય જગતના જીવોના કલ્યાણ માટે રચ્યું હતું.

જગતના જીવો ઉપર પરમાત્માનો એવો મહાન્ ઉપકાર છે કે—તેઓએ પોતાની સર્વ શક્તિથી પરમાત્માની ભક્તિ કરવી જોઇએ.

ભગવાનની ભક્તિ કરનારા, અધિક હિંસામાં બેઠેલા લોકો ભગવાનની પૂજામાં થતી સ્વરૂપ હિંસાથી ભય પામે તો તેનામાં ભક્તિ રહી શકતી નથી. પોતાની ભક્તિ કરતાં તારકની ભક્તિમાં ભય માને તો તેને માટે તે તારક રહી શકે નહિ.

મોટા મકાનો બંધાવવામાં મોહ છે. આરંભ છે. જિનપૂજામાં થતો આરંભ એ મોટા આરંભોમાંથી બચવાનો અનન્ય ઉપાય છે. તેમાં હિંસાની બુદ્ધિ થાય, શ્રી

જિનેશ્વર પરમાત્માની મૂર્તિને પત્થરની શીલા માને તો ભક્તિના પરિણામ ન ટકે. તેમની નાની-મોટી પૂજાઓ માટે સંકોચદૃષ્ટિ થાય તો આત્માને વળગેલા પાપોનું નિવારણ થઇ શકે નહિં.

દેવનો જન્મ થતાં સેવક દેવતાઓ તેના મોટા અભિષેક કરે છે, પછી ઉદ્યાન, વાવ વગેરેમાં જાય, આવા દેવો જિનેશ્વર ભગવંતની ભક્તિમાં સચિત્ત-અચિત્તનો વિભાગ કેમ કરી શકે? તેવો વિભાગ કરે તો ભક્તિ રહી શકે નહિ.

ભગવાનની ભક્તિ તે પોતાની વૃત્તિ સુધારવા માટે છે. ઇંદ્રોની ઋદ્ધિ, તેમનું પુણ્ય, તથા સેવકદેવો દ્વારા થતી ઇંદ્રોની ભક્તિ આદિનો વિચાર કરીએ ત્યારે તેમની જિનેશ્વર પરમાત્માની થતી ભક્તિ એ વધારે પડતી નથી.

ઇંદ્રનું વિમાન ૪૫ લાખ યોજન પ્રમાણ છે, અસંખ્ય દેવો ઇંદ્રોના આજ્ઞા માને, તેને પોતાના નાથ માને, તેના પુણ્યથી એવી ભક્તિ ઉત્પન્ન થાય તેના અભિષેક વખતે સુગંધી જળ વગેરે કેટલું વપરાય? તે દેવો ત્રિજગત્પૂજ્ય પરમાત્માની ભક્તિ કરતાં પાપનો વિચાર કરે તો, તેમને પોતાની થતી ભક્તિ વખતે પાપનો વિચાર કેમ નહિ આવ્યો હોય? માટે સંપત્તિ મુજબ ત્રણ જગતના તારકની ભક્તિ કરે, તેમાં ઉલ્લાસભંગ થાય એવી સચિત્ત-અચિત્તની વાતો ભક્તિનો ભંગ કરનારી છે. તે અહિંસાના નામે થતી હોય તો પણ ધર્મ-સ્વરૂપ બની શકતી નથી. ૨ સાગરોપમનું સૌધર્મેન્દ્રનું આયુષ્ય છે. તે કાળમાં અસંખ્ય તીર્થંકરો થાય, ઇન્દ્ર મહારાજા તેમની ભક્તિ કરે છે.

ઇંદ્ર મહારાજાની ઘણી શક્તિ હોય છે. જેમ વધારે શક્તિ તેમ ઓછો ઉપયોગ હોય. વધારે જ્ઞાની હોય તો ઓછું બોલે. અધુરો ઘડો છલકાય. તેમ ઘણી શક્તિવાળા દેવો પણ પોતાની તાકાતનો ઉપયોગ કરતાં નથી. ઇંદ્ર મહારાજામાં એટલી શક્તિ હોય કે જંબૂદ્વીપને ઉંધો કરી છત્ર બનાવી શકે અને મેરુ પર્વતનો દંડ કરી શકે, પણ લોકસ્વભાવે તેઓ તેમ કરતા નથી. લોક સ્થિતિથી સૂર્ય–ચંદ્ર વગેરેના વિમાનો આકાશમાં ભમે છે. તેથી વજનદાર પદાર્થો પણ આકાશમાં રહે છે. નારક પૃથ્વીઓ પણ ઘનોદધિ–ઘનવાત અને તનવાતને આધારે અને તેઓ પણ આકાશના આધાર ઉપર રહે છે. અન્ય લોકો શેષનાગ અને કાચબાનો આધાર કહી સમાધાન કરે છે.

ભગવાનના જન્માભિષેકની વાત મનુષ્યની દૃષ્ટિએ નહિ-પણ દેવોના પુણ્યની દૃષ્ટિએ વિચારીએ તો જરાપણ સંશય ન રહે.

વીરતાના ત્રણ પ્રકાર છે. દાનવીર, ધર્મવીર અને યુદ્ધવીર. વીર પરમાત્માએ દીક્ષા લીધા પછી પણ અર્ધ દેવદૃષ્ય વસ્ત્ર બ્રાહ્મણને આપી દીધું તે દાનનો વીરરસ છે. રસ નવ પ્રકારના છે. તેમનો ક્ષમાધર્મ અને તપધર્મ પણ અજોડ હતો. તેમના જેવા તપસ્વી અને ક્ષમાવાન છેલ્લા અઢી હજાર વર્ષમાં બીજા થયા નથી. તેમના દાનને અઢી હજાર વર્ષમાં થયેલા વિક્રમરાજા, કુમારપાળ રાજા કે બીજા દાનવીર રાજા પહોંચી શકયા નથી. તેમણે મન તથા ઇંદ્રિયોને

વશ કરી રાગ–દ્વેષ સાથે યુદ્ધ કરી આંતરિક શત્રુઓને જીત્યા છે. કષાય અને ઇંદ્રિયો વગેરે મનની રમત છે. તેથી મનને જીતવા માટે પ્રબળ પુરુષાર્થ જોઇએ. પ્રભુએ પરિષહો અને ઉપસર્ગોને સમભાવે સહન કરી મનને જીત્યું હતું.

સાચા સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા બનનારને જે તકલીફ સહન કરવાની હોય છે તે ખુલ્લા શસ્ત્રના ઘા સહન કરનાર કરતાં પણ અધિક હોય છે. પૈસા પેદા કરવામાં જે તકલીફ સહન કરવી પડે તેનાથી અધિક કષ્ટ દીક્ષા લીધા પછી સહન કરવાના હોય છે. તેને માટે મન ઉપર વિજય કરવાનો રહે છે. ભ૦ મહાવીરદેવે મનને જીતવા અનેક ઉપસર્ગો સહન કર્યા છે. પૂર્વના કર્મયોગે આવેલા કષ્ટોને ધર્મયોગે સમભાવે સહન કરી કર્મો ખપાવ્યા છે.

આ ગિરિરાજ પર ફા. ". ૧૦ના દિવસે નમિ–વિનમિ બે ક્રોડ મુનિઓ સાથે મોક્ષે ગયા છે. ગૃહસ્થ અવસ્થામાં ભગવાને તેમને પોતાના પુત્રો કરતાં પણ અધિક માન્યા હતા.

શ્રી પુંડરીકસ્વામી, ભરત મહારાજાના પ્રથમ પુત્ર હતા. તેઓ એવા પાત્ર હતા કે જેથી ભગવાનના પ્રથમ ગણધર થયા. અને આ ગિરિરાજ ઉપર ચૈત્રી પૂર્ણિમાના દિવસે ૫ ક્રોડ મુનિરાજ સાથે મોક્ષે ગયા.

શ્રી ઋષભદેવ ભગવાન દીક્ષા લીધા પછી ફા. સુ. ૮ ના રોજ પૂર્વ નવાણું વાર ગિરિરાજ પર આવેલ છે. પોતાના ચરણવડે આ તીર્થક્ષેત્રની ભૂમિને પાવન કરેલ છે. મુખ્ય સ્થાન ઘેટીની પાસેથી ચઢયા છે.

શ્રી ઋષભદેવ પરમાત્માને દીક્ષા લીધા પછી આહા-રના અંતરાયનો ઉદય આવ્યો, તેથી શુદ્ધ ભિક્ષા ન મળે, શરીર સુકાયું, આત્મતેજ વધ્યું તેથી ફા. વ. ૮ વર્ષીતપનો પ્રારંભ થાય છે. શ્રેયાંસકુમાર વૈ. સુ. ૩ ના રોજ શેરડીના શુદ્ધ રસથી ભગવાનને પારણું કરાવે છે. તેથી તે અક્ષય-તૃતીયા પર્વ તરીકે પ્રસિદ્ધ છે.

પૂર્વે આદિનાથ ભગવાનની આજ્ઞાથી શ્રી પુંડરીક ગણધરે ૧ા લાખ શ્લોક પ્રમાણ આશ્ચર્યકારી વૃત્તાંતોથી યુક્ત સર્વ તત્ત્વ યુક્ત શ્રી શત્રુંજય માહાત્મ્ય વિશ્વના હિતને માટે રચ્યું હતું. પોતાનું હિત તો થઇ ચૂક્યું હતું. બીજાના હિત માટે કાર્ય કરે તે પુરુષોત્તમ છે. કેવળજ્ઞાન થયા પછી પરોપકાર નિષ્કારણ છે.

શ્રી વર્ધમાન પ્રભુની આજ્ઞાથી શ્રી સુધર્માસ્વામીએ અલ્પ આયુષ્યવાળા આ યુગના લોકોના હિતને માટે ૨૪ હજાર શ્લોક પ્રમાણ શ્રી શત્રુંજય માહાત્મ્યની સંક્ષિપ્ત રચના કરી, તેનું મંથન કરીને તેના સારભૂત ૧૦ હજાર શ્લોક પ્રમાણ શત્રુંજય માહાત્મ્યની આ રચના શ્રી ધનેશ્વરસૂરિએ કરી છે.

શ્રી ધનેશ્વરસૂરિએ સ્યાદ્વાદ વાદના વશથી બૌદ્ધોને પરાજિત કર્યા હતા.

પૂર્વના કાળમાં દાર્શનિક વાદ વિવાદો ઘણા થતા હતા. જૈન સાધુઓ સર્વ દર્શનના જ્ઞાતા હોય છે. અન્ય દર્શ-નોના અભ્યાસ માટે કેટલીક વખત તેઓના સ્થાનમાં જઈ

અભ્યાસ કરવો પડે છે. શ્રી હરિભદ્રસૂરિજી મ.ના વખતમાં તેમણે પોતાના ભાણેજ હંસ અને પરમહંસને બૌદ્ધ ન્યાયનો અભ્યાસ કરવા બૌદ્ધમઠમાં મોકલ્યા હતા. તેઓ ગુપ્તવેશે ત્યાં રહી અભ્યાસ કરતા હતા. કોઇક ચિહ્નથી જૈન મુનિ છે એમ બૌદ્ધોને ખબર પડી, બૌદ્ધોએ પોતાના ભક્ત રાજા મારફત તેની પાછળ સૈન્ય મોકલી તેમનો વધ કરાવ્યો. આથી હરિભદ્રસૂરિજી મ.ને બૌદ્ધો ઉપર ક્રોધ ચઢયો, ક્રોધના લીધે ૧૪૪૪ બૌદ્ધોને વિદ્યા બળથી સમળી બનાવી સળ-ગતી તેલની કઢાઇમાં નાંખવા ઉદ્યમ કરે છે તેમના ગુરુ-મહારાજને આ વાતની ખબર પડે છે, તેમના બોધ માટે સમરાદિત્ય ચરિત્રની પ્રાચીન બે ગાથાઓ મોકલે છે, તે વાંચીને હરિભદ્રસૂરિજી મ.નો ક્રોધ શાંત થાય છે. તેમને પોતે કરેલ ક્રોધ માટે પશ્ચાત્તાપ થાય છે, તે ગુરુના અંકુ-શથી થાય છે. પાપની શુદ્ધિ માટે ગુરુચરણમાં જઈ પ્રાય-શ્ચિત્ત માગે છે, ગુરુ મહારાજ તેમને લાયક પ્રાયશ્ચિત્ત આપે છે. આવા સંકલ્પનું પ્રાયશ્ચિત્ત ઉપવાસથી થઇ શકે નહિ. શાસનની ધુરંધર મહાન વ્યક્તિ છે, તેના દ્વારા તેનો અને જગત્‌ના જીવોનો નિસ્તાર કરવા ૧૪૪૪ ગ્રંથો બના-વવાનું પ્રાયશ્ચિત્ત આપે છે. તેમણે પોતાની છેવટની જીંદગી સુધી ૧૪૪૦ ગ્રંથો બનાવ્યા. આયુષ્ય પૂર્ણ થવાની તૈયારી છે. છેવટે સંસાર દાવાનલથી ૪ થોયો બનાવતાં ૩ થોય બનાવી, ચોથી થોયનું એક પાદ બનાવ્યું અને કાલધર્મ પામ્યા. બાકીના ત્રણ પાદ શાસનદેવી બનાવે છે. તે ગ્રંથોનો લાભ અત્યારે પણ મળે છે. તે ત્રણ પદો સંઘ સાથે મોટે

અવાજે બોલે છે. માટે અવાજે બોલવાનું કારણ હર્ષજનક છે એમ નથી વિઘ્ન દૂર કરવા માટે છે.

**પ્રશ્ન**—શ્રી હરિભદ્રસૂરિજી મ.ના પૂર્વના આચાર્યોએ ગ્રંથો કેમ ન બનાવ્યા ?

**ઉત્તર**—મહાપુરુષો પોતાની શક્તિનો ઉપયોગ આત્મ-શુદ્ધિના નિમિત્ત સિવાય કરતા નથી. કેટલાક લોકો પૂર્વના આચાર્યોને તેની કૃતિઓ ન મળવાના કારણે માનતા નથી. તે લોકો જિનશાસનની મહત્તા સમજી શકતા નથી. શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજની વિજ્ઞપ્તિથી સિદ્ધહૈમ વ્યાકરણ સર્વ અંગોપાંગ સહિત રચ્યું હતું, કુમારપાળ રાજાની વિનતિથી ત્રિષષ્ઠિશલાકા પુરુષ વગેરે ગ્રંથોની રચના કરી હતી, જૈન મુનિઓ પોતાની શક્તિ હોવા છતાં કોઇની વિનતિ આદિ વિશિષ્ટ કારણ વિના ગ્રંથરચના ન કરે, કોઇની વિનતિ વિના જૈન મુનિઓ વ્યાખ્યાન પણ ન કરે.

**પ્રશ્ન** :- વગર વિનતિએ વ્યાખ્યાન વગેરે કોણ કરે ?
**ઉત્તર** :- જેનામાં તત્ત્વ ન હોય તે કેવળ પ્રચાર કરવા ક્રિશ્ચીયન જેવા વગર વિનતિએ પણ ભાષણો વગેરે કરે છે.

ગ્રંથની રચના પણ કર્મક્ષય કરવા માટે છે. પણ ગ્રંથરચનાથી જે કર્મક્ષય થાય તેનાથી પણ અધિક કર્મ-ક્ષય ધ્યાનસાધનાથી થાય, તે તેમનામાં હોય, સ્વાધ્યાયમાં પણ અનુપ્રેક્ષા ન ટકે ત્યારે વાચના વગેરે કરે.

નવકારનો જાપ મૌનપણે કરવાથી વધારે લાભ, પણ મૌનપણે જાપમાં ન ટકી શકે ત્યારે ઉચ્ચારથી પણ જપ-

વાથી લાભ. તે મહાપુરુષોએ આત્મશુદ્ધિ માટે ગ્રંથો સ્વયં રચેલા હોવા છતાં પોતાની જે લઘુતા બતાવી છે, તેથી તેઓના ગ્રંથમાં બીજાઓને પ્રેરણા મળે છે, બીજામાં તેવી પ્રેરણા ન મળે.

તે સમયમાં રાજાઓ ઉપર બૌદ્ધોનો વિશેષ પ્રભાવ હતો. જૈન તીર્થોને પણ તેઓએ રાજ્ય સહાયથી પચાવી પાડયા હતા. શ્રી ધનેશ્વરસૂરિ રાજગચ્છના અલંકૃત હતા. બૌદ્ધો સાથે વાદ કરી, બૌદ્ધોને પરાજય પમાડી, અહીંથી કાઢી મૂકી શ્રી શિલાદિત્ય રાજા પાસે આ તીર્થનો ઉદ્ધાર કરાવ્યો હતો. તેઓ સર્વવિદ્યાવિશારદ હતા. તેઓશ્રીએ શત્રુંજય માહાત્મ્યની રચના કરી છે. આજે પણ તેઓશ્રીની મૂર્તિ ગિરિરાજ પર શાંતિનાથ ભગવાનના દેરાસરથી આગળ માર્ગ પર જતાં જમણી બાજુ એક આરસની દેરીમાં વિરાજમાન છે.

## વ્યાખ્યાન ૨૦ મું.

( સ્થળ–ખુશાલભવન–પાલિતાણા સં. ૨૦૦૬ મહા સુદ ૧૫
તા. ૨–૨–૫૦ )

**वृतो वृन्दारकैर्वर्धमानोऽन्येद्युः सदुद्यतः ।**
**शत्रुंजयं द्विधा शत्रुंजयं पर्वतमागमत् ॥**

એક વખત શ્રી મહાવીર પરમાત્મા, દેવસમૂહથી સેવાતાં, શ્રી શત્રુંજય ગિરિરાજ પર આવે છે. અને આ ગિરિરાજનો મહિમા સમજાવે છે.

બજારનો મહિમા સમજાવવા માટે કહેવાય છે કે લક્ષ્મી વાણિજ્યમાં–વેપારમાં અને શિલ્પમાં વસે છે. પણ તેનું સેવન કરનારા બધા લક્ષ્મીવાન થતા નથી તેમ ગિરિરાજના દર્શનથી તેનું વિધિપૂર્વક સેવન કરવાથી ઘણો લાભ થાય છે. તે સિવાય ફાયદો અલ્પ થાય અચિંત્ય ફળદાયી વસ્તુના વર્ણનમાં, તે વસ્તુનું જેને જ્ઞાન ન હોય તેને અતિશયોક્તિ લાગે છે, કારણકે તેમણે તે વસ્તુના ગુણ જાણ્યા નથી, અનુભવ્યા નથી. શ્રી શત્રુંજય મહાતીર્થનો મહિમા જ્ઞાનદૃષ્ટિથી વર્ણવાય છે. તેવું જ્ઞાન જ્યાં સુધી આપણને ન થાય, ત્યાં સુધી આપણે આ ગિરિરાજના મહિમાને વાસ્તવિક રૂપે ન જાણી શકીએ.

આ ગિરિરાજનો મહિમા મનથી અગોચર છે, દિવ્યજ્ઞાનથી આ ગિરિરાજનો મહિમા ગવાય છે. જેમ મણિ–

મંત્ર આદિના ગુણો અજ્ઞાનીથી છૂપા હોય, તેમ અજ્ઞાનીઓ આ ગિરિરાજના મહિમાને ન સમજી શકે. જ્ઞાનીઓની દૃષ્ટિથી તો આ ગિરિ, મેરુપર્વત કરતાં પણ મહાન છે. આપણા જેવા અજ્ઞાનીઓને તો ગિરનારથી પણ નાનો દેખાય. જ્ઞાનીઓ અને આપણી દૃષ્ટિમાં ફેર છે. આ ગિરિરાજનો મહિમા સાંભળનાર એવા આપણે અપૂર્ણ બુદ્ધિ ઉપર જીવનારા છીએ. અંગ્રેજો વળી જુદી રીતે વર્ણન કરે.

બુદ્ધિ ઉપર જીવનારા ઘીને પુષ્ટિકારક તરીકે જાણે. તેમ ઘી ફીણવાથી ઝેર બને તે વૈદ્ય જાણે.

સુવર્ણનાં આભૂષણ પણ બને, અને સોનાના વરગના પાના ખાવાથી શરીરને પણ ગુણ થાય. આ આપ્તપુરુષોનું વચન છે. ગિરિરાજનો મહિમા અતીંદ્રિય જ્ઞાનનો વિષય છે. શાસ્ત્રમાં વર્ણવેલ મહિમા આપ્તપુરુષોનું વચન છે. આ ગ્રંથની શરૂઆત આપ્તપુરુષના નમસ્કારથી છે. તે અતીંદ્રિય જ્ઞાની ન હોય તો તેનું વચન માની ન શકાય. બુદ્ધિરૂપી વાંદરા ઠેકડા મારી ક્યાં સુધી જઈ શકે ? અતીંદ્રિય વસ્તુમાં કલ્પના દોડી ન શકે.

આથી કહ્યું છે કે–આ ગિરિરાજની માટી ખોદી શકાય નહિ. આના પત્થર પણ ન તોડાય. આ ગિરિરાજ પર રહેલા વૃક્ષોની ડાળી પણ ન કપાય. પાંદડા ઉપર પણ પગ ન મૂકાય. આ ગિરિરાજના સંપર્કથી તેઓને પણ પૂજ્ય માનવા જોઇએ. તે તે પદાર્થોની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે તો તેનામાં ભૂત–પ્રેત વગેરેના વિકાર દૂર કરવાની

તાકાત છે. માટે આ ગિરિરાજના મહિમાનો બુદ્ધિથી વિચાર કરનારા આપણે કોણ? એમ વિચાર કરવો જોઇએ.

આપણને આપણી જાત–મત ઉપર આંધળો વિશ્વાસ હોય છે. જ્યારે ધર્મને યોગ્ય માણસને પોતાના ગુરુએ કહેલી વાત કવચિત્ ગળે ન ઉતરતી હોય તો પણ તહત્તિ કરી માને છે, ત્યારબાદ શાસ્ત્ર ભણવા માટે યોગ્ય બને છે. સર્પનાં દાંત ગણવા ગુરુ કહે, ત્યારે વિનીત શિષ્ય ગુરુની આજ્ઞાનું પાલન કરવા જાય, શિષ્ય સર્પનું મુખ પકડે તે પહેલા ગુરુ તેને ખેંચી લે. કેવળ બુદ્ધિ ઉપર જ વિશ્વાસ હોય તો પશુ અને મનુષ્યમાં ફેર નથી. પશુ જે બુદ્ધિથી ચાલે તે બુદ્ધિથી યોજનાપૂર્વક હિંસા કરી શકતો નથી, જ્યારે મનુષ્ય તેવી હિંસા કરી શકે છે.

શ્રદ્ધારૂપી ફળ વગરની બુદ્ધિ પાપને પુષ્ટ કરનારી હોય છે. પૂર્ણ જ્ઞાનીને શરણે જવાની બુદ્ધિ જાગે ત્યારે આત્મા ધન્ય બને છે. આ દેશમાં પૂર્વે આવી શ્રદ્ધા ઉત્પન્ન કરવી પડતી ન હતી, સહજભાવે હતી. જ્યાં સુધી શ્રદ્ધા ઉત્પન્ન ન થાય ત્યાં સુધી બુદ્ધિ વાંજણી છે. અહીં–તહીં ભટકાવનારી છે. બુદ્ધિદ્વારા આપ્ત પુરુષને ગોતી તેની નિશ્રામાં રહેવું જોઇએ. પછી નમ્રતા આવે છે. કદાચ તેવા આપ્ત પુરુષ ન મળે તો પણ પ્રયાસ સફળ છે.

આંધળો વિશ્વાસ ન રાખવો તેમ આંધળો અવિશ્વાસ પણ ન રાખવો એમ શાસ્ત્રકારો કહે છે. બુદ્ધિનું ફળ શ્રદ્ધા છે, શ્રદ્ધાનું ફળ ચારિત્ર છે, ચારિત્રનું ફળ મોક્ષ છે. એક

એકની કિંમત છે. મોક્ષ અતીંદ્રિય છે, તે માટે શ્રદ્ધાનું અવલંબન લેવું જોઇએ. બુદ્ધિનો વિકાસ કરનાર શ્રદ્ધા છે.

માતા દ્વારા મોટા થયા પછી માતાની જરૂર નહીં માનનારા જે યુવકો હોય તેને કેવા કહેવા? બુદ્ધિ દ્વારા મદ કર્યો, બુદ્ધિ દ્વારા તત્ત્વનું ખુન કર્યું, તેવી રીતે બુદ્ધિ મળ્યા બાદ શ્રદ્ધાને મૂકી દેનારા, ભયંકર અવર્ણવાદ બોલનારા આજે છે. આજે એવી બુદ્ધિ બહુ આગળ વધી છે.

આ ગિરિરાજનો મહિમા કોઈના પૂછવાથી વીર પરમાત્માએ બતાવ્યો. આ ગ્રંથના રચનાર પ્રખર જ્ઞાની વિદ્વાન નૈયાયિક હતા. તેમણે અનેક ગ્રંથોનું મંથન કરી આ શત્રુંજય માહાત્મ્યની રચના કરી છે, તેમની બુદ્ધિને શરણે જવા વિચાર કરવો જોઇએ. શ્રદ્ધા કદી નિષ્ફળ જતી નથી, બુદ્ધિ નિષ્ફળ જાય છે. શરણે ગયેલાનું કોઇ મસ્તક કાપતું નથી, તેમ જ્ઞાનીને શરણે જનારનું કોઇ દિવસ અહિત થતું નથી. શ્રદ્ધાપ્રધાન આત્માને ગિરિરાજનો જેટલો લાભ મળે, તેટલો બુદ્ધિપ્રધાનને મળતો નથી. કારણકે મોક્ષ એ શ્રદ્ધાગમ્ય છે. પરલોક શ્રદ્ધાગમ્ય છે. શ્રદ્ધાનો વિષય ઘણો છે. વિષનો કણીયો ૩ાા મણની કાયાને ખતમ કરે, એક બીજ અનેક દાણા ઉગાડે આ બધા શ્રદ્ધાના વિષય છે

બુદ્ધિમાં જગત્‌ને મહાત કરે એવા અનેક પુરુષો આ સૌરાષ્ટ્રમાં ઉત્પન્ન થયા છે.

તાડના વૃક્ષ ઉપર સોય જેવી અણી હોય છે, તે કાઢી નાંખવામાં આવે તો આખું વૃક્ષ પડી જાય છે, તેમ શ્રદ્ધા વગરની બુદ્ધિ નકામી છે.

સાચી બુદ્ધિ તે કે જે શ્રદ્ધાને અનુસરનારી છે શ્રદ્ધા વાળી બુદ્ધિ પછી પોતાની બધી તાકાત સફળ બનાવે છે. શ્રદ્ધા તેવા પ્રકારની હોય કે જે બુદ્ધિનો દ્રોહ ન કરે.

ગ્રંથ રચનાર બુદ્ધિપ્રધાન છે, આખો ગ્રંથ શ્રદ્ધાગમ્ય છે.

પેથડશાના પિતા દેદાશા હતા, તેમણે સોનાનો ઉપાશ્રય બનાવવાની ઈચ્છા કરી, ગુરુએ મના કરી, પછી માટીમાં કેશર–કસ્તુરી ભેળવી પોસહશાળા બંધાવી, પેથડશા પાસે સુવર્ણસિદ્ધિ હતી, કર્મયોગે તે ભૂલી ગયા પછી કોથળા વેચી દરિદ્રપણે સમય વ્યતીત કરતા હતા, સૂરિ મહારાજાએ પરિગ્રહ પરિમાણ વ્રત લેવા સમજાવ્યું, ૫૦૦નું પરિમાણ રાખવાનો નિયમ માગે છે. ગુરુ નિષેધ કરી અધિક રાખવા કહે છે. છેવટે ૫ લાખનો નિયમ આપે છે. પછી માંડવગઢ ગયા. શુભ શકુન થયા, નાગણના મસ્તક પર જમણી બાજુ દેવચકલી બેઠી છે. તેની પાસે આવે છે. જ્યોતિષીને તેનું ફળ પૂછે છે. જ્યોતિષી સારૂં ફળ કહે છે. ઘીનો વેપાર કરે છે, એક વખત ઘી ઇંઢેણી ઉપર મૂકેલું કાઢતાં ઓછું થતું નથી, નીચે ચિત્રાવેલીની ઇંઢોણી હતી, તે જોઈ તેના મોં માગ્યા પૈસા આપી ખરીદી લે છે. પુષ્કળ ધન કમાય છે. ઉદાર થઇ શાસનપ્રભાવનાના અનેક કાર્યો કરે છે, શ્રદ્ધાના બળથી તીર્થયાત્રાના સંઘો કાઢી શાસનપ્રભાવના કરે છે. એ શ્રદ્ધાનું પરિણામ છે.

—૦—

# વ્યાખ્યાન ૨૧ મું.

(સ્થળ–ખુશાલભવન પાલિતાણા. સં. ૨૦૦૬ મહા વદ ૧
તા. ૩–૨–૫૦ )

ચાલુ૦

ચરમ તીર્થંપતિ ભગવાન શ્રી વર્ધમાનસ્વામી શ્રી શત્રુંજયગિરિ પર પધારે છે. ત્યારે તેમની સાથે અનેક દેવો છે, તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાન થયા પછી હંમેશા ૧ ક્રોડ દેવતાઓ તેમની સાથે રહે. આ સંખ્યા મનુષ્યની અપેક્ષાએ ઘણી મોટી લાગે. ત્યારે દેવોની અપેક્ષાએ ઘણી જ અલ્પ છે. દેવતાઓમાં અસંખ્યાતા દેવો તો સમ્યગ્–દૃષ્ટિ હોય છે. ભગવાનની સાથે રહેવાની ઇચ્છાવાળા તો અસંખ્યાતા દેવો હોય છે.

ફક્ત નવકાર ગણનાર જીવ કરતાં, ભગવાનની પૂજા કરનાર વધે, તેના પ્રત્યે શ્રદ્ધા ધારણ કરનાર વધે, તેના કરતાં વ્રત ધારણ કરનાર વધે, વ્રતધારીને જુએ ત્યારે ચારે નિકાયના સમકિતધારી અસંખ્ય દેવો આનંદ પામે, જેમ એક જીવ વ્રત ગ્રહણ કરે ત્યારે ચતુર્વિધ સંઘમાં આનંદ થાય છે. દેવોને અવધિજ્ઞાન હોય છે, વળી ભગવંતના મુખથી સાંભળવા મળે છે તેથી દેવોને આનંદ થાય છે, તેમજ તીર્થંકર પરમાત્માના પાંચે ય કલ્યાણકોમાં દેવો આનંદ પામે છે, તેમના ગુણો જોઇ પ્રમોદ ધારણ કરે છે. પોતાની શ્રદ્ધા દૃઢ થાય છે.

એક જીવ સંયમ ગ્રહણ કરે તેથી અન્ય જીવો તેના દ્વારા થતી હિંસાથી મુક્તિ મેળવે છે, કારણકે તે જીવ પછી કોઇ જીવની હિંસા કરતો નથી, સરોવરના મધ્યભાગમાં નાંખેલ કાંકરો એક કુંડાળામાંથી અનેક કુંડાળા કરી સરોવરના જળને હચમચાવે છે તેમ વ્રત ગ્રહણ કરનાર જીવોની અસર બધે પહોંચે છે, એક જીવનું પરિવર્તન સમગ્રસૃષ્ટિમાં વ્યાપી રહે છે. દીક્ષા લેનારને જેમ પ્રથમ સગા ઓળખે છે, તે જીવ રાજીખુશીથી સંયમનું બંધન સ્વીકારે છે, માટે સંસાર કરતાં સંયમમાં વધારે લાભ હશે એવો અવ્યક્ત બોધ સગા-સંબંધીઓને થાય, તે સગા-સંબંધીઓ બીજાને વાત કરે, તેવી રીતે ઘણી અસર થાય છે. સાક્ષાત્ ઓળખે તેને વ્યક્ત અસર થાય, બીજાને અવ્યક્ત અસર થાય.

એક જીવ ચારિત્ર પ્રાપ્ત કરે ત્યારે તેનાથી ૧૪ રાજલોકના જીવોને અભય પ્રાપ્ત થાય, પ્રથમ તે જીવ બીજા જીવોને પીડાજનક, રાગદ્વેષજનક બનતો હતો, તેમાંથી તે જીવોને છૂટકારો આપે છે, તેથી અભય ફેલાવનારો બને છે,

દેવો અવધિજ્ઞાની હોય છે, તેઓને મનુષ્ય કરતાં ઋદ્ધિ-સ્વતંત્રતા અધિક હોય, તેઓ સમવસરણમાં જઇ ભગવંતની દેશના સાંભળી શકે, જ્યારે મનુષ્ય તે કરી શકતો નથી, ફક્ત દેવો પોતાનું વર્તન-આચરણ સ્વતંત્રપણે ઘડી ન શકે, તે સાધુ થવા માગે તો ન થઇ શકે. તે સ્વતંત્રતા મનુષ્યલોકમાં જ છે, કોઇને આધીન ન રહેવું હોય તો સદ્‌ગુરુનું શરણ લઇ સાધુ થાય તો દરેક બંધનથી મુક્ત થાય છે, તેવી સ્વતંત્રતા દેવોમાં નથી, જેના શરણે

સર્વ બંધનથી મુક્તિ મળી ત્યાં પણ સ્વતંત્ર રહી શકે છે. આવી સર્વત્યાગની સ્વતંત્રતા મનુષ્યમાં જ છે. મનુષ્યને સ્વદેહ માટે અતિઅલ્પ સામગ્રી જોઇએ. બીજી ઇચ્છાઓ છોડી દે તો કોઇની ચાકરી કરવી ન પડે તેના માટે જ્ઞાનીએ માર્ગ બતાવ્યો છે. कुक्खी संबल રહેવું. બીજા દિવસ માટે કાંઇપણ સંગ્રહ ન કરવો, પાત્રા પણ ખાલી રાખવા, તેને ઉદરનિર્વાહ માટે મળી રહે, ભુખ્યા રહેવાનો સમય ન આવે, જરૂર પુરતી સામગ્રી મળી રહે છે. આવી ચારિત્રની સુલભતા મનુષ્યભવમાં જ છે. એક સંયમનું બંધન સ્વીકારવાથી બીજા બધાં બંધનો છૂટે. તેમ કરવું દેવોથી ન બની શકે. દેવો મૂળ શરીરે અહીં આવી ન શકે, ઉત્તરવૈક્રિય શરીરથી આવી શકે. આવું દ્વિધા જીવન દેવોમાં હોય છે. બીજા અનેક કાર્યો કરવાની દેવોમાં શક્તિ હોય છે. ધર્મિષ્ઠ જીવોને દેવો પણ નમસ્કાર કરે છે **देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ।**

દેવો અવધિજ્ઞાની હોવાથી યોગ્યને જ નમસ્કાર કરે. અને નમનીયને નમન કર્યા વિના ન રહે. સમકિતદૃષ્ટિ હોવાથી તેમનું જ્ઞાન નિર્મળ હોય છે, તે જેને નમન કરે તે ધર્મ સત્ય હોય છે એમ દશવૈકાલિકકાર શ્રી શય્યંભવસૂરિ મહારાજ કહે છે.

સમકિત પામેલ નવકાર ગણનારને જોઇ, જેનું મન તેના પ્રત્યે રોષ પામે તેનું મિથ્યાત્વ દૃઢ થાય. મંદ મિથ્યાત્વી જીવને તેના પ્રત્યે રોષ ન થાય. તેમ રુચિ પણ ન થાય. જે પોતાના મતના આગ્રહવાળા અને જિનમત પર દ્વેષ

ધારણ કરનારા હોય તેને નવીન આત્મા ધર્મ પામે તેના પર દ્વેષ થવાનો સંભવ રહે છે.

ધર્મી આત્માને જોઇ સમકિતી દેવોને આનંદ થાય છે, ધર્મ ઉપદેશ શરુ થયા પછી પુરો થાય તે પહેલા જે ફેર-ફાર થાય તેની અસર ઘણી થાય છે. તેમ કોઇ ધર્મ પામે ત્યારે બધા સમકિતી દેવો પ્રસન્ન થાય છે. આપણા ઉપર પણ પૂર્વે ધર્મ પામેલાની અસર છે.

એક કરોડ દેવો તીર્થંકર પરમાત્મા પાસે સદા હાજર રહે તે તેમનું પુન્ય છે. સમવસરણ વખતે તો અસંખ્યાતા હોય. જઘન્યથી ૧ ક્રોડ હોય. તે સમકિતી અગર મંદ મિથ્યાત્વી હોય છે ભવિષ્યમાં સમકિત પામનાર હોવાથી સમકિતી પણ કહેવાય.

**પ્રશ્ન** :– દેવો નજરે દેખાય ?

**ઉત્તર** :– હા, દેખાય. પણ ઘણી વખત નજરે જોયા છતાં પણ સંશય રહે, જેમ ઇંદ્રભૂતિ આદિને સંશય હતો. નજરે જોયા છતાં ઇંદ્રજાળ માને. સ્વપ્ન અવસ્થા માને. તેનું નિરાકરણ કરવા માટે ભગવાનને પૂછવાની આવશ્યકતા લાગી.

આ સિદ્ધાચળનો મહિમા અનંત સિદ્ધોને કારણે છે. દુર્ભવી–અભવી આ ગિરિને નજરે ન જોઈ શકે. કારણ કે તેનું સ્મરણ તેને ઇષ્ટ નથી. અધ્યવસાય દ્વારા સ્મરણ થાય. અનંત સિદ્ધોએ સમ્યક્ત્વ પામ્યા પછી મોક્ષે ગયા ત્યાં સુધીમાં કેટલાયે જીવોને કેટલી પ્રેરણા આપી હશે ? વગર ભાવે દર્શન કરવા જનારને પણ દર્શન કરતાં ભાવ ઉત્પન્ન

થઈ જાય છે. આ મહિમા જ્ઞાનીઓની દૃષ્ટિમાં આવી ગયો છે. આપણી બુદ્ધિનો સદુપયોગ કરીએ તો આ ગિરિરાજના મહિમાનો હેતુ સમજી શકાય.

—o—

## વ્યાખ્યાન ૨૨ મું.

(સ્થળ : ખુશાલભવન પાલીતાણા. સં. ૨૦૦૬ મહા વ. ૨ તા. ૪-૨-૫૦)

**वृतो वृन्दारकैर्वर्धमानोऽन्येद्युः सदुद्यतः ।**
**शत्रुंजयं द्विधा शत्रुंजयं पर्वतमागमत् ॥**

પૂર્વજન્મોપાર્જિત તીર્થંકર નામકર્મરૂપ કર્મને ખપાવવારૂપ સત્કાર્યમાં જે ઉદ્યમશીલ હોય. અઘાતી કર્મમાં એક નામકર્મ હોય છે. તેની ૧૦૩ પ્રકૃતિઓ છે. તેમાં સૌથી શ્રેષ્ઠ તીર્થંકર નામકર્મ છે. કહેવાય છે તે નામકર્મ, વસ્તુતઃ આત્માને તે સ્વરૂપે પરિણમાવનાર, તેવા રૂપી શરીરરૂપે અરૂપી આત્માને મૂકનાર જે શક્તિ તે તીર્થંકર નામકર્મ છે. દેહધારી આત્માને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે, દેહ વગરના આત્માને તે હોતા નથી તે પણ આત્માના શુદ્ધ સ્વરૂપને આવરનાર છે. અઘાતી કર્મ પણ શુભ-અશુભ એમ બે પ્રકારે છે. વેદનીય, ગોત્ર, નામ અને આયુષ્ય આ ચાર કર્મ અઘાતી છે. વેદનીયમાં શાતા શુભ, અશાતા અશુભ છે, ગોત્રમાં ઉચ્ચગોત્ર શુભ, નીચગોત્ર અશુભ છે, નામકર્મમાં કેટલીક પ્રકૃતિઓ શુભ

છે કેટલીક પ્રકૃતિઓ અશુભ છે, આયુષ્યમાં દેવ-મનુષ્ય-તિર્યંચનું આયુષ્ય શુભ છે, નારકનું આયુષ્ય અશુભ છે. ગમે તે આપત્તિમાં હોય છતાં તિર્યંચગતિના જીવો મરવાને ઇચ્છતા નથી. તેથી તેનું આયુષ્ય શુભમાં ગણાય છે. શુભ-અશુભ જીવોની દૃષ્ટિએ છે. જીવવા ઇચ્છે, અનુકૂળતાનું વેદન હોવાથી તિર્યંચનું આયુષ્ય શુભમાં ગણાય છે. શરીર દ્વારા આહાર-મૈથુન વગેરે સંજ્ઞા પોષાય છે, તજ્જન્ય સુખ હોય છે, નારકીમાં તથાપ્રકારનું ક્ષેત્રજન્ય દુઃખ, પરમાધામીની વેદના, પરસ્પરકૃત વેદના વગેરે પ્રતિકૂળ હોવાથી, તે નારકીના જીવો જન્મે ત્યારથી મરવા ઇચ્છે છે, બીજા મારવા ઇચ્છે છે, ત્યાં મારવાની સામગ્રી હોય છે, છતાં તે જીવો મરી શકતા નથી તે કર્મની અચિંત્ય શક્તિ છે, પૂર્વે કરેલું પાપનું ફળ ઉદય આવે છે, તે ફળ ભોગવવાની ઇચ્છા પાપ કરનારને બીલકુલ હોતી નથી, તેથી તે મરવા માગે છે, પણ તે મરી શકે પણ નહિં. માટે નારકીનું આયુષ્ય અશુભમાં ગણેલ છે.

ગતિ, જાતિ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ બધા શરીરના ધર્મો છે. ગમે તેવા મહાપુરુષ હોય તો પણ તેનો નાભિની નીચેનો ભાગ અશુભ ગણાય છે. આપણી અપેક્ષાએ તેનો નીચેનો ભાગ ઉત્તમ ગણાય પણ તેમની અપેક્ષાએ તે અશુભ છે. આપણને તો તેના અશુભ અંગની પૂજાથી પણ તેમના તરફની ભક્તિ વધે છે.

પરાઘાત નામકર્મના ઉદયવાળાનો પ્રભાવ હજારો જીવો

ઉપર પડે છે. તે ન હોય તો ઘોંઘાટ વધે અને તે આવે તો ઘોંઘાટ શમી જાય એ આકૃતિનો પ્રભાવ છે, શુભ–આદેય વગેરે બધી શુભ પ્રકૃતિઓમાં સૌથી શ્રેષ્ઠ પ્રકૃતિ તીર્થંકર નામકર્મ છે. દેવો, વિદ્યાધરો વગેરેમાં સૌથી શ્રેષ્ઠ વ્યક્તિઓ તેમની–તીર્થંકરની સેવામાં હાજર રહે છે. કેવળી ત્રણ પ્રકારે હોય છે. તીર્થંકર કેવળી, સામાન્ય કેવલી, અયોગી કેવળી તીર્થંકરદેવ કેવળજ્ઞાન પામ્યા પછી તીર્થંકર કેવલી ગણાય છે.

તીર્થંકરના જન્મ સમયે સાતે ગ્રહો ઉચ્ચસ્થાને હોય છે તેનાથી વધારે ગ્રહો ઉચ્ચસ્થાને કોઇ વખતે આવતા નથી, ભરત–ઐરવત ક્ષેત્રમાં એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણીમાં નિકાચિતપણે તીર્થંકર નામની પુણ્ય–પ્રકૃતિનો ઉદય ૨૪–૨૪ જીવોને જ હોય છે. તીર્થંકર નામ-કર્મ નિકાચિતપણે બાંધવાની શુભ ભાવના આ ક્ષેત્રમાં વધારે જીવોને થઈ શકતી નથી. તે સ્વભાવ છે. તે કર્મ પણ તેમને ખપાવવાનું હોય છે. તે ખપાવે છે પોતાના માટે, જ્યારે તેના દ્વારા જગત્‌ને મહાન લાભ થાય છે. તીર્થંકર નામકર્મ પણ એક જાતનું બંધન છે, પણ તે અન્યના બંધનો તોડાવે છે. તે અનેક જીવોને તારવાનું નિમિત્ત બને છે. દેવો ભક્તિ કરે એ માટે તીર્થંકર થવાની ભાવના એ નિયાણું છે પણ અનેક જીવોના ઉદ્ધારની ભાવનાથી વીશસ્થાનક વગેરેની સાધના છે, તેનો વિપાકોદય કેવળ-જ્ઞાન થયા પછી થાય, તે પહેલાં ઉદય આવે તો સરાગી હોવાથી તે પુણ્ય જીરવી શકાય નહીં. બાલ્યાવસ્થામાં પણ

રાગ હોય છે. ક્ષીણમોહ ગુણસ્થાન પામ્યા સિવાય રાગ ખપે નહિં. સમવસરણની વિભૂતિ, આઠ પ્રાતિહાર્ય વગેરે ઋદ્ધિ આવે તે વીતરાગદશા પ્રાપ્ત થયા સિવાય પાચન ન થઇ શકે. ક્રોધ અને માનના ઉદયથી દ્વેષ પેદા થાય, માયા અને લોભના ઉદયથી રાગ ઉત્પન્ન થાય છે, તે કષાય તેમના કેવળજ્ઞાન થયા પહેલાં પણ નિર્મળ હોય છે, તેમણે પૂર્વે તે કષાયોને ખપાવવા મહેનત કરેલી હોય છે, तप्त-लोहपदन्यासघुरी તે એક જ વાર હોય. તેમ આ સંસાર-વાસમાં વિરાગીપણે રહે છે. હંમેશને માટે ગૃહત્યાગ કરે છે. કેવળજ્ઞાન થયા પછી તીર્થ સ્થાપના કરે છે. અનેક દેવો તેમની ભક્તિ કરે છે. અનેક આત્માઓ સાધુધર્મ અને શ્રાવકધર્મ અંગીકાર કરે. વીરપરમાત્માના આ શાસનમાં આજ સુધીમાં અનેક આત્માઓનો ઉદ્ધાર થયો. સુધર્મા-સ્વામી આદિ અનેક મુક્તિપદને પામ્યા. ભદ્રબાહુસ્વામી વગેરે અનેક શ્રુતકેવલી થયા. તેમણે રચેલાં શાસ્ત્રો ભણીને આપણા પંડિતો જગતના પંડિતોથી ન જીતાય તેવા પ્રખરવાદી થાય છે. એક સૂર્ય જે અંધારું દૂર કરે તે અંધારું દૂર કરવા કેટલા દીવા જોઇએ? કેટલાં રત્નો જોઇએ? નજરે દેખાય છે તેના પ્રકાશથી જ બધાં કાર્યો કરીયે છીએ તેનું બીલ પણ ચૂકવતા નથી, બીજાના બીલ ચૂકવીયે છીએ. જ્યારે આ માગતો નથી. ન માગે પણ ન આપીયે તો વધારે ગુનેગાર છીએ. સૂર્યના પ્રકાશથી કાર્યસિદ્ધિ થાય છે. તેને યાદ કરતાં નથી. તેમ પુણ્યના પ્રકાશથી કાર્યસિદ્ધિ થાય છે, તેને આપણા હૃદયમાં સ્થાન આપતા નથી, તેનું કારણ

અજ્ઞાનપડલ છે. તે પડલ તોડવાની શક્તિ જેમનામાં હોય તે તીર્થંકર છે. દરેક જીવો પોત–પોતાની ભાષામાં સમજી શકે તેવું સામર્થ્ય તીર્થંકરની વાણીમાં હોય છે. તે તીર્થંકર રૂપી સૂર્ય જ્ઞાનરૂપી કિરણ દ્વારા મોહરૂપી અંધકારને ટાળે છે. તેથી જગત્‌નું કાર્ય સિદ્ધ થાય છે. તેનો ઉપકાર અદા કરવા માટે તેમની પૂજા–દર્શન–ભક્તિ આદિ છે. તેમની આજ્ઞાનું પાલન તે માટે છે. આજ્ઞાપાલન કરીએ તો જ ઋણ અદા કર્યું કહેવાય.

સૂર્ય દ્રવ્યકાર્ય સિદ્ધ કરનાર છે. તીર્થંકરરૂપી ભાવ-સૂર્ય કેવળજ્ઞાનરૂપ પ્રકાશથી ભાવકાર્ય સિદ્ધ કરનાર છે. જ્ઞાનરૂપી પ્રકાશ આપે છે, ઉચ્ચ ગતિની પ્રાપ્તિના હેતુરૂપ તીર્થંકર ભગવાનની દેશના છે. તેને કાયમ યાદ રાખવા માટે, તેમના ઉપકારનું ઋણ અદા કરવા માટે તેમની આજ્ઞા સંપૂર્ણપણે હૈયામાં ઉતારીયે તે જ તેમની ભક્તિ છે. ત્યારે જ મનુષ્યપણાની સાર્થકતા છે તે સિવાય મનુષ્યત્વ ન ટકે. ભક્તિના અવશેષો તીર્થયાત્રા વગેરે છે. તીર્થંકરોનાં સત્કાર્ય વિહાર કરવો, દેશના દેવી વગેરે છે. ભક્ત ગ્રહણ કરીને પણ તેઓ અનુગ્રહ કરે છે. દેવેંદ્રોની ભક્તિ લઇને પણ તેઓ અનુગ્રહ કરે છે. વિહારની સાથે અશોકવૃક્ષ, સુરપુષ્પ-વૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દુંદુભિ અને છત્ર એ આઠ પ્રાતિહાર્ય સાથે રહે છે. સમવસરણથી ૧૨ યોજન સુધીમાં રહેલા મુનિઓ દર્શન કરવા ન આવે તો પ્રાયશ્ચિત્તના ભાગી બને છે. તેમની તે તીર્થંકરપણાની ઋદ્ધિને દેખીને પણ અનેક પાપકર્મ નાશ પામે એવું એનામાં સામર્થ્ય છે.

સાધુ વિહાર કરે તેમાં તેમની વિહાર ભૂમિમાં ૨ ગાઉ દૂર શિખરબંધી ચૈત્ય હોય તો તેના દર્શન કરીને આગળ વિહાર કરે તે વિના ન ચાલે. ત્યાં કર્મ ખપાવવા માટે જવાનું છે. શ્રી જિનેશ્વરના ચૈત્ય તથા બિંબ વગેરે જોવાથી આત્મામાં શુભ ભાવ જાગૃત થાય છે.

યાત્રામાં અપૂર્વ ભાવ આવે એવા દિવસો પણ ઓછા આવે છે. ભાવ પરાણે આવતો નથી. અતિ-પુણ્યોદયે આવે છે. તેવા વખતે જ નિર્મળભાવ આવે છે. કવચિત્ વચ્ચે આવતાં મંદિરો જોતાં પણ શુભભાવ આવે છે, માટે નાની કે મોટી દરેક સામગ્રીથી લાભ થઈ શકે છે. જેમ કોલ-સાના વેપારથી કમાણી થતી હોય, તે ધનની કદર કરનારા-કિંમત સમજનારા, તેવા પ્રકારના વેપારને પણ છોડતા નથી. માટીમાંથી પૈસો મળતો હોય તો ખાણ પણ ખોદાવે. તેમ શુભ ભાવ માટે જે સામગ્રી હોય તેનું આલંબન લઈ સેવન કરે. એક જગ્યાએથી બીજી જગ્યાએ વેચતાં અનેકગણો લાભ થતો હોય તે કરીયાણા વગેરે વસ્તુઓ વ્યાપારીઓ જ્યાંથી સસ્તું મળે ત્યાંથી ખરીદી મોંઘું હોય ત્યાં વેચે છે અને સંપત્તિ ભેગી કરે છે. તેમ શુભ ભાવ પણ અન્ય સ્થાનમાં તીર્થસ્થાનમાં જવાથી અનેક ગણો વધે છે. અનેક ભવમાં ઉપાર્જિત કરેલો ક્ષયોપશમભાવ ચરમભવમાં ક્ષાયિક રૂપે પરિણત થાય છે. ધ્યાનસ્થ મુનિઓ પણ ધ્યાન છોડીને પ્રભુનું સમવસરણ જોવા માટે આવે છે. સમવસરણના પુદ્‌ગલોનું દર્શન કરવાથી પોતાના પૌદ્‌ગલિકભાવને ભૂલાવે છે, આત્માને યાદ કરાવે છે ભગવાન વિહાર પણ કર્મ

ખપાવવા માટે કરે છે. તેવી રીતે વીર પરમાત્મા પણ **શ્રી** શત્રુંજયગિરિ ઉપર આવે છે. તે વખતે ઇંદ્રોનાં આસનો કંપાયમાન થાય છે.

જેમ મોટા માણસ–દેશનેતા વગેરે સ્ટેશને આવે ત્યારે અગાઉથી તૈયારીઓ થાય છે, તોરણો બંધાય છે તેમ તીર્થંકરોના પુણ્યપ્રકર્ષથી ઇંદ્રોનાં આસનો કંપે છે, તે સિવાય તેમને ખબર પણ ન પડે. કારણકે તેઓ અવિરતિ છે. આસનને પણ રોમાંચ થાય છે. તે પછી દેવો પ્રમાદ છોડી શત્રુંજય ઉપર આવે છે. ભવનપતિના ૨૦ ઇંદ્રો, વ્યંતરના ૩૨ ઇંદ્રો, સૂર્ય–ચંદ્રનાં ૨ ઇંદ્રો, બાર દેવલોકના ૧૦ ઇંદ્રો મળી ૬૪ ઇંદ્રો પોતપોતાના પરિવાર સાથે ભગવાનથી ભૂષિત શ્રી શત્રુંજયગિરિ પર આવે છે. ગિરિરાજના દર્શનથી દેવો પોતાનુ મસ્તક ધૂણાવે છે. પોતાના દેવલોક કરતાં પણ અદ્ભૂત વસ્તુ ગિરિરાજને જુએ છે, તેથી મસ્તક ધુણાવે છે. આંતરિક પવિત્રતા કરવાની શક્તિ આ ગિરિરાજમાં છે.

આ ગિરિરાજનું માહાત્મ્ય જ્ઞાની પુરુષોએ કહ્યું છે. **पुरुषविश्वासे वचनविश्वासः** આપણા માટે છે. નવા ધર્મ પ્રાપ્ત કરનારને ઇન્દ્રભૂતિ આદિની જેમ **वचनविश्वासे पुरुषविश्वासः** । પ્રથમ પુરુષની પરીક્ષા કરવી. પરીક્ષા થઇ ગયા પછી તેમનાં વચન ઉપર વિશ્વાસ કરવાનો. શિષ્ય બન્યા પછી પરીક્ષામાં ઉતરે તે શિષ્યત્વ ગુમાવે છે. ગુરુનાં વચન ઉપર વિશ્વાસ રાખીયે તો જ શિષ્યત્વ રહે છે

જ્ઞાની પુરુષો જે પદાર્થ કહેવાના છે, તે આ ગિરિ-

રાજનો અગમ્ય મહિમા જ કહેવાના છે, ત્યાં બુદ્ધ નાસી-પાસ થાય છે.

જેમ શાસ્ત્રમાં બુદ્ધિ કામ આપે, પણ પ્રતિમામાં બુદ્ધિ કામ ન કરે, અલ્પ બુદ્ધિવાળા ત્યાં નિષ્ફળ જવાના, ત્યાં મહાન્ બુદ્ધિ જોઇએ. શાસ્ત્રો પરિમિત બોધ કરાવે. જિનમૂર્તિ અપરિમિત જ્ઞાન કરાવે. ઇતિહાસ કરતાં ભૂગોળમાં ચમત્કાર વિશેષ છે. નાનકડા નકશામાં સમગ્ર પૃથ્વીનું જ્ઞાન હોય. તે સમજવા અનેક પુસ્તકો જોઇએ. તેમ મૂર્તિ ભૂગોળરૂપ છે. લોકોત્તર માર્ગમાં પ્રતિમાજીમાં ઘણું શાસ્ત્ર ભરેલું છે. તેનાથી જે જ્ઞાન શકય છે, તે હજારો પુસ્તકોથી પણ મળવું શકય નથી. અધુરા જ્ઞાની પ્રતિમા–પૂજન પ્રાથમિક અવસ્થાના માણસો માટે કહે છે પણ તેની જરૂર માનતા નથી તે અધુરા જ્ઞાની છે. આપણે ત્યાં તો પૂર્વધરો, વિદ્યાચારણ, જંઘાચારણ વગેરે મુનિઓ પણ શાશ્વત–અશાશ્વત ચૈત્યોની યાત્રા માટે લબ્ધિનો ઉપયોગ કરે છે. તે દ્વારા આત્માની ઓળખાણ કરે છે. શાસ્ત્ર દ્વારા જે આત્મજ્ઞાન થાય તેના કરતાં પ્રતિમાજીથી વધારે આત્મ-જ્ઞાન થાય છે. તેની અસર-પડછાયો પડે છે. તેથી જ્ઞાનીનાં વચનો કદાચ બુદ્ધિમાં ન ઉતરે તો પણ માન્ય કરવાના. તે જાણવાનું સંપૂર્ણ સાધન આપણામાં રહેલી સંપૂર્ણ જ્ઞાનજ્યોતિ (કેવળજ્ઞાન) છે. નાનકડી આંખમાં અનેક દૃશ્યો સમાય છે. તેમાં જે શક્તિ છે, પાવર છે, તે ખુટતો નથી. પૂરવો પડતો નથી. તે અપૂર્વ જ્ઞાનજ્યોતિ આપણા આત્મામાં પણ પ્રગટે છે. જ્યારે સંપૂર્ણ જ્ઞાનજ્યોતિવાળાનું તેજ

કેવું હશે ? તે સમજવું જોઇએ. અનુત્તર વિમાનના દેવો પણ તેની ઝંખના કરે છે. મહાન યોગીઓ પણ જેનું ધ્યાન કરે છે તે અરિહંતમય જ્યોતિ છે.

—o—

# શ્રી શત્રુંજય લઘુકલ્પ સાર્થ

**અઇમુત્તયકેવલિણા, કહિઅં સત્તુંજતિત્થમાહપ્પં;**
**નારયરિસિસ્સ પુરઓ, તં નિસુણહ ભાવઓ ભવિઆ. ૧**

અર્થ—અતિમુક્તક કેવલી ભગવંતે શ્રી શત્રુંજય તીર્થનું માહાત્મ્ય નારદઋષિની પાસે કહ્યું છે, તે માહાત્મ્યને હે ભવ્ય જીવો ! ભાવપૂર્વક સાંભળો. ૧

**સે જે પુંડરીઓ, સિદ્ધો મુણિકોડિપંચસંજુત્તો;**
**ચિત્તસ્સ પુણ્ણિમાએ. સો ભણ્ણઇ તેણ પુંડરીઓ. ૨**

અર્થ—ચૈત્ર માસની પૂર્ણિમાને દિવસે શ્રી શત્રુંજય પર શ્રી પુંડરીકસ્વામી (આદીશ્વર પ્રભુના પ્રથમ ગણધર) પાંચ ક્રોડ મુનિઓ સહિત સિદ્ધિપદને પામ્યા, તેથી તે પુંડરીકગિરિ કહેવાય છે. ૨

**નમિ-વિનમિ-રાયાણો, સિદ્ધા કોડિહિં દોહિં સાહૂણં;**
**તહ દાવિડવાલિખિલ્લા, નિવ્વુઆ દસ ય કોડિઓ. ૩**

અર્થ—નમિ અને વિનમિ નામના બે વિદ્યાધર રાજાઓ બે ક્રોડ સાધુઓ સહિત સિદ્ધ થયા, તથા દ્રાવિડ અને વારિખિલ્લ નામના મુનિ દસ ક્રોડ સાધુ સહિત મોક્ષપદ પામ્યા. ૩

**પજ્જુન્ન-સંબ-પમુહા, *અદ્ધુટ્ઠાઓ કુમારકોડીઓ;**
**તહ પંડવા વિ પંચય, સિદ્ધિગયા નારયરિસી ય. ૪**

**અર્થ**—પ્રદ્યુમ્ન અને શાંબકુમાર પ્રમુખ (અદ્ધુટ્ઠા= અર્ધ્યુષ્ટાઃ) સાડાત્રણ ક્રોડ કુમાર તથા પાંચ પાંડવો તેમજ નારદઋષિ (આ તીર્થને વિષે જ) સિદ્ધિપદને પામ્યા.

---

* શ્રી શત્રુંજય લઘુકલ્પના કથન મુજબ પ્રદ્યુમ્ન અને શાંબ ૩ાા ક્રોડ મુનિઓ સાથે મોક્ષે ગયા છે. અધ્ધુટ્ઠનો અર્થ ૩ાા થાય જ્યારે શત્રુંજય મહાકલ્પ (ગાથા ૨૨)માં "૮ાા ક્રોડ સાથે પ્રદ્યુમ્ન અને શાંબકુમાર મોક્ષે ગયા" તેમ કહ્યું છે તે ગાથા આ મુજબ છે.

**पज्जुन्नसंबपमुहा कुमरवरा सड्ढमट्ठकोडिजुआ ।**
**जत्थ सिवं संपत्ता, सो विमलगिरि जयउ तित्थं ॥२२॥**

(**અર્થ**—જ્યાં શાંબ અને પ્રદ્યુમ્ન વગેરે શ્રેષ્ઠકુમારો સાડા આઠ કરોડ મુનિઓ સાથે મોક્ષે ગયા તે વિમલગિરિ તીર્થ જય પામો. ૨૨)

આ પ્રમાણે પં. વીરવિજયજી મ. કૃત નવાણું પ્રકારી પૂજામાં પણ નવમી ઢાળના દુહામાં શાંબ અને પ્રદ્યુમ્નકુમાર સાડા આઠ ક્રોડ સાથે મોક્ષે ગયા તેમ કહ્યું છે. તે આ મુજબ—

"રામ-ભરત ત્રણ કોડિશું, કોડી મુનિ શ્રીસાર,
કોડી સાડી અટ્ઠ શિવ વર્યા, શાંબ પ્રદ્યુમ્નકુમાર." ૧

જ્યારે **શ્રી શત્રુંજય માહાત્મ્ય** સર્ગ ૧૩ (પૃષ્ઠ ૨૪૯) શ્લોક ૭૧૧ થી ૭૧૮ સુધીમાં તે અંગેના વિગતપૂર્ણ શ્લોકો છે, તેમાં સાડા ત્રણ ક્રોડ સાથે શાંબ તથા પ્રદ્યુમ્નકુમાર મોક્ષે ગયાની હકીકત છે, તે શ્લોકો નીચે મુજબ છે.

**થાવચ્ચાસુય સેલગા ય, મુણિણો વિ તહ રામમુણી;**
**ભરહો દસરહપુત્તો, સિદ્ધા વંદામિ સેત્તંજે. ૫**

**અર્થ**—થાવચ્ચાપુત્ર, સેલગમુનિ તથા દશરથના પુત્ર રામચંદ્ર અને ભરત પણ શત્રુંજય તીર્થને વિષે સિદ્ધ થયા. તે સર્વને હું વંદન કરું છું. ૫

**અન્નેવિ ખવિયમોહા, ઉસભાઇવિસાલવંસસંભૂઆ;**
**જે સિદ્ધા સેત્તંજે, તે નમહ મુણી અસંખિજ્જા. ૬**

---

प्रद्युम्नशाम्बप्रमुखाः, कुमारास्तेऽथ नेमिनम् ।
आराधयन्तो विधिवद्, प्रापुरित्यनुशासनम् ॥७११॥
वत्सा गच्छंत सिद्धाद्रिं, कुगतिद्वारमुद्रकम् ।
तत्र वो ध्यानयुक्तानां, मुक्तिलाभो भविष्यति ॥७१२॥
इति स्वामिगिरं श्रुत्वा, ते सार्द्धा हि त्रिकोटयः ।
मुनयस्तं मुदा नत्वा, चेलुः शत्रुंजयं प्रति ॥७१३॥
राजादनीं जिनं चापि, मुक्त्वा दक्षिणतोऽथ ते ।
तस्यैव सप्तमे शृंगे, तस्थू रैवतकान्तिके ॥७१४॥
तत्रासनसमासीना, जिताक्षाः साम्यसंगताः ।
श्वासप्रश्वासयोर्नाशाद्, गिरेरुट्टंकिता इव ॥७१५॥
क्षणादर्हन्मयं ज्योतिर्ध्यात्वाथ लयलाभतः ।
ध्यातृध्येयध्यानभेदं, मुक्त्वा ज्ञानं च लेभिरे ॥७१६॥
अशेषाण्यपि कर्माणि, क्षिप्त्वा ते क्रमयोगतः ।
अव्याबाधपदं प्रापु-र्मुक्तिसंज्ञं महोज्ज्वलम् ॥७१७॥

**અર્થ**—ઋષભાદિકના ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલા બીજા પણ અસંખ્ય મુનિઓ કે જેઓ મોહનો ક્ષય-નાશ કરીને શત્રુંજય તીર્થને વિષે સિદ્ધ થયા, તે સર્વને વંદન કરો. ૭

**પન્નાસ જોયણાઈ, આસી સેત્તુંજવિત્થરો મૂલે;**
**દસ જોયણ સિહરતલે, ઉચ્ચત્તં જોયણા અઠ. ૭**

**અર્થ**—શ્રી શત્રુંજયગિરિ (શ્રી ઋષભદેવસ્વામીના વખતમાં) મૂલમાં પચાસ યોજન વિસ્તારવાળો, શિખર ઉપર દશ યોજન વિસ્તારવાળો અને ઉંચો આઠ યોજન હતો. ૭

**જં લહઇ અન્નતિત્થે, ઉગ્ગેણ તવેણ બંભચેરેણ;**
**તં લહઇ પયત્તેણ, સત્તુંજગિરિમ્મિ નિવસંતે. ૮**

**અર્થ**—અન્ય તીર્થમાં ઉગ્ર તપસ્યા વડે તથા બ્રહ્મચર્ય વડે જે ફલ પ્રાપ્ત થાય છે, તે ફલ શ્રી શત્રુંજયગિરિ પર પ્રયત્નપૂર્વક વસવા માત્રથી જ પ્રાપ્ત થાય છે. ૮

---

**अध्युष्टा कोटिरप्येवं शृंगे सद्भद्रसंज्ञके ।**
**मुक्तिं यत्र पुरापन्नः, तद्गतानां दहेन्मनः ॥७१८ ।**

આ પાઠમાં ૭૧૩ મા શ્લોકમાં **સાડા ત્રણ ક્રોડ મુનિઓ સાથે શાંબ-પ્રદ્યુમ્નકુમાર શત્રુંજય તરફ** ગયા અને ૭૧૮ મા શ્લોકમાં **સાડા ત્રણ ક્રોડ મુનિઓ સાથે સદ્ભદ્ર નામના શિખર ઉપર મોક્ષે ગયા** તેમ જણાવેલ છે. શ્રી શત્રુંજય લઘુ કલ્પ અને શ્રી શત્રુંજય માહાત્મ્યમાં આ રીતે સાડા ત્રણ ક્રોડ સાથે મોક્ષે ગયાની હકીકત છે. આ બંને પ્રાચીન ગ્રંથો છે. અન્ય ગ્રંથોમાંથી પણ પ્રમાણ મેળવવા જરૂરી છે. **કપૂરચંદ ર. વારૈયા**

જં કોડિએ પુણ્ણં, કામિયઆહારભોઇઆ જે ઉ;
તં લહઇ તત્થ પુણ્ણં, એગોવવાસેણ સેત્તુંજે. ૯

અર્થ—એક ક્રોડ મનુષ્યને ઇચ્છિત આહારનું ભોજન આપવાથી જે પુણ્ય થાય છે, તેટલું પુણ્ય એક ઉપવાસે કરીને જ શત્રુંજય તીર્થમાં પ્રાપ્ત થાય છે. ૯

જં કિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
તં સવ્વમેવ દિટ્ઠં, પુંડરીએ વંદિએ સંતે. ૧૦

અર્થ—સ્વર્ગમાં, પાતાલમાં અને મનુષ્ય લોકમાં જે કોઈ નામમાત્રથી પણ તીર્થ છે, તે સર્વે તીર્થોને માત્ર પુંડરીકગિરિને વંદન કરવાથી જ જોયાં સમજવાં. અર્થાત્ શત્રુંજય તીર્થને વંદન કરવાથી સર્વ તીર્થોને વંદન કર્યાનું ફળ પ્રાપ્ત થય છે ૧૦

પડિલાભંતે સંઘં, દિટ્ઠમદિટ્ઠે ય સાહૂ સેત્તુંજે;
કોડિગુણં ચ અદિટ્ઠે, દિટ્ઠે ય અણંતયં હોઇ. ૧૧

અર્થ—શ્રી શત્રુંજયના માર્ગમાં જતાં જે પુરુષ શ્રી શત્રુજયને જોયે અથવા ન જોયે સાધુ સંઘને પડિલાભે તો તેમાં શત્રુંજયને અણદીઠે કોટીગણું ફળ થાય છે અને દીઠે અનંતગણું ફળ થાય છે ૧૧

કેવલનાણુપ્પત્તિ, નિવ્વાણં આસિ જત્થ સાહૂણં;
પુંડરીએ વંદિત્તા, સવ્વે તે વંદિયા તત્થ. ૧૨

અર્થ—જે જે સ્થાને સાધુઓને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઈ છે, અને જ્યાં જ્યાં નિર્વાણ પામ્યા છે, ત્યાં રહેલા તે સર્વ સ્થાન પુંડરીકગિરિને વંદન કરવાથી વાંદ્યાં, એમ સમજવું ૧૨

**અટ્ઠાવય સમ્મેએ પાવા ચંપાઈ ઉજ્જિંતનગે અ;**
**વંદિત્તા પુણ્ણફલં, સયગુણં તંપિ પુંડરીએ. ૧૩**

અર્થ—અષ્ટાપદ, સંમેતશિખર, પાવાપુરી, ચંપાપુરી અને ઉજ્જયંતગિરિ (ગિરનાર) આ સર્વ તીર્થોને વાંદવાથી જે પુણ્ય થાય, તે કરતાં સોગણું પુણ્ય એક પુંડરીકગિરિને વંદન કરવાથી થાય છે. ૧૩

**પૂઆકરણે પુણ્ણં, એગગુણં સયગુણં ચ પડિમાએ;**
**જિણભવણેણ સહસ્સં. ણંતગુણં પાલણે હોઇ. ૧૪**

અર્થ—આ તીર્થરાજને વિષે પૂજા કરવાથી એકગણું પુણ્ય થાય છે, પ્રતિમાનું સ્થાપન કરવાથી સોગણું પુણ્ય થાય છે, જિનભવન કરવાથી હજારગણું પુણ્ય થાય છે. રક્ષણ કરવાથી અનંતગણું પુણ્ય થાય છે. ૧૪

**પડિમં ચેઈહરં વા, સિત્તુંજગિરિસ્સ મત્થએ કુણઇ;**
**ભુ ્ણ ભરહવાસં, વસઇ સગ્ગે નિરુવસગ્ગે. ૧૫**

અર્થ—જે મનુષ્ય શ્રી શત્રુંજયગિરિના શિખર ઉપર જિનેશ્વરની પ્રતિમા બેસારે અથવા ચૈત્ય કરાવે, તે ભરત-ક્ષેત્રને ભોગવીને એટલે ચક્રવર્તી થઇને પછી સ્વર્ગ તથા મોક્ષને વિષે વાસ કરે છે. અર્થાત્ સ્વર્ગ અને મોક્ષનાં સુખ પામે છે. ૧૫

**નવકારપોરિસીએ, પુરિમડ્ઢેગાસણં ચ આયામં;**
**પુંડરીયં ચ સરંતો, ફલકંખી કુણઇ અભત્તટ્ઠ. ૧૬**

**છટ્ઠટ્ઠમદસમદુવાલસાણું, માસદ્ધમાસખમણાણું;**
**તિગરણસુદ્ધો લહઇ, સિત્તુંજં સંભરંતો અ. ૧૭**

**અર્થ**—ઉત્તમ ફળની આકાંક્ષાવાળો જે મનુષ્ય પુંડરીકગિરિનું સ્મરણ કરતો થકો નવકારશી, પોરિસી, પુરિમડ્ઢ, એકાસણું, આયંબીલ અને ઉપવાસ કરે છે, તે ત્રિકરણ શુદ્ધે શ્રી શત્રુંજયનું ધ્યાન કરવાથી અનુક્રમે, છટ્ઠ, અટ્ઠમ, દશમ (ચાર ઉપવાસ) દ્વાદશ (પાંચ ઉપવાસ) અર્ધમાસ (પંદર ઉપવાસ) અને માસખમણનું ફળ પામે છે. ૧૬–૧૭

**છટ્ઠેણં ભત્તેણં. અપાણેણં તુ સત્ત જત્તાઇં;**
**જો કુણઇ સેત્તુંજે, તઇય ભવે લહઇ સો મુક્ખં. ૧૮**

**અર્થ**—જે મનુષ્ય શત્રુંજય તીર્થ ઉપર પાણી રહિત (ચોવિહાર) છટ્ઠ ભક્તે (બે ઉપવાસે) કરીને સાત યાત્રાઓ કરે, તે ત્રીજે ભવે મોક્ષપદને પામે છે. ૧૮

**અજ્જવિ દીસઇ લોએ, ભત્તં ચઇઉણ પુંડરીયનગે;**
**સગ્ગે સુહેણ વચ્ચઇ, સીલવિહૂણો વિ હોઊણં. ૧૯**

**અર્થ**—આજે પણ લોકમાં પ્રસિદ્ધ છે કે શીલરહિત મનુષ્ય પણ આ પુંડરીક ગિરિરાજ પર ભક્તનો (ભોજન–પાણીનો) ત્યાગ કરીને રહેવાથી સુખે સુખે સ્વર્ગમાં જાય છે. ૧૯

**છત્તં ધયં પડાગં, ચામરભિંગારથાલદાણેણં;**
**વિજ્જાહરો અ હવઈ, તહ ચક્કી હોઇ રહદાણા. ૨૦**

**અર્થ**—આ તીર્થ પર છત્ર, ધ્વજા, પતાકા, ચામર, કળશ, અને થાળનું દાન કરવાથી એટલે તેટલી વસ્તુઓ મૂકવાથી મનુષ્ય વિદ્યાધર થાય છે, તથા રથનું દાન કર-વાથી (રથ મૂકવાથી) ચક્રવર્તી થાય છે. ૨૦

**દસ વીસ તીસ ચત્તા, લક્ખ પન્નાસ પુપ્ફદામદાણેણ;**
**લહઇ ચઉત્થછટ્ઠટ્ઠમ-દસમદુવાલસ ફલાઇં. ૨૧**

**અર્થ**—આ તીર્થમાં દશ લાખ, વીશ લાખ, ત્રીશ લાખ, ચાલીશ લાખ અને પચાસ લાખ પુષ્પોની માળાનું દાન કરવાથી મનુષ્ય અનુક્રમે એક, બે, ત્રણ ચાર અને પાંચ ઉપવાસનું ફળ પામે છે. ૨૧

**ધૂવે પક્ખુવવાસો, માસક્ખમણં ચ કપૂરધૂવમ્મિ;**
**કિત્તિય માસક્ખમણં, સાહૂ પડિલાભિએ લહઇ. ૨૨**

**અર્થ**—આ તીર્થમાં કૃષ્ણાગરુ પ્રમુખનો ધૂપ કર-વાથી પંદર ઉપવાસનું, કપૂરનો ધૂપ કરવાથી માસ ઉપવા-સનું અને સાધુને પ્રતિલાભવાથી કેટલાક માસના ઉપવા-સનું ફળ પામે છે. ૨૨

**નવિ તં સુવણ્ણભૂમિ-ભૂસણદાણેણ અન્નતિત્થેસુ;**
**જં પાવઇ પુણ્ણફલં, પૂઆન્હવણેણ સિત્તુંજે. ૨૩**

**અર્થ**—બીજા તીર્થોમાં સુવર્ણ, ભૂમિ, અને ભૂષણનું દાન દેવાથી પણ જે પુણ્યફલ મળી શકતું નથી, તે પુણ્ય-ફળ શ્રી શત્રુંજય તીર્થમાં પૂજા અને ન્હવણ માત્ર કર-વાથી થાય છે. ૨૩

**કંતાર-ચોર-સાવય-સમુદ્દ-દારિદ્દ-રોગ-રિઉ રુદ્દા;**
**મુચ્ચંતિ અવિગ્ઘેણં, જે સેત્તુંજં ધરંતિ મણે. ૨૪**

**અર્થ**—જેઓ શ્રી શત્રુંજય તીર્થનું મનમાં ધ્યાન ધરે છે, તેઓ અરણ્ય, ચોર, સિંહ, સમુદ્ર, દરિદ્રતા, રોગ શત્રુ અને અગ્નિ વગેરે આકરા ભયોથી નિર્વિઘ્ને મૂકાય છે. અર્થાત્ તે તે ભયો તેને હાનિ કરી શકતા નથી. ૨૪

**સારાવલીપયન્નગ-ગાહાઓ સુઅહરેણ ભણિઆઓ;**
**જો પઢઈ ગુણઇ નિસુણઇ, સો લહઈ સિત્તુંજજત્તફલં ૨૫**

**અર્થ**—શ્રુતધરે કહેલી અને સારાવલી પયન્નામાં રહેલી આ ગાથાઓને જે મનુષ્ય ભણે, ગુણે કે સાંભળે તે શ્રી શત્રુંજય તીર્થમાં યાત્રાનું ફલ પામે છે. ૨૫